शिवमस्तु सर्वजगतः


હિંદ માટે
વાર્ષિક લવાજમ રૂા. ૫-૫૦

★

પરદેશ માટે
વાર્ષિક લવાજમ રૂા. ૬-૦૦

★

વર્ષ ૧૫; વીર સં. ૨૪૮૫ ડીસેમ્બર
અંક ૧૦; વિ. સં. ૨૦૧૫ ૧૯૫૮


# કલ્યાણ


સંપાદક
સોમચંદ ડી. શાહ



કલ્યાણ પ્રકાશન મંદિર
પાલીતાણા
[સૌરાષ્ટ્ર]

## વિષય દર્શન


સ્ત્રી અને પુરુષ
હિત–મિત––પથ્યમ્–સત્યમ્. ૬૩૯
સામાયિકવ્રત પં૦ શ્રી ભદ્રંકરવિજયજી મ૦ ૬૪૧
સમાચાર સાર સંકલિત ૬૪૪
સર્વજ્ઞની ઓળખ શ્રી પ્રભુદાસભાઈ પંડિત ૬૪૭
દ્રવ્યાનુયોગની મહત્તા
પં૦ શ્રી ધુરંધરવિજયજી મ૦ ૬૫૫
ચાલો મહાસાગરમાં ઝીલવાને
શ્રી મફતલાલ સંઘવી ૬૬૧
શંકા અને સમાધાન
પૂ૦ આ૦ શ્રી વિજયલબ્ધિસૂરિજી મહારાજ ૬૬૨
ફુલ અને ફોરમ
પં૦ શ્રી પ્રવીણવિજયજી મ૦ ૬૬૭
માનવતા શ્રી વિજય ૬૬૯
અનુભવની એરણ શ્રી કાંતિલાલ શાહ ૬૭૧
અમીઝરણાં
પૂ૦ આ૦ શ્રી વિજયરામચંદ્રસૂરિજી મ૦ ૬૭૪
એક શરમની વાત
શ્રી ઉત્તમચંદ રાયચંદ શાહ ૬૭૬
આત્મા પરમાત્માકા પ્રતિબિંબ હૈ
શ્રી મંગલચંદ્ર એસ. સિંઘી ૬૭૯
યાત્રા પ્રવાસ શ્રી જયંતિ શાહ ૬૮૫
રોશનાઇ શ્રી સુધા ૬૮૯
જ્ઞાનવિજ્ઞાનની તેજછાયા શ્રી કિરણ ૬૯૫


★

## નવા સભ્યોનાં શુભ નામો

રૂ. ૨૫, શ્રી શ્રાવિકા જૈન મહિલા મંડળ ભાભર સાધ્વીશ્રી સૌભાગ્યશ્રીજી મ૦ ની શુભપ્રેરણાથી.

રૂ. ૧૧, શ્રી જૈન શ્વે૦ મૂ૦ પૂ૦ સંઘ નાગપુર પૂ૦ મુનિરાજ શ્રી ગુણસાગરજી મહારાજની શુભપ્રેરણાથી.

રૂ. ૧૧, શ્રી દીપચંદભાઈ મયાચંદ મુંબઈ મુનિરાજ શ્રી હેમેન્દ્રવિજયજી મ૦ ની શુભપ્રેરણાથી.

રૂ. ૧૧, શ્રી કેશવલાલ રવચંદ મુંબઇ

રૂ. ૧૧, શ્રી ચંદુલાલ ઉમેદચંદ શાહ અમદાબાદ શ્રી સૌભાગ્યચંદભાઇ ગીરધરલાલની શુભપ્રેરણાથી.

રૂ. ૧૧, શ્રી હરિભાઇ ધરમચંદ દહેગામ. ઉપરની શુભપ્રેરણાથી.

રૂ. ૧૧, ધનરાજ પુનમચંદ શાહ સુરત મુ૦ શ્રી ગુણાકરવિજયજી મ૦ ની શુભપ્રેરણાથી.

રૂ. ૧૧, શ્રી ચીમનલાલ ઉમાજી એન્ડ સન્સ મુંબઇ–૨

રૂ. ૧૧, શ્રી લખમાજી ખંગારમલ પુના સીટી.

રૂ. ૧૧, શ્રી ચીમનલાલ ટોકરશી શાહ મુંબઇ–૨૨

રૂ. ૧૧, શ્રી રતિલાલ સોમચંદ શાહ વરણામા

રૂ. ૧૧, શ્રી ચીમનલાલ ઝુમચંદ સુરાણી થરા

રૂ. ૧૧, શ્રી મોહનલાલ પ્રેમચંદજી મુંબઇ–૨

રૂ. ૧૧, શ્રી મીઠુભાઈ શીવજી મુંબઈ–૧૩

રૂ. ૧૧, શ્રી સવાઇલાલ જાદવજી પચ્છેગામ

રૂ. ૧૧, શ્રી વાડીલાલ ઓઘડભાઈ રાજસીતાપુર શ્રી ચંપકલાલ ચુનીલાલ શાહની શુભપ્રેરણાથી.

રૂ. ૧૧, શ્રી હિંમતલાલ અમીચંદ સુરેન્દ્રનગર ઉપર મુજબની શુભપ્રેરણાથી.

રૂ. ૧૧, શ્રી હિંમતલાલ પ્રેમચંદ સરસાણ

★

વર્ષ ૧૫; ડીસેમ્બર ૧૯૫૮ અંક ૧૦;

# કલ્યાણ

## સ્ત્રી અને પુરૂષ

736

સ્ત્રીને હલકી, ગુલામ યા પરતંત્ર ગણવામાં આવી છે, અને પુરૂષને શ્રેષ્ઠ, માલીક યા સ્વતંત્ર માનવામાં આવ્યો છે, એ ભારોભાર અસત્ય છે. ઉપજાવી કાઢેલી વાતોનો એ એ પ્રચાર માત્ર છે. પ્રજાના શ્રેષ્ઠ વ્યવસ્થાપકોને ઉતારી પાડવા, અને 'તેમણે ગોઠવેલી જીવન વ્યવસ્થાને ખામીવાળી, કુરૂઢિમય, અવ્યવસ્થિત, સિધ્ધાંતહીન અને પક્ષપાતવાળી જણાવી, તેને તોડવા માટે તેના જ અનુયાયિઓનો સાથ લેવા માટેની એક પ્રકારની એ યુક્તિ-યુક્ત યોજના માત્ર. છે, બાકી તેમાં વાસ્તવિકતા જેવું કંઇ જ નથી.

માનવ તરીકે સ્ત્રી અને પુરૂષ ઉભયને શ્રેષ્ઠ ગણવામાં આવ્યા છે. ઉભયમાંથી કોઇને ઉતારી પાડવાની દૃષ્ટિ રાખવામાં આવી નથી. ઉભયના શરીર-મન વગેરેની કુદરતી રચનાની ભિન્નતાને ધ્યાનમાં લઈને, તદ્યોગ્ય કાર્યોમાં તેને તેને મુખ્ય રાખીને તે તે પ્રકારની જીવનની ઘટતી જવાબદારીઓ અને જોખમદારીઓ ઉભયને સોંપવામાં આવેલી છે. સુવ્યવસ્થા સાથે સંગત જીવનની બહારની જવાબદારીઓ મુખ્યપણે પુરૂષ ઉપર મુકવામાં આવી છે, અને અંદરની જવાબદારી મુખ્યપણે સ્ત્રી ઉપર મુકવામાં આવી છે. જો સ્ત્રીને હલકી અને પરતંત્ર ગણવામાં આવી હોત, તો આવું જવાબદારી અને જોખમદારીવાળું સ્વતંત્ર કાર્યક્ષેત્ર સ્ત્રીને સોંપવામાં જ આવ્યું ન હોત. પત્નીનું સ્થાન ભારતના ગૃહસંસારમાં સામાન્ય નથી.

પુરુષ જેમ પોતાના કાર્યક્ષેત્રમાં ઉચિત રીતે સ્વતંત્ર છે, તેમ સ્ત્રી પણ પોતાના કાર્યક્ષેત્રમાં ઉચિત રીતે સ્વતંત્ર છે. પોતપોતાના ઉચિત આધ્યાત્મિક વિકાસ માટે પણ બન્નેય ઉચિત રીતે સ્વતંત્ર છે. બ્રહ્મચર્યના આદર્શ સુધી પહોંચી ન શકનારાં. સ્ત્રી-પુરુષ લગ્નવ્યવસ્થા પૂરતા બંધાયેલા છે. બાકી સ્વતંત્ર છે.

વળી સ્ત્રી ઉપર જેમ સ્ત્રી તરીકેના સ્વતંત્ર કર્તવ્યોનો ભાર છે, તે જ પ્રમાણે જ્ઞાતિ, જાતિ, સામાજિક સંસ્થા તથા સમગ્ર પ્રજાની સંસ્થા પ્રત્યે પણ યથાશક્ય ફરજ બજાવવાનો બોજો સ્ત્રી ઉપર કંઈક અંશે મુકવામાં આવ્યો છે. પ્રજાના સમગ્ર હિત માટે પુરૂષોએ જે ભોગ આપવો પડે, તેમાંથી સ્ત્રીઓ તદ્દન છટકી ન જ શકે. અર્થાત્ સ્ત્રીને બહારના કાર્યો માટે પણ કંઈક અંશે યોગ્ય ગણવામાં આવી છે. અલબત્ પુરૂષની કુદરતી

રચના બહારની જવાબદારીઓ ઉપાડવા માટેની કાંઇક વિશેષ ક્ષમતાવાળી હોવાથી તે બાબતમાં તેનું પહેલું સ્થાન નક્કી કરવું પડયું છે. આટલો જ માત્ર ભેદ છે અને તે જાળવવામાં આવ્યો છે. 5655

પુરુષનું સ્થાન બહારના ક્ષેત્રમાં જેમ પહેલું નક્કી કરવામાં આવ્યું છે, તેમ સાથે સાથે તેને માટે મર્યાદા ભંગ કરે તો-આકરી સજાની ગોઠવણ કરવામાં આવી છે. મર્યાદાઓનું રક્ષણ કરવાની વધુ જવાબદારી પુરૂષ ઉપર હોવાથી તેને વિશિષ્ટ પ્રકારની સજા કરવાની જોગવાઈ છે. સ્ત્રીના ગમે તેટલા અપરાધો છતાં તેને દેહાતદંડની સજાની જોગવાઇ નથી. અને તેને જે કંઈ સજા કરવામાં આવે છે તે પુરૂષોને કરવામાં આવતી સજાના પ્રમાણમાં હળવી હોય છે.

એટલે પરિસ્થિતિ વિશેષમાં પહેલો નંબર અને બીજો નંબર ઠરાવવાથી 'એકનો તિરસ્કાર અને એકનો સત્કાર કરવામાં આવ્યો છે' એ માનવામાં બુધ્ધિનો જ દોષ છે. 'સુવ્યવસ્થાના સ્થાપકો પુરૂષો હોવાથી તેમણે પુરૂષો પ્રત્યે પક્ષપાત કર્યો છે, અને સ્ત્રીઓને ઉતારી પાડી છે.' એવી વાતો અર્થશુન્ય અને ભ્રમણા ફેલાવનારી છે. સજ્જનોએ આવી બેહુદી વાતોને કાને ધરવા યોગ્ય પણ નથી.

આજે સ્ત્રીઓને સ્ત્રી સ્વાતંત્ર્ય અને આર્થિક સ્વતંત્રતાના રૂડા નામ નીચે શું મળવાનું-આપવાનું છે? પરંપરાગત સ્વાધીન ધંધારહિત થયેલા મોટા ભાગના પુરૂષો કારખાનાં કે તેની સાથે સંબંધ ધરાવતા યાંત્રિક યુગના બીજા ધંધામાં મજુરી કે નોકરી કરે છે. એટલે કે પુરૂષો વર્તમાન અર્થતંત્રના ગુલામ પ્રથમ બન્યા છે. પરંપરાગત રીતે જીવન જીવતી સ્ત્રીઓને પણ હવે કારખાનાઓ વિગેરેમાં આર્થિક લાલચોથી ખેંચી લાવી સસ્તા પગારવાળા મજુરો કે કારકુનો બનાવી, વર્તમાન અર્થતંત્રના ગુલામ બનાવવાની છે. આર્થિક સ્વતંત્રતાના અંચળા હેઠળ સ્ત્રીઓને આ સિવાય બીજું શું મળવાનું છે?

'પતિ કમાય અને સ્ત્રી તેનો ઉપભોગ કરે, તેથી સ્ત્રીને પતિના તાબેદાર રહેવું પડે છે. પરંતુ સ્ત્રી સ્વતંત્ર રીતે પોતાની આજીવિકા પ્રાપ્ત કરે તો તાબેદારીમાંથી છુટકારો મળી શકે.' આ ભ્રમ માત્ર છે. આજીવિકા પ્રાપ્ત કરવા બહાર નીકળનાર સ્ત્રીને પતિની તાબેદારી છોડીને મુકાદમ, મેનેજર, માલીકની આજ્ઞા ઉઠાવવી પડે છે. એ તાબેદારી નહી? માત્ર માનસિક સંસ્કારને આધારે પતિની તાબેદારીને તાબેદારી ગણાવાય છે. જે આજે ખુંચે છે, અને ઉપરીની તાબેદારી શિસ્ત કહેવાય છે, તેથી ખુંચતી નથી-જેમ પ્રાચીન કાળમાં પતિની આજ્ઞા શિસ્ત ગણાતી હોવાથી ખુંચતી નહોતી. આ તો મનના પલટાયેલા સંસ્કારો પૂરતો જ ફરક છે. વાસ્તવિક રીતે તાબેદારીનું તત્ત્વ નષ્ટ થતું જ નથી.

બન્નેની આવક જુદી જુદી આવે અને બન્નેય તે જુદી જુદી ખર્ચે. પરંતુ તેમાં માનવતા યુક્ત માનવી દાંપત્યભાવનો લોપ સમાયેલો છે. માત્ર પશુની જેમ નર અને માદાના સંબંધ જેવો પશુ-સંબંધ રહે છે.

[ હિત-મિત પથ્યમ્-સત્યમ્ ]

**શાસન પ્રભાવના :** વિરમગામ ખાતે મુનિરાજ શ્રી જયંતવિજયજી મહારાજ આદિનું ચાતુર્માસ થતાં શાસન પ્રભાવના સુંદર થઇ હતી. ચાતુર્માસ પરિવર્તન વોરા સુમતિચંદ્ર દોલતરામને ત્યાં સુંદર રીતે થયું હતું. માંગલિક પ્રવચન કર્યા પછી પેંડાની પ્રભાવના થઇ હતી. ચોમાસી ચૌદશના પ્રતિક્રમણ કરનાર ભાઈઓને શ્રી સુમતિભાઇ તરફથી જમણ આપવામાં આવેલ અને પીત્તળના પ્યાલાની પ્રભાવના થઇ હતી.

**મહોત્સવ ;** અરસીકેરે શ્રી વાસુપૂજ્ય જૈન સેવા મંડળના પ્રયત્નથી કાર્તિક પુનમના પૂજા, રથયાત્રાનો વરઘોડો વગેરે સંઘ તરફથી રાખવામાં આવેલ. જનતાએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

**ચમત્કારી દૃશ્ય ;** લુણી (કચ્છ) બીજા શ્રાવણ શુદિ ૪ ની રાત્રે નવ વાગ્યાના સુમારે જૈન દેરાસરના શિખર ઉપર જાણે અઠ્ઠાઈ મહોત્સવ ઉજવાઇ રહ્યો હોય એવા દૃશ્યો નજરે પડયાં હતાં. જોનારાઓ કહે છે કે–દેવતા જેવા બે જણ પ્રભુ પર ચામર ઢાળતા હતા અને આઠેક જણ નૃત્ય–ગાન વગેરે કરતા હતા અડધો કલાક મહોત્સવ ચાલુ હતો અને ઉગમણી બાજુ દેવતાઓ અદૃશ્ય થયા હતા.

**અમી ઝર્યું :** મોટી ખાખર ગામે જૈન મંદિરમાં તા–૧૮–૯–૫૮ ના રોજ રાત્રે પોણાનવ વાગે શ્રી આદિનાથ પ્રભુના જમણા અંગુઠેથી કેશરી રંગનું વીશ મીનીટ અમી ઝર્યું હતું. જૈન–જૈનેતર સેંકડો ભાઇ–બ્હેનોએ નિહાળ્યું હતું.

**કોંઠ :** (ગાંગડ) પંન્યાસજી જિતવિજયજી મહારાજ આદિએ શાહ શાંતિલાલ માણેકચંદભાઈને ત્યાં ચોમાસું બદલાવ્યું હતું. કા. સુ. ૧૪ ના દિવસે પૌષધ સારા પ્રમાણમાં થયા હતા. જ્ઞાનપંચમીના દિવસની આરાધના સુંદર રીતે થઈ હતી. ગામની બહાર શ્રી સિદ્ધગિરિ મહાતીર્થનો પટ બાંધવામાં આવ્યો હતો. દર્શન કરવા જનારને ત્યાં ભાતું મળે એ જાતની વ્યવસ્થા ૧૧ વર્ષ સુધીની નક્કી થઇ છે. પૂ૦ મહારાજ શ્રી સાથે સકળ સંઘ વાજતે ગાજતે પટના દર્શન કરવા ગયેલ અને પ્રભાવના થઇ હતી, કાર્તિક વદિ ૧ ના રોજ શ્રી નાગરદાસ ખીમચંદ તરફથી પૂજા, આંગી, અને સાંજના નવકારશીનું જમણ થયું હતું.

**વીર નિર્વાણ મહોત્સવ :** માંગરોળ ખાતે મુનિરાજ શ્રી ગુણભદ્રવિજયજી મ૦ તથા મુનિરાજ શ્રી મહોદયવિજયજી મહારાજની નિશ્રામાં વીર નિર્વાણ દિન ઉજવવાની સંઘની ભાવના થતાં શ્રી વંડીના જૈન દહેરાસરના વિશાળ ચોકમાં પાવાપુરીની રચના કરી જલમંદિર બનાવવામાં આવેલ. તેમાં પધરાવવા માટે શ્રી મહાવીર પ્રભુ, શ્રી ગૌતમસ્વામી અને સુધર્માસ્વામીનાં પગલાં નવાં તૈયાર કરાવવામાં આવ્યા હતાં. અભિષેકની વિધિ, વરઘોડો, પધરાવવાની વિધિ વગેરે ક્રિયા સુંદર રીતે થઇ હતી, નવકારશી, પ્રભાવના, ભાવના વગેરે સુંદર થયું હતું.

**ઇનામી સમારંભ :** વાવ જૈન પાઠશાળાની પરીક્ષા મહેસાણા જૈન શ્રેયસ્કર મંડળના અધ્યાપક શ્રી રસીકભાઈએ લીધી હતી. પરિણામ ૯૦ ટકા આવ્યું હતું. કાર્તિક શુદિ ૧૪ ના મુનિરાજ શ્રી કલ્યાણપ્રભવિજયજી મહારાજની અધ્યક્ષતામાં ઇનામી મેળાવડો યોજવામાં આવ્યો હતો.

**ભેટ પુસ્તક :** 'સાગરનાં મોતી' એ નામનું પુસ્તક નવા પચીસ પૈસા મોકલવાથી ભેટ મળશે. શ્રી શ્વે૦ મૂ૦ સંઘ નવરોજી લેન ઘાટકોપર મુંબઇ–૩૯

**જેસર :** મુનિરાજ શ્રી મનમોહનવિજયજી મહારાજ યાવજ્જીવ આયંબિલની તપશ્ચર્યા ચાલુ રાખવાની ભાવનાવાળા છે, તેઓ વિહાર કરી તેમના ગુરુ પંન્યાસજી મનોહરવિજયજી મ૦ ને રાધનપુર ભેગા થશે.

**પ્રતિષ્ઠા અંક :** કોલ્હાપુર ખાતે શાહપુરી જૈન દહેરાસરનો પ્રતિષ્ઠા મહોત્સવ ભવ્ય રીતે ઉજવાયો હતો. તેનો એક ખાસ અંક પ્રગટ થયો છે, અંક ઘણો આકર્ષક અને વિગતોથી ભરપુર છે. તે અંકના સંપાદક શ્રી ભોગીલાલ શાહનું બહુમાન કરવા કાજે શેઠ શ્રી દેવચંદભાઈના પ્રમુખપણા નીચે કાર્તિક શુદિ ૫ ના દિને સમારંભ યોજવામાં આવ્યો હતો.

**૫૦૦ આયંબિલ :** અમદાવાદ ગીરધરનગર વસતા શેઠ શ્રી હીરાલાલ મણીલાલ તથા તેમનાં અ. સૌ. ધર્મપત્ની શ્રી સવિતાબેને એકાંતરે ૫૦૦ આયંબિલનું પારણું કર્યું છે. તે દિવસે પૂજા, આંગી,

વ્યાખ્યાન, પ્રભાવના જમણુ વગેરે સારા પ્રમાણુમાં થયું હતું.

**એક હજાર ઇનામ :** Jainism and Tamil એ પુસ્તક માટે મદ્રાસ સરકારે એના લેખક માયલીસેની વેંકટસ્વામીને એક હજારનું ઈનામ આપ્યું છે.

**જરૂરી સૂચના :** સમાચાર સાર વિભાગ માટે સમાચારો ટુંકા મુદ્દાસર અને એક જ બાજુ કાગળમાં લખાયેલા હશે તેજ લેવામાં આવશે.

**ચાતુર્માસ પરિવર્તન :** મુંબઈ દાદર ખાતે ચાતુર્માસ બિરાજમાન પંન્યાસજી, પ્રિયંકરવિજયજી મહારાજ આદિએ શ્રી નવનીતલાલ અનોપચંદ તથા શ્રી મનુભાઇ અનોપચંદ પારેખના આગ્રહથી પોતાને ત્યાં ચાતુર્માસ બદલ્યું હતું.

**લીંબડી :** મુનિરાજ અમીસાગરજી મહારાજ આદિએ શાહ મણીલાલ ઓતમદાસને ત્યાં વાજતે-ગાજતે ચોમાસું બદલ્યું હતું અને પ્રભાવના થઇ હતી. પટના દર્શન કરવા જનારને શેઠ છોટાલાલ મણીલાલ તરફથી ભાતું અપાયું હતું.

**છાણીના સમાચાર :** પૂ૦ આ૦ શ્રી વિજયભુવનસૂરિજી મહારાજ તથા મુનિરાજ સુદર્શનવિજયજી ગણિવર આદિની નિશ્રામાં કાર્તિક સુદિ ૧૧ દિવસે ઘણા ભાઈ-બ્હેનોએ એક લાખ નવકાર મંત્રનો જાપ કર્યો હતો. તે દિવસે પૂજા, પ્રભાવના, આંગી, વગેરે થયું હતું તે દિવસે એકાસણાં શાહ ધુળાભાઈ શીવલાલ ભાઈ સંઘવી તરફથી કરાવવામાં આવ્યા હતા અને શ્રીફળની પ્રભાવના કરી હતી. પૂ૦ આચાર્ય મહારાજ આદિએ શ્રી કાંતિલાલ પાનાચંદના આગ્રહથી તેમના ઘેર ચાતુર્માસ બદલ્યું હતું. અત્રેથી કાર્તિક વદિ ૫ નો વિહાર કરી અમદાવાદ પહોંચ્યા છે.

**જયંતિ :** પાલીતાણા જૈન બાલાશ્રમમાં કલિકાલ-સર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્ય મહારાજની કાર્તિક શુદિ ૧૫ ના દિને જયંતિ ઉજવવામાં આવી હતી. ડૉ. બાવિસી સાહેબ, શ્રી શામજીભાઇ તથા શ્રી મગનલાલ ડી. શાહે પ્રાસંગિક પ્રવચનો કર્યાં હતાં. પ્રમુખસ્થાને શ્રી ભીકમચંદ ફોજમલ હતા.

**મેળાવડો :** સિદ્ધક્ષેત્ર જૈન બાલાશ્રમે તા. ૨૭-૧૧-૫૮ ના રોજ રાત્રે શ્રી રમેશચંદ્ર દલાલના પ્રમુખસ્થાને એક મેળાવડો યોજ્યો હતો વિદ્યાર્થીઓએ વિવિધ પ્રકારના કાર્યક્રમ રજુ કર્યા હતા.

**મીયાગામ :** મુનિરાજ શ્રી નિત્યાનંદવિજયજી મહારાજની નિશ્રામાં દીવાળીના દેવવંદન પાવાપુરીની રચના સામે કરવામાં આવ્યા હતા અને આરાધના કરનારને પ્લાસ્ટીકનો સેટ પ્રભાવના રૂપે વહેંચવામાં આવ્યો હતો. જ્ઞાનપંચમીની આરાધના સુંદર રીતે થઇ હતી. પૂ૦ મહારાજશ્રીએ શ્રી ઝવેરચંદ નેમચંદને ત્યાં ચાતુર્માસ બદલ્યું હતું. પટના દર્શને જનારને ભાતું અપાયું હતું. મુનિરાજ શ્રી હરિષેણવિજયજીએ નવકાર મંત્રના પાંચમા પદના નવ ઉપવાસ કર્યા હતા. મુનિરાજશ્રી નિત્યાનંદવિજયજી મહારાજને ૫૮ મી ઓળી અને સાધ્વી શ્રી વિદ્યુતલતાશ્રીજીને ૩૮ મી ઓળી ચાલે છે.


**ગણિપદવી :** પૂ૦ આ૦ શ્રી વિજયશાંતિચંદ્રસૂરીશ્વરજી મહારાજના વરદહસ્તે ધામધૂમ પૂર્વક કાર્તિક શુદિ ૧૧ ના દિને મુનિરાજ કંચનવિજયજી મ૦ તથા મુનિરાજ સોહનવિજયજી મ૦ તથા મુનિરાજ રંજનવિજયજી મ૦ ને ગણિપદવી અપાઈ હતી. પૂજા, પ્રભાવના, આંગી વગેરે સુંદર થયું હતું.

**નખત્રાણા :** સાધ્વી શ્રી પ્રભાશ્રીજી આદિનું ચાતુર્માસ અત્રે થવાથી ધર્મારાધના સુંદર થઇ હતી. દિવાળીના દેવવંદન, જ્ઞાનપંચમીનું આરાધન વગેરે થયું હતું. પટનાં દર્શન કરવા જનારને લાડુ-સેવનું ભાતું અપાયું હતું. શ્રી ખુશાલભાઇ વસ્તાચંદે દરેકમાં સારો ભાગ લીધો હતો.

**સાબરમતિ :** પૂ૦ આ૦ શ્રી વિજયઉમંગસૂરિજી મહારાજ આદિની નિશ્રામાં ચાતુર્માસ દરમીયાન આરાધના સુંદર રીતે થઇ હતી. વ્યાખ્યાન, પ્રભાવના. પૂજા, ઓળીનું આરાધન, દેવવંદન વગેરેમાં સારી સંખ્યામાં દરેકે ભાગ લીધો હતો. શેઠ મગનલાલ મોતીચંદની વિનંતિથી આગમોદ્ધારક જૈન જ્ઞાનશાળામાં ચાતુર્માસ બદલ્યું હતું.

( અનુસંધાન માટે જુઓ પાનું ૬૯૦ )

## ચરમતીર્થપતિ શ્રમણ ભગવાન શ્રી મહાવીરસ્વામીનું ચિત્રમય જીવન આલેખન




૧. ચ્યવન કલ્યાણક અંગે ૧૪ સ્વપ્નો. ૨. શ્રી મેરૂશિખરે ઇન્દ્રાદિકે કરેલો જન્મ—સ્નાત્ર મહોત્સવ ૩. ક્ષત્રિયકુંડગ્રામે ભગવાનનું દીક્ષા કલ્યાણક. ૪. ઘોર ઉપસર્ગો. ૫. ઋજુવાલિકા સરિતા તીરે કેવળજ્ઞાન ૬. શ્રી શ્રેણીક મહારાજા સમવસરણમાં દેશના સાંભળવા જાય છે.

# સર્વજ્ઞની ઓળખ

પંડિત શ્રી પ્રભુદાસ બહેચરદાસ-કલકત્તા

## ૮- અમારી મોટામાં મોટી મુશ્કેલી.

૧ અમારી મોટામાં મોટી મુશ્કેલી એક એ છે કે- "૧ જૈનદર્શનમાં મોટો ભાગ પ્રતિવાદનો નય સાપેક્ષ હોય છે. તેથી એકજ વિષયમાં જુદા જુદા નયની અપેક્ષાએ જુદી જુદી વાત કરવામાં આવી છે.

૨. આ મુદ્દો સામાન્ય સમજના જૈનોના ખ્યાલમાં નથી હોતો અને હોય છે, તો બહુ જ થોડાના ખ્યાલમાં હોય છે. અને જૈનદર્શનના ઘણાજ ગાઢ પરિચિત અને અભ્યાસી સિવાયના જૈનેતર પ્રખર વિદ્વાનોના ખ્યાલમાં તો હોતો જ નથી.

૩. " તેની સાથે જુદા જુદા નયોથી પરસ્પર વિરૂદ્ધ કહેલી વાત પણ સંગત હોય છે. અને એક નય પોતાનું પ્રતિપાદન જોરથી કરવા બીજા નયનું ખંડન પણ કરે છે, છતાં બીજા નયની વાતને તે તોડતો નથી પણ ગૌણપણે માન્ય રાખે છે. નહિંતર પોતે નય ન રહેતા કુનય બની જાય" આ ત્રણેય વાત સુખલાલજી પંડિત બરાબર જાણે છે. તેથી નય સાપેક્ષ વાતોને પરસ્પરના વિરોધીમાં ગોઠવીને અજાણુ જૈન-જૈનેતરોને સહેલાઇથી ભ્રમણામાં પાડી શકે છે.

૪. આથી કરીને અમારી સૂક્ષ્મ વિચારણા કદાચ સ્હેજ જટીલ બની જાય, તો વાંચકો ધીરજથી સંભાળપૂર્વક તે વાંચશે તો તેઓને અનેરૂં સત્ય માલુમ પડી આવશે.

૫, વાંચકોએ મુખ્ય એજ મુદ્દો ખ્યાલમાં રાખવાનો છે કે જૈનદર્શન મૂળમાં અસર્વજ્ઞવાદી છે? કે નહિં? તેજ વિચાવાનું છે. "જૈનદર્શનમાન્ય સર્વજ્ઞતા વ્યાજબી છે? કે નહિ? તે અહીં વિચારવાનું નથી. આ વાત વાંચકોએ ખાસ ખ્યાલમાં રાખવાની છે.

છતાં નયમિશ્રિત સૂક્ષ્મ અર્થો કોઈ સ્થળે ન સમજાય, તો તથાપ્રકારના અધિકારી જ્ઞાતાની સહાયથી તે ભાગ વાંચવાથી બરાબર સમજાશે.

## ૯ જૈનદર્શનને અસર્વજ્ઞવાદી-સ્થાપવામાં મુખ્ય આધારો.

૧ લેખનું નામ-**સર્વજ્ઞ** અને તેનો **અર્થ** રાખવામાં ખૂબી લેખકે એ રાખી છે, કે-જુદા જુદા નયથી ભલે ગમે તેટલા અર્થો બતાવવામાં આવ્યા હોય પરંતુ "મુખ્ય અર્થ અસર્વજ્ઞપણું સાબિત કરે જ છે." એવો ગર્ભિત સંકેત **અર્થ** શબ્દને એકવચનમાં મૂકવામાં રાખેલ છે. જુદા જુદા નયોની અપેક્ષાએ કરવામાં આવેલો અર્થો લેખકના જાણવામાં છે. જૈનાચાર્યોની આ પ્રસિદ્ધ શૈલી પણ તેના જાણવામાં છે. છતાં તે ઘણા અર્થોની સામે ઉપેક્ષા રાખીને માત્ર સ્વેચ્છિત એક જ મુખ્ય **અર્થ** તરફ વાંચકોનું લક્ષ્ય કેન્દ્રિત કરવાની ઇચ્છાથી **અર્થ** શબ્દને સહેતુક એકવચનમાં મૂકવામાં આવેલ છે. એટલે નયસાપેક્ષ અનેક અર્થો સ્વીકારવાની લેખક ના સૂચિત કરે છે. અહિંથી જ મિથ્યાભિયોગની શરૂઆત થાય છે.

૨ જૈનદર્શનને સર્વજ્ઞ શબ્દનો મુખ્ય અર્થ અસર્વજ્ઞાન છે. તેને માટે લેખકે પ્રસ્તુત લેખમાંજ ઘણે સ્થળે લખેલું છે, તો પણ મુખ્ય ઉલ્લેખ નીચે પ્રમાણે છે.

" इस लीए मेरी रायमें जैन परंपरामें सर्वज्ञत्वका असली अर्थ आध्यात्मिक साधनामें उपयोगी सब तत्त्वोंका ज्ञान वही होना चाहिये, नहीं के-त्रैकालिक समग्र भावोंका साक्षात्कार (पृष्ठ ५५७)

२, इस लिए मेरी रायमें जैन परम्परामें माने जाने वाले सर्वज्ञत्वका असली अर्थ वही होना चाहीए न की पिछला तर्क से सिद्ध किया जाने वाला एक समयमें सर्व भावोंका साक्षात्कार रूप अर्थ. (पृष्ठ ५५७)

३, "तो इसमें संदेह ही नहीं रहता कि जै परंपराका सर्वज्ञत्वसंबन्धि दृष्टिकोण मूलमें

केवल इतना ही था कि द्रव्य और पर्याय उभय का समान भावसे जानना ही ज्ञानकी पूर्णता है। ” (पृष्ठ ५५८)

४ इस लिए सभी गुणवान् सर्वज्ञ है-इस उदार और निर्व्याज असांप्रदायिक कथन का श्रेयः जैन परम्परामें आचार्य हरिभद्र के सिवाय दुसरे की कीसी नाम पर नहिं जाती.” (पृष्ठ ५६०)

५. उसी भूमिका के साथ महावीरके सर्वज्ञत्वका तुलना करने पर भी फलित यह ही होता है की-अत्युक्ति या अल्पोक्ति नहिं करने वाले संत प्रकृति के महावीर द्रव्य पर्याय वादकी पुरानी निर्ग्रन्थ परंपरा के ज्ञानको ही सर्वत्वरूप मानते होगे. ।

આ પોતાની માન્યતાના સમર્થનમાં ૧ દિગંબરાચાર્ય શ્રી કુન્દકુન્દ સ્વામીનો નિયમસાર ગ્રંથ, શ્રી આચારાંગ સૂત્રના શીતોષણીય અધ્યયન ૩-૪ ઉદ્દેશો. ૩ શ્રી ભગવતી સૂત્ર ૯ મા શતકના ૬ ઠા ઉદ્દેશનું એક સૂત્ર જ અને હરિભદ્રસૂરિના યોગદૃષ્ટિ સમુચ્ચય ગ્રંથમાં કપિલ અને સુગતાદિકને માટે તેમણે વાપરેલા સર્વજ્ઞ શબ્દ, પં. ઉપાધ્યાયજી મહારાજ શ્રી યશોવિજયજીએ કરેલું શ્રી હરિભદ્રસૂરીશ્વરજીનું પોતાની દ્વાત્રિંશદ્દ્વાત્રિંશિકામાં અનુસરણ જૈન શાસ્ત્રકારો અને શાસ્ત્રોના મળીને આ પાંચ પ્રમાણો પોતે માનેલા જૈનધર્મને માન્ય સર્વજ્ઞત્વના સમર્થનમાં મૂકવામાં આવેલ છે.

આ શિવાયના એટલા બધા પ્રમાણો મૂળ આગમોમાં તથા પ્રમાણભૂતગ્રંથોમાં છે, કે જે પોતાની માન્યતાથી વિરુદ્ધમાં જતા હોવાનું લેખક કબૂલ કરે છે, જેની સંખ્યા સેંકડોમાં થવા જાય તેમ છે.

પ્રાચીનમાં પ્રાચીન તેમણે માનેલા શ્રી આચારાંગ મૂળસૂત્રમાં પણ તેમની માન્યતાથી વિરૂધ્ધ ઉલ્લેખો હોવાનું લેખક કબુલ કરે છે.

અને એક લેખમાં તેમણે એવો આક્ષેપ કરેલો છે કે “ભગવાન મહાવીર સ્વામીએ પોતાને સર્વજ્ઞ કહેવાથી જૈન દર્શનમાંની દરેક માન્યતાઓ જેવી અને તેવી આજ સુધી માન્ય રહેલી આવી છે. તેમાં કાંઇપણ મૌલિક વિકાસ પરિવર્તન થયેલું નથી.” (અધ્યાત્મ વિચારણા પૃષ્ઠ ૯૦-૯૧) વિગેરે ભાવાર્થમાં લખ્યું છે. એમ કરીને ખુદ ભગવાન મહાવીર સ્વામીએ પોતાને સર્વજ્ઞ કહ્યા હોવાના પ્રમાણો મૂળ પ્રાચીન આગમોમાં હોવાનું લેખક કબુલ કરે છે. પરંતુ અહીં તે ચર્ચાનો વિષય નથી. છતાં વાંચકોની જાણ માટે એવા પાઠો પરિશિષ્ઠોમાં પાછળ જોઇશું.

ઉપરના પાંચ મુદ્દા ઉપર વિચાર કરવાનું અહીં જરૂરી છે, શિવાય ઐતિહાસિકતાને નામે વૈદિક અને બૌદ્ધ ગ્રંથના પ્રમાણો અને તેની ચર્ચા અપ્રસ્તુત છે. કારણકે-કોઇપણ બાબતમાં ગમે તેમ કરીને ઐતિહાસિકતાને નામે જૈન, વૈદિક, બૌદ્ધ શાસ્ત્રના પ્રમાણો મારી મચડીને ગમે તે લેખમાં ખેંચી લાવવાની આદતમાત્ર જ છે અને તે એમ બતાવવાને કે “ભારતના ત્રણેય પ્રાચીન મૂળભૂત ધર્મોના શાસ્ત્રોનું દરેક વિષયમાં મારૂં પરિશીલન છે,” અને એ વાત ખરી છે કે આજના કોઈપણ ભારતીય વિદ્વાન કરતા તેમનું પરિશીલન જરૂર છે. પરંતુ સાથે સાથે જ્યાં ત્યાં એ ત્રણેયના ગમે તેમ મારી મચડીને પ્રમાણો આપવાથી એક પ્રકારની વિદ્વાનોના સંપ્રદાયમાં અરાજકતા પ્રવેશ પામી રહેલ છે. કારણ કે કેટલીક વખત તો એવી ખોટી રીતે ઉલટા સુલટા શાસ્ત્રપ્રમાણો ગોઠવવામાં આવે છે કે તદ્દન ખોટા વિધાનો કરવામાં આવતા હોય છે. પરંતુ ત્રણેયની જાણકાર ભાગ્યેજ વ્યક્તિઓ હોવાથી બધું અગડં બગડં ચાલ્યું જાય છે. દા. ત. પ્રસ્તુત લેખમાં પૃષ્ઠ ૫૫૮ પર ચૂલમાલુંકય સૂત્રનું એક વાક્ય ટાંક્યું છે. “बुद्ध जब मालुंक्य पुत्र नामक अपने शिष्यसे कहते है कि मैं चार आर्य सत्यों के ज्ञानका दावा करता हूं और दूसरे अगम्य एवं काल्पनिक तत्त्वों के ज्ञानका नही.”

એમ કહીને માલુકય પુત્રના કેટલાક પ્રશ્નોને અવ્યાકૃત જણાવ્યા. એ ઉપરથી “બુદ્ધ પોતાને

સર્વજ્ઞ નહોતા કહેવડાવતા" એ જાતનું અનુમાન ફલિત કરવામાં આવ્યું છે અને વાસ્તવિક રીતે બુદ્ધ સર્વજ્ઞ નહોતા એ વાત પણ સાચી છે.

પરંતુ બીજા ઉલ્લેખો ઉપરથી બુદ્ધ પોતાને સર્વજ્ઞ કહેવરાવતા હોવાના પ્રમાણો બૌધ શાસ્ત્રમાં છે. આજીવક મતના ઉપગને જે જવાબ આપ્યો છે, તે આ રહ્યો.

> सब्बाभिभू सब्बविदोहमस्मि
> सब्वेसु धम्मेसु अनुप्पलिप्पो ।
> सब्वं जयो तन्हक्खयो विमुत्तो
> सयं अभिञ्ञाय कमुद्दिसेप्प ॥

હે ઉપગ ! સર્વને પરાજિત કરનાર સર્વજ્ઞ હું છું. બધા ધર્મોમાં નિર્લેપ છું. બધાને જીતનાર તૃષ્ણાના ક્ષયથી રહિત મેં સ્વયં બધું જાણ્યું છે કોને મારો ગુરુ બનાવું ? સંભવ છે કે બુદ્ધ પોતાના સમયમાં અદ્વિતીય મહાત્મા હોય અને તેથી શરૂઆતમાં પોતાને સર્વજ્ઞ તરીકે જાહેર કરતા હોય, પરંતુ પછી મહાવીરસ્વામી. સાચા સર્વજ્ઞ પ્રકાશમાં આવ્યા પછી અતીન્દ્રિય પદાર્થોના જવાબ આપવાનું બંધ કરી પોતાને સર્વજ્ઞ તરીકે ન પણ જણાવતા હોય. આવા ઉલ્લેખો પણ છે. તે ઉપરથી મનફાવતા ઉલ્લેખો ઉપાડીને ઐતિહાસિકતાને નામે વાંચકો ઉપર છાપ પાડી ગુંચવી નાખવા શિવાય તેનાં કવચિત્ જ રહસ્ય હોય છે. એટલે એવી બધી બાબતોની આ લેખમાં અમે ઉપેક્ષા કરી છે. કેમકે તેમાં કાંઇ ખાસ તથ્થાંશ નથી હતો.

## ૧૦ સૂક્ષ્મ વિચારણા

### ૧. દિગંબરાચાર્ય શ્રી કુંદકુંદસ્વામી અને તેમનો નિયમસાર ગ્રંથ.

**कुन्दकुन्द आध्यात्मिक और गंभीर विचारक रहे । उनके सामने सर्वज्ञत्वका परंपरागत अर्थ तो था ही । परं जान पडता है उन्हे मात्र परंपरावलंबित भावमें संतोष न हुआ । अत एव प्रवचनसार आदि ग्रन्थो में जहां एक और उन्होने परंपरागत त्रैकालिक सर्वज्ञत्वका लक्षण निरूपण किया वहां नियमसारमें उन्होंने व्यवहार निश्चयका विश्लेषण करके सर्वज्ञत्वका और भी भाव सुझाया । पृष्ठ ५५२.**

વાસ્તવિક રીતે નિયમસારમાં આ બાબત સાથે સંબંધ ધરાવતી ત્રણ ગાથાઓ છે ૧૫૯, ૧૬૫, ૧૬૯, તેમાં ૧૬૫ મી ગાથામાં નિશ્ચય નયની અપેક્ષાએ અર્થ કર્યો છે ૧૬૯માં વ્યવહાર નયની અપેક્ષાએ અર્થ કર્યો છે. અને ૧૫૯ મી ગાથામાં બન્નેય નયોને મેળવીને પ્રમાણગમ્ય અર્થ કર્યો છે. જેથી મૂળ પરંપરાગત અને નિયમસારના અર્થોમાં કાંઇ પણ ફરક પડતો નથી. તેમજ નય સાપેક્ષ હોવાથી પરસ્પર વિરોધ પણ આવતો નથી. તેમજ એક નયના અર્થનું બીજો નય સર્વથા ખંડન પણ કરતો નથી, એ વાત ૧૫૯ મી ગાથાથી સ્પષ્ટ સમજી શકાય તેમ છે.

અમે નીચે એ ત્રણેય ગાથાઓ આપવાનાં છીએ. ૧૫૯ મી ગાથા રચવામાં ન આવી હોય તો કદાચ પ્રાથમિક વાંચનારને—અન્ય નયની વ્યવસ્થા ન સમજનારને કદાચ શંકા પડવાનો સંભવ છે. પરંતુ ૧૫૯મી ગાથા જરાપણ શંકા પડવા દે તેમ નથી.

૩ જયારે પ્રસ્તુત લેખમાં માત્ર નિશ્ચયનયની એક જ ગાથા આવે છે, કે જેમાં વ્યવહારનયમાન્ય લોકાલોકજ્ઞતા સર્વજ્ઞતાની માન્યતાના નિષેધની સૂચના છે.

એવી જ રીતે ૧૬૯ ગાથામાં નિશ્ચયનય માન્ય સર્વજ્ઞત્વના નિષેધની સૂચનાપૂર્વક વ્યવહાર નયથી સર્વજ્ઞત્વની વ્યાખ્યા આપી છે.

અને ૧૫૯મી ગાથામાં બન્નેય નયનો સમન્વય છે. પરંતુ નિશ્ચયનયની વ્યાખ્યાનો નિષેધ કરનારી વ્યવહાર નયની અને બન્નેનો સમન્વય કરનારી ૧૫૯મી ગાથા, લેખકે વાંચકોની આંખમાં ધૂળ નાંખવા ઇરાદાપૂર્વક આપી નથી. જો તે બે ગાથાઓ આપી હોત તો આપોઆપ તેમનું આવિધાન હવામાં જ ઉડી ગયું હોત.

૪, ૧૫૯મી ગાથામાં શ્રી આચારાંગ સૂત્રના

આગળ કહેવાશે તે-સૂત્રનો ધ્વનિ છે.

૫. જો કે ૧૬૯મી ગાથા ન આપવાનો એકજ માર્ગ લેખકે કરી લીધો છે, કે—શ્રી કુંદકુંદસ્વામીએજ સમયસારમાં "વ્યવહારને અભૂતાર્થ કહેલો છે" માટે અભૂતાર્થરૂપ વ્યવહારની ૧૬૯ મી ગાથા આપવાની જરૂર રહેતી નથી. ઠીક. પરંતુ ૧૫૯ મી ગાથા ન આપવાનું શું પ્રયોજન? તેનો સાચો જવાબ લેખક પાસે નથી. છતાં તેનો જવાબ આપવા પોતાની રીતે પ્રયત્ન કર્યો છે. પરંતુ તે કેટલો જુઠો અને હાસ્યાસ્પદ છે? તે આગળ ઉપર વિદ્વાનો જોઇ શકશે.

૬. શ્રી કુંદકુંદાચાર્યે વ્યવહારનેઅભૂતાર્થ (ગૌણ) કહ્યો છે. તે નિશ્ચયનયની અપેક્ષાએ સર્વથા અભૂતાર્થ કહે નહિં, કહી શકે નહિ, કહે તો તે નય ન ગણાય. આ જૈન પરિભાષા છે. એજ પ્રમાણે વ્યવહારની અપેક્ષાએ નિશ્ચય અભૂતાર્થ (ગૌણ) છે અથવા નિશ્ચય નયનો અર્થ પ્રમાણ જ્ઞાન કરી લેવાની અપેક્ષાએ અભૂતાર્થ કહ્યો હોવાનું એક ઠેકાણે (અધ્યાત્મ મતપરીક્ષા) શ્રી ઉપાધ્યાયજી મહારાજે જણાવ્યો છે તો એ અર્થમાં અભૂતાર્થ હોવાથી તે અર્થ **નિયમસારમાં** લાગુ નથી. સમયસાર નિશ્ચયનયનો ગ્રંથ છે. તે અપ્રમત્ત ભાવથી સમ્યગ્ દર્શન આચારાંગ સૂત્રની માફક નિશ્ચય નયથી માનીને એ ગ્રંથની રચના કરે છે. તેથી તેણે વ્યવહારને અભૂતાર્થ કહ્યો, તે વાત નિયમસારની ગાથાઓને લાગુ નથી. લેખકે ઇરાદાપૂર્વક કયાંયની વાત કયાંય જોડી છે.

નિયમસારની ત્રણેય ગાથાઓ અર્થ સાથે નીચે પ્રમાણે છે.

**जाणइ पस्सइ सव्वं ववहारणयेण केवली भयवं**
**केवलनाणी जाणइ, पस्सइ नियमेण अप्पाणं।।१५९।।**

**અર્થ.— વ્યવહાર નયે** કેવળજ્ઞાની ભગવંત સર્વ જાણે છે અને જુએ છે. નિશ્ચય નયે કેવળજ્ઞાની આત્માને જાણે છે ને જુએ છે. ૧૫૯

આ ગાથામાં વ્યવહાર: અને નિશ્ચય: એમ બન્નેય નયોનો સમાવેશ કરીને કેવળજ્ઞાની સર્વજ્ઞનું સ્વરૂપ બતાવવામાં આવ્યું હોવાનું સ્પષ્ટ સમજી શકાય છે. એકેય નયને દૂર કરવામાં આવેલ નથી. બન્નેયને સમતોલપણે સાથે રાખેલ છે.

આ પ્રમાણ- દૃષ્ટિથી સ્વરૂપ બતાવ્યું છે, જે શ્રી **આચારાંગ સૂત્રના जे एगं जाणइ०** ઇત્યાદિ સૂત્ર નિશ્ચય અને વ્યવહાર ઉપર દૃષ્ટિના સમન્વયાત્મક પ્રમાણ વ્યાખ્યા સર્વજ્ઞની છે. તેનો આ ગાથામાં ધ્વનિ કુંદકુંદાચાર્યે ઉતાર્યો છે. કુંદકુંદસ્વામી આચાર્ય મોટા ભાગે શ્રી આચારાંગ સૂત્રના નિશ્ચય-નયના વાકયોને પોતાના ગ્રંથમાં પલ્લવિત કરે છે. સમયસાર વગેરે તેના મજબૂત પ્રમાણો છે.

હવે નીચેની બે ગાથાઓમાં જુદા જુદા નયોના અભિપ્રાયોથી કેવળજ્ઞાનની વ્યાખ્યાઓ છે.

**નિશ્ચય નયથી—**

"अप्प-सरूवं पेच्छइ, लोयालोयं ण केवली भयवं"
**जइ कोइ भणइ एवं, तस्स य किं दूसणं होइ**
॥१६५॥

**અર્થ:**—જો કોઇ એમ કહે, કે—કેવળજ્ઞાની ભગવંત આત્મસ્વરૂપને જાણે, પણ લોકાલોકને ન જાણે, તો તેને શું દૂષણ હોઇ શકે? ૧૬૫

નિશ્ચયવાદિ આ પ્રમાણે પોતાનો અભિપ્રાય વ્યક્ત કરે તેમાં નયજ્ઞાનીને કાંઇપણ વાંધો લેવાનું કારણ નથી રહેતું, કારણ કે— નિશ્ચયનયવાદી વ્યવહાર નયવાદીના અભિપ્રાયને ગૌણમાં રાખે છે. આ નયોની વ્યવસ્થા છે.

દા૦ ત૦ કોઈ જયંતીલાલના બાપા અને છગનલાલના દીકરા રતિલાલને જયંતીલાલના બાપા કહે, તો તેમાં શો વાંધો લઈ શકાય?

એ જ પ્રમાણે કોઇ રતિલાલને છગનલાલનો દીકરો કહે તો તેમાં શો વાંધો લઇ શકાય?

કારણ કે— છગનલાલનો દીકરો રતિલાલ જયંતીલાલનો બાપ છે. એકનો દીકરો બીજાનો બાપ હોય તેમાં વાંધો શો? અને એકનો બાપ બીજાનો દીકરો હોય તેમાં વાંધો શો? એજ પ્રમાણે જયંતિલાલ રતિલાલને પોતાનો બાપ કહે છે, દીકરો નથી જ, એમ કહે છે. ત્યારે તે "છગનલાલનો દીકરો રતિલાલ

નથી એમ નિષેધ કરવા ઇચ્છતો. નથી એ વાત તરફ ઉપેક્ષા કરે છે. નિષેધ કરતો નથી "રતિલાલ પોતાનો દીકરો નથી પણ બાપ જ છે. એમ ચોખવટ કરે છે, "બાપ છે," એમ સ્પષ્ટ ભાર દઈને કહે છે, એ જ પ્રમાણે છગનલાલ રતિલાલને દીકરો જ કહેવા તૈયાર છે, હરગીઝ બાપ કહેવા તૈયાર નથી જ. કેમકે તે સ્પષ્ટ કહે છે, કે તે મારો દીકરો છે, પણ બાપ નથી જ. પરંતુ તે જયંતિલાલનો બાપ નથી એમ નિષેધ કરતો જ નથી, તેનો નિષેધ કરવાનો આશય પણ નથી. જો તેમ કરે તો તદ્દન જુઠો જ પડી જાય. રતિલાલ છગનલાલનો બાપ નથી. એ વાત બરાબર છે. પરંતુ "જયંતિલાલનો બાપ નથી" એમ ઠરાવવાનો છગનલાલને હક્ક જ નથી, અને ઠરાવે તો તે જુઠો પડે છે. અર્થાત્ છગનલાલ જ્યારે રતિલાલને પોતાનો દીકરો કહે છે. એને બાપ હોવાનો નિષેધ કરે છે, ત્યારે જયંતિલાલના પિતા તરીકે ગર્ભિત રીતે છગનલાલ સ્વીકાર કરે છે. આ દાખલા ઉપરથી છગનલાલ એ નિશ્ચય દૃષ્ટિ છે. અને જયંતિલાલ એ વ્યવહાર દૃષ્ટિ છે, એમ સમજીને ચાલીએ. વ્યવહાર નયનું લક્ષ્ય જ્ઞાનની વિશાળતા ઉપર છે. નિશ્ચય નયનું લક્ષ્ય આત્મભાન તરફ છે.

તેથી નિશ્ચય નય સર્વજ્ઞાનનો નિષેધ કરીને આત્મજ્ઞાન ઉપર પોતાની દૃષ્ટિથી ભાર મૂકે તે બરાબર છે.

તેમજ વ્યવહાર નય આત્મજ્ઞાનને ગૌણ માને છે, તે સર્વ પદાર્થોના જ્ઞાનને મુખ્ય માને છે, તેથી પોતાની દૃષ્ટિથી તે સર્વ જાણનારને કેવળજ્ઞાની કહે, પરંતુ આત્મજ્ઞાનીને કેવળજ્ઞાની ન કહે એ પણ તેની દૃષ્ટિથી બરાબર છે.

તેથી નિશ્ચયનય સર્વજ્ઞાનનો ગૌણપણે સ્વીકાર કરે છે, અને વ્યવહાર નય આત્મજ્ઞાનને ગૌણપણે સ્વીકાર કરે જ છે.

પોત-પોતાની મુખ્ય દૃષ્ટિમાં એક, બીજાનો એક, બીજા નિષેધ કરે છે. જયંતિલાલ જેમ રતિલાલ પોતાનો દીકરો હોવાનો સદંતર ઇન્કાર કરે છે, અને છગનલાલ રતિલાલને પોતાનો બાપ હોવાનો સદંતર ઇન્કાર કરે છે, એટલા ઉપરથી જયંતિલાલ એમ નથી કહેતો કે- "રતિલાલ કોઇનોય દીકરો નથી, તેમ જ છગનલાલ એમ નથી કહેતો કે રતિલાલ કોઇનો બાપ જ નથી."

જુઓ. એ જ પ્રમાણે વ્યવહાર નય પોતાની દૃષ્ટિથી શું કહે છે? જેમ નિશ્ચયનયે વ્યવહાર નયની વાતનો મુખ્ય પણે સર્વથા ઇન્કાર કર્યો છે, તે પ્રમાણે જ વ્યવહાર નય પણ મુખ્ય પણે આત્મજ્ઞાનનો સર્વથા ઇન્કાર કરે છેઃ-

**लोयालोयं जाणइ, अप्पाणं णेव केवली भयवं ।**
**जइ कोइ भणइ एवं, तस्स य किं दूसणं होइ । १६९**

**અર્થ**-જો કોઇ એમ કહે કે-કેવળજ્ઞાની ભગવંત લોકાલોકને જાણે, પરંતુ આત્માને ન જ જાણે" તો તેને શો દોષ કહી શકાય? ૧૬૯.

અર્થાત્ તેની વાત પણ અપેક્ષાએ બરાબર છે.

જે શબ્દો નિશ્ચય નયની ગાથામાં છે, તે જ શબ્દો વ્યવહાર નયની ગાથામાં ઉલટી રીતે છે. તો એક ગાથા ગ્રાહ્ય ગણવી અને બીજી ગાથા અગ્રાહ્ય ગણવી તેનાં શું પ્રમાણ છે?

સમયસારમાં વ્યવહારને અભૂતાર્થ કહ્યો છે તે વાત અહીં લાગુ પડી શકતી નથી, તે અમે ઉપર જણાવ્યું જ છે.

કારણ કે સમયસાર નિશ્ચય નયનો ગ્રંથ હોવાથી તેની દૃષ્ટિથી વ્યવહાર નય અભૂતાર્થ હોય તેથી વ્યવહાર નય અભૂતાર્થ સર્વત્ર બની જઇ શકતો નથી. માટે અહીં લાગુ નથી. કેમકે એ જ પ્રમાણે વ્યવહાર પ્રધાન ગ્રંથમાં નિશ્ચયને અભૂતાર્થ કહ્યો હોય તે બરાબર છે. તેથી નિશ્ચય સર્વથા અભૂતાર્થ બની જઈ શકતો નથી.

એટલા માટે બંનેયને સ્પષ્ટ શબ્દોમાં જ્ઞાન આપવા માટે ૧૫૯મી ગાથા સ્પષ્ટ રીતે આપી છે પછી કોઇપણ શંકા રહેતી નથી. અને કુંદકુંદ સ્વામીને માટે **परंपरावलंबित भावोमें संतोष न हुआ, सर्वज्ञत्वका औरमी भाव सुजाया ।।"** આ લખવું કેટલું અનુચિત છે? અને કુંદકુંદસ્વામી ઉપર કેટલો ભયંકર આક્ષેપ છે? પરંતુ વાસ્તવિક રીતે કુંદકુંદ સ્વામી ન તો એકલો નિશ્ચયનય કહે છે.

કે ન તો એકલો વ્યવહાર નય કહે છે. બન્નેયને સાપેક્ષ પણે સ્વીકારે જ છે. જો તે એકાંતે નિશ્ચય વાદી હોય તો તે જૈનાચાર્ય તરીકે જ રહી શકતા નથી, આ વસ્તુ સ્થિતિ જાણવા છતાં માત્ર પોતાનું સ્થાપિત કરવા માટે જ આ રીતે પ્રતિપાદન કરવામાં આવ્યુ. છે. અને તેથી કરીને श्रद्धालु वर्गकी श्रद्धा बनी रहे, और विशेष जिज्ञासु व्यक्ति के लिए एक नई बात भी सुझाई जाय पृ. ५५३''

લેખકની આ વાત ૧૫૯ મી ગાથા તદ્દન ખોટી પાડે છે.

૭ હવે કુંદકુંદ સ્વામીના પ્રતિપાદનમાં પરસ્પર વિરોધ બતાવવામાં પંડિતાઈ કેવી થાપ ખાય છે? તેનો નમુનો નીચે પ્રમાણે જોવા જેવો છે. ''एक ही उपयोगमें एक ही समय जब आत्मा और आत्मेतर वस्तुओका तुल्य प्रतिभास होता हैं तब उसमें यह विभाग नहिं किया जा सकता लोकालोकका भास व्यवहार नय है और सत्य तत्त्वका भास निश्चय नय है, दोनों भास या तो पारमार्थिक है या तो दोनों व्यावहारिक है अेसा ही कहना पडेगा ॥ पृ. ५५२.

પરંતુ વાસ્તવિક સાચી વાત એ છે, કે– કેવળ-જ્ઞાનમાં–સર્વજ્ઞમાં વ્યવહારનય અને નિશ્ચયનય કુંદકુંદ-સ્વામીએ ગોઠવ્યા નથી. જેથી એનો એક સ્થળે પરસ્પર વિરોધ બતાવી શકાય. પંડિત અહિં જ ઘટાવવામાં થાપ ખાઇ ગયા છે. નયો તો જુદા જુદા અભિપ્રાયો ધરાવનાર અસર્વજ્ઞ વ્યક્તિઓના અભિપ્રાયો માત્ર છે

એક શેઠનો નોકર શેઠના કામે દેશ દેશાવર ફરે છે અને અનેકને મળે છે, કહે છે. વેપાર ખેડે છે, લેવડદેવડની મોટી મોટી ઉથલપાથલ કરે છે. પરંતુ તેમા ઘરવાળાની દૃષ્ટિમાં તે તે ઉથલપાથલની કશી મહત્તા નથી ''ગમે તેમ કરીને તે બાર મહિને ઘરમાં શું લાવે છે? ઘરમાં બે હજાર પગારના લાવે છે ને? તેના તરફનું ઘરવાળાનું લક્ષ્ય છે. શેઠના ખ્યાલમાં છે, કે મારો ગુમાસ્તો ભારે હોંશીયાર છે, ભારે વેપારની ઉથલપાથલ કરીને લાખો કમાઇ આપે છે.

ત્યારે તેનો બાપ બોલશે કે તમને લાખો કમાવે કે, કરોડો તેમાં અમારૂં શું વળવાનું? તમે તો બાર મહીને બે હજાર રૂપઇડી જ આપો છો ને?'

આળસુ નોકરથી અસંતુષ્ટ શેઠ આ પ્રમાણે કહે. ''તમારા દીકરાને બાર મહીને બે હજાર રૂપીયા આપું છું તે ઘરમાં બેસી રહે તે ન ચાલે, તેણે વેપાર ખીલવવા મહેનત કરવી જોઇએ. શેઠનું લક્ષ્ય વેપારની ખીલવણી છે, ગુમાસ્તાના બાપનું ધ્યાન ઘરમાં શું આવે છે? તે તરફ છે. આમાં બન્નેના અભિપ્રાયભેદ છે. ત્યારે ગુમાસ્તો ઉથલપાથલ પણ કરે છે અને ઘરમાં તેના પ્રમાણમાં આવક પણ પગારના રૂપમાં મેળવે છે. તેમાં બન્નેય અવિરોધથી રહી શકે છે.

એટલે કે શેઠના અને ગુમાસ્તાના પિતાના પરસ્પર વિરોધી ખ્યાલો ગુમાસ્તામાં ઘટાવવા નકામા છે. ગુમાસ્તામાં બન્નેય છે. તેને બે પોતપોતાની દૃષ્ટિથી સમજે છે અને તે બન્નેય જુદી જુદી વ્યક્તિનાં મનમાં જુદી જુદી છે. તેમાં એ વિભાગ ગુમાસ્તાના મનની સ્થિતિનાં કયાં કરવાના રહે છે? એ જ પ્રમાણે–

''આત્માની લોકાલોક જાણવાની શક્તિ એજ પૂર્ણ આત્મજ્ઞાન છે. તત્ત્વજ્ઞાનનો પી. એચ. ડી. બીજા ઘણા વિષયોનું જ્ઞાન ધરાવે તેમાં તત્ત્વજ્ઞાનમાં શો વિરોધ આવે? જે ૧૫૯ મી ગાથામાં બતાવેલી છે અને અચારાંગ સૂત્રમાં બતાવેલ છે. તેને જુદા જુદા નયથી સમજનારા પોતાના મનમાં જુદી જુદી સમજ ધરાવે છે. એક લોકાલોક જ્ઞાનને મુખ્ય રાખે છે અને બીજો આત્મજ્ઞાનને મુખ્ય રાખે છે. પોત પોતાની સમજમાં મુખ્ય રાખે છે, સર્વજ્ઞ આત્મામાં તો લોકાલોકજ્ઞતા એ જ પૂર્ણ આત્મજ્ઞતા છે. અને પૂર્ણ આત્મજ્ઞતા એ જ લોકાલોકજ્ઞતા છે'' આમાં પરસ્પર વિરોધ કયાં આવે છે?

જયંતિલાલ, છગનલાલ અને રતિલાલનો બાપ દીકરાનો દાખલો પણ ઘટાવવાથી આ સમજાશે. રતિલાલ દીકરો છે અને બાપ પણ છે. તેમાં શી શંકા છે? જે રીતે બાપ છે, તે રીતે દીકરો નથી. અને જે રીતે દીકરો છે, તે રીતે બાપ નથી. એમ

છગનલાલ અને જયંતિલાલના જુદા જુદા અભિપ્રાયો હતાં, છતાં પરસ્પર અથડામણ શી રીતે ઉભી થાય છે?

પરંતુ પંડિત અહિં થાપ ખાઈ ગયા છે યા તો ઈરાદાપૂર્વક વાંચકોની આંખમાં ધૂળ નાંખવા ધારે છે કે જુદા જુદા અભિપ્રાયના વક્તાઓના જુદા જુદા અભિપ્રાયો જુદા જુદા વક્તાના મનમાં છે. તેને પદાર્થમાં પરસ્પર વિરોધિ રીતે ઘટાવવા જાય છે. પરંતુ એમ ઘટાવવું એજ ખોટું છે.

એમાં પરસ્પર વિરોધ ન ઘટાવ્યો હોત તો હજુ કાંઇક મોઘમ રહેત. આ ઘટના ઉપરથી આશ્ચર્ય થાય છે, કે નયોના સંબંધમાં જો આવું તદ્દન ઉપર-ચોટીયું જ્ઞાન હોય, તો 'જૈનશાસ્ત્રો તેને નથી સમજાયા,' એમ ઘણાની ફર્યાદ છે, તે આ ઉપરથી સાચી ઠરે છે.

આ જગતમાં ઘણું સમજવું સહેલું છે, પરંતુ નય-નિક્ષેપની નાહથી જટિલ બનેલા જૈન તત્ત્વો સમજવા કઠિનમાં કઠિન વસ્તુ છે, આ સત્ય હકીકત છે.

૮ લેખક છેલ્લે લખે છે, કે **असलमें कुंदकुंदका यह निश्चयवाद उपनिषदो. बौद्ध पिटको और प्राचीन जैन लेखोमें भी जुदे जुदे रूपसे निहित था. पर सचमुच कुंदकुंदने उसै जैन परिभाषामें नअे रूपसे प्रगट किया ॥ पृ. ५५३ ॥**

નિયમસારની ત્રણ ગાથા જોયા પછી આ લખવું કેટલું અનુચિત છે? તે વાંચકો સ્વયં સમજી શકશે. જો માત્ર નિયમસારમાં નિશ્ચયનયની એક જ ગાથા આવી હોય તો એમ કહેવું કદાચ ચાલી શકત. પરંતુ જ્યારે ખુદ કુંદકુંદસ્વામિએ નિશ્ચયને લગતો અભિપ્રાય ધરાવનારની, વ્યવહારને લગતો અભિપ્રાય ધરાવનારની અને બન્નેયનાં સમન્વયમય શાસ્ત્રીય મૂળ માન્યતાની (૧૫૯) મી ગાથા એમ ત્રણ ગાથાઓ આપ્યા પછી આવું લખવું એ કેવળ ધૃષ્ટતા શિવાય બીજું કાંઈ શું ગણી શકાય?

૯. વળી મૂળ (૧૬૫ અને ૧૬૯) ગાથામાં જ સ્પષ્ટ શબ્દોમાં જ લખે છે કે "જો કોઈ એમ કહે" એમ કહીને ગ્રંથકાર પોતે ખુદ જુદા જુદા અભિપ્રાય ધરાવનારના અભિપ્રાયો ટાંકે છે. પછી **'एकही उपयोगमें एकही समय जब'** ઇત્યાદિ લખવાને અવકાશ જ પ્રાપ્ત થતો નથી.

૧૦ ૧૫૯ મી ગાથામાં-**વ્યવહાર નય અને નિયમેણ** એટલે નિશ્ચય નય એ શબ્દો માત્ર સ્પષ્ટતા માટે મૂકવામાં આવેલા છે. શ્રી આચારાંગ સૂત્રના એ શબ્દો નથી. તેની સ્પષ્ટતા માટે અહીં નિયમસારમાં આવા શબ્દો મૂકયા છે.

૧૧ સારાંશ એ છે, કે કુંદકુંદ આચાર્યે **सर्व द्रव्यपर्यायेषु केवलस्य** ૧ (તત્ત્વાર્થ) અર્થ-'કેવળજ્ઞાનીની શક્તિ સર્વ દ્રવ્ય પર્યાયો વિષયક છે. સર્વ દ્રવ્ય પર્યાયનું જ્ઞાન તે સર્વજ્ઞપણું એ આગમમાન્ય પરંપરાગત મૂળ, કે નય નિક્ષેપ પરંપરા માનવામાં આવે તેનાથી કશા જુદા પડતા નથી. છતાં તેવી વાતનો ઉદ્ભવ કરવો એ કેવળ કલ્પના જાળ જ છે. તથા કુંદકુંદ સ્વામિને પરંપરાગત અર્થમાં કશોય અસંતોષ ન હતો તેમજ શ્રદ્ધાળુઓની શ્રદ્ધા કાયમ રાખવા અને નવો અર્થ સુજાવવો એવો કોઇ ભાવ હોવાનો કોઈ પણ પૂરાવો નથી.

૧૨. આમ એકંદર એ આખીય ચર્ચા જ જળ-મંથન રૂપ ઠરે છે.


## આત્મકલ્યાણ માટે—
## અનોખી યોજના

એકાંત, શાંત અને પવિત્ર વાતાવરણમાં ધર્મારાધના કરવાની સુંદર તક છે.

મુમુક્ષુ આત્માઓ સંયમી જીવન જીવવા સાથે સુંદર રીતે ધર્મારાધના કરી શકે એ આ સંસ્થાનો ઉદ્દેશ છે.

પાલીતાણા તળેટીના પવિત્ર વાતાવરણમાં જીવન સુવાસ પ્રગટાવવા માસિક **ફકત રૂા. ૩૫) માં રહેવા તથા જમવાની** ઉત્તમ સાનુકૂળતા.

—: વિશેષ વિગત માટે મળો યા લખો :—

**શ્રી જૈન શ્વે. મૂ. મુમુક્ષુ શાંતિનિકેતન**

તલાટી, ગિરિવિહાર **પાલીતાણા**

# દ્રવ્યાનુયોગની મહત્તા

○ પૂ૦ પંન્યાસજી ધુરંધરવિજયજી મહારાજ ○

( ઢાળ-૧૫-મી.... ગાથા ૧ થી ૧૩. ઢાળ સંપૂર્ણ )

જગતમાં જીવો બે વિભાગમાં વહેંચાયેલા છે. ૧, જ્ઞાની અને ૨, અજ્ઞાની. જ્ઞાની આત્માઓ અહિ સમ્યગ્જ્ઞાની સમજવાના છે. જેઓમાં સમ્યગ્દર્શન નથી તેમનું જ્ઞાન એ જ્ઞાન નથી પણ અજ્ઞાન છે અને તેથી તેઓ બાહ્યદૃષ્ટિથી ભણેલા-જ્ઞાનવાળા હોવા છતાં ખરેખર અજ્ઞાની છે. ધન હોય છતાં પણ જો તે ઉપયોગમાં ન આવતું હોય, ખાવાપીવામાં પણ ન ખરચાતું હોય તો તે ધનવાળો છતે ધને દરિદ્ર ને ભીખારી ગણાય છે. તેમ જ્ઞાન હોવા છતાં તેનો ઉપયોગ-ફળ-વિરતિ-આત્મશ્રેયઃ ન સધાતું હોય તો તે અજ્ઞાની છે.

જ્ઞાની આત્માઓ પણ બે વિભાગમાં વહેંચાએલા છે. ૧, અપ્રમત્તભાવે ક્રિયારત અને ૨, પ્રમત્તભાવાધીન મંદક્રિય, અજ્ઞાની જીવોમાં પણ કેટલાક અપ્રમત્તભાવે ક્રિયામાં અભિરત હોય છે અને કેટલાક પ્રમત્તભાવવાળા ક્રિયાહીન હોય છે. કેટલાક જ્ઞાનની અલ્પતાવાળા જીવો પણ જો તેઓ જ્ઞાનીને અનુસરતા હોય છે તો તેઓ અજ્ઞાનીઓની કક્ષામાંથી નીકળીને જ્ઞાનીઓની હારમાં આવી જાય છે.

જેઓ જ્ઞાની છે અને અપ્રમત્તભાવે ક્રિયા સાધતા હોય છે તેઓ સિંહની જેમ મહા-પરાક્રમવાળા છે, તેઓના ગુણો અખૂટ છે અનંત છે. ગુણો તેમનામાં રહેવા માટે સ્પર્ધા કરતા હોય છે. એમની પ્રશંસા કર્યા જ કરીએ એવું લાગે.

શ્રી જિનશાસનની બલીહારી છે કે જે શાસનમાં આવા જ્ઞાનવંત મુનિવરો શોભી રહ્યા છે, એ શાસન પ્રાપ્ત થવું એ જીવનનું સાફલ્ય છે, એ શાસનની સેવા કરવી એ જીવનનું અહોભાગ્ય છે.

★

કેટલાકએક પુણ્યવંત આત્માઓ પૂર્વના કોઈ ગાઢ કર્મના ઉદયને કારણે જ્ઞાન પ્રાપ્ત ન કરી શકતા હોય, છતાં તેઓ જ્ઞાની ગુરુ ભગવંતની નિશ્રામાં રહીને આત્મહિત-સાધન કરતાં હોય તેઓને પણ શાસ્ત્રમાં જિન-માર્ગમાં ગણ્યા છે. કેટલીક વખત એવા આત્માઓ 'માસતુસ' મુનિની માફક શીઘ્ર આત્મકલ્યાણ કરી જાય છે. પણ કેટલાક જીવો એવા ભારેકર્મી હોય છે કે-તેઓ સાધુનો વેશ ધારણ કરીને લોકરંજન માટે બહારથી અનેક પ્રકારની ક્રિયાઓ કરે છે, પણ જ્ઞાન-વિચારણામાં જરી પણ હોતા નથી, આત્મચિંતનને અને તેમને મહાવિરોધ હોય છે. એકાંતપણે પોતાની માન્યતા પકડી રાખે છે. કોઈ જ્ઞાની મહાત્મામાં ક્રિયાની કાંઈક અલ્પતા દેખે તો 'તે સાધુ નથી' એ પ્રમાણે બોલવામાં તેઓ સહજ પણ ખંચકાતા નથી. મહા અજ્ઞાનને કારણે પોતાના અવગુણોનું-દોષોનું તેમને ભાન નથી, અને પારકી પંચાતમાથી ઉંચા આવતા નથી. એવા માયા-કપટ ભર્યા જીવો વેશધારી હોય છતાં તેમનું સ્થાન જિનશાસનમાં નથી. તેઓ તો બગલાની જેમ બહારથી શાંત અને ધ્યાનસ્થ દેખાતા હોય છે પણ અંદરથી ભયંકર ઝેર ભર્યા હોય છે, 'આજા-ફસાજા' નો તેમનો મૂળભૂત મુદ્રાલેખ હોય છે તેમની માયા બીજા

ભદ્ર જીવો જાણી શકતા નથી. તેમને તો તેમની સાથે જેઓ રહેતા હોય છે અથવા તેમનો જેઓને અનુભવ થયો હોય છે તેઓજ જાણી શકે છે.

વનવાસ અનુભવતા રામચંદ્ર એક વખત પંપા સરોવરના કિનારાપર વિહાર કરતા હતા ત્યારે તેમણે એક પગે ધ્યાન ધરતા બગલાને જોયો. રામ તેને જોઇ રહ્યા ને પછી લક્ષ્મણના તરફ ધ્યાન ખેંચ્યું ને કહ્યું 'જો લક્ષ્મણ! આ આ બગલો કેવો પરમ ધાર્મિક છે. કોઈ જીવ મરી ન જાય માટે ધીરે ધીરે પગ મૂકે છે.' આ સાંભળીને સરોવરમાં રહેલો એક દેડકો બોલી ઉઠયો કે 'હે રામ! આમ બગલાની શી પ્રશંસા કરો છો? તેનું ચરિત્ર કેવું છે એ આપ શું જાણો! એણે તો મારા કુળનું નિકંદન કાઢી નાખ્યું છે. સહવાસીનું ચરિત્ર સહવાસી જ જાણે છે.'

ઉપરની હકીકત જણાવતા સાહિત્યપ્રસિધ્ધ બે સૂકતો આ પ્રમાણે છે.

" शनैर्मुञ्चति पादान् जीवानामनुकम्पया ।
पश्य लक्ष्मण पम्पायां, बकः परम-धार्मिकः ॥१॥
सहवासी विजानाति, सहजं सहवासिनाम् ।
मन्त्रं प्रच्छयसे राजन्! येनाहं निष्कुलीकृतः ॥२॥

આ સૂક્તો પાઠફેર નીચે પ્રમાણે છે—

पश्य लक्ष्मण पम्पायां, बकः परम-धार्मिकः ।
(धत्ते शनैः शनैः पादान्) विमुञ्चति शनैःपादान्,
प्राणिनामनुकम्पया ॥ १ ॥

बकः किं वर्ण्यते राम! येनाहं निष्कुलीकृत. ।
सहवासी विजानाति, चरितं सहवासिनाम् ॥२॥

આવા બકવૃત્તિવાળા આત્માઓ મતિમંદ-અજ્ઞાની જાણવા. તેઓને નિર્બુધ્ધિ ગણ્યા-'निर्बुद्धिकः पुरुषो ज्ञेयः' એ પ્રમાણે તેઓને માટે શાસ્ત્રમાં ઉલ્લેખ થયો છે.

આવા આત્માઓ પોતાનું શ્રેયઃ સહજ પણ સાધી શકતા નથી. ઘણી ક્રિયા કરવા છતાં તેમનું કલ્યાણ થતું નથી. એવા અજ્ઞાનીઓનો સમૂહ હોય તો તે પણ નકામો છે. ઘણી વખત એવા અજ્ઞાનીઓ પોતાનું એકલા હોવાને કારણે નથી ચાલતું એટલે પોતાની જેવા બીજાઓને ભેળવીને સમુદાય બનાવે છે, અને સમૂહને નામે આગળ ચલાવ્યા કરે છે પણ તેઓ એથી કાંઇ પણ પોતાનું કે પરનું હિત કરી શકતા નથી. જાણુ આત્માઓની આગળ તેમની શોભા પણ કાંઇ નથી હોતી, સો અંધ એકઠા મળે તેથી તેઓ રસ્તો શોધી શકે એવું કદી પણ બન્યું નથી અને બનતું નથી. સો આંધળા એ દેખતા એકને પણ ન અનુસરતા હોય તો તેઓ અથડાયા કરે છે, તેમની કાંઇ પણ શોભા નથી, 'આંધળાનું કટક કૂવામાં' જેવી તેમની સ્થિતિ હોય છે.

એ અજ્ઞાની જીવો પોતાનું કાંઇક સાચું પડી જાય છે એટલા માત્રથી ફુલાઈ જાય છે હઠમાં આવીને 'પોતાનું એ સાચું' એવા આગ્રહ-વશ ખુશ રહે છે. 'મારું એ સાચું–' એ એમનો સિધ્ધાંત હોય પણ 'સાચું એ મારું–' એવી સમજણ તેમને અંશમાત્ર હોતી નથી. પોતાનાથી પરની જ્યાં વાત આવે ત્યારે તે પર એટલે બીજો ગમે તેટલો વિશિષ્ટ હોય તો પણ તેનું ખોટું કરવામાં આ અજ્ઞાની જીવો ક્ષણ માત્ર વિલંબ કરતા નથી. આ બધી પંચાતમાં તેઓને પોતાના ભયંકર ક્રિયાકાંડ અંગેના અવગુણો પણ નજરે આવતા નથી. અને બીજા જ્ઞાનવંત આત્માઓના નાના નજીવા અવગુણ હોય તે પણ મોટા કરીને તેઓ જોવે

છે ને બીજાનું તે તરફ લક્ષ્ય દોરવતા રહે છે.

આવા જીવોને કોઇક વખત કોઇક ગુણિ-યલ, ગુણાનુરાગી આત્મા પ્રસંગ પામીને ન છૂટકે ગુણ કેળવવા માટે સમજ આપે તો તે કથન તે જીવો ઊંધી રીતે પકડી લે છે, અને અન્તરમાં કપટ કેળવીને લાગ આવે સામાને બતાવી આપવાનું વિચાર્યા કરે છે. આમ ગુણ-કથન પણ તે જીવોને માટે અવગુણ રૂપે પરિણમે છે.

આવા જ્ઞાનરહિત જીવો જિનશાસનના પ્રાણ-સમા સત્યભાષણ ક્રિયા વ્યવહારરૂપ ધનને ચોરે છે. એવા શિથિલ આત્માઓનો સંગ પણ કુસંગ છે તેનો ત્યાગ કરવો એ ધર્મ છે. એ સંગથી જીવને અપકાર થાય છે.

શ્રી ગચ્છાચાર પયન્નામાં કહ્યું છે કે—અગીતાર્થ કુશીલના સંગને ત્રિવિધે ત્રિવિધે હું છોડું છું. મોક્ષ માર્ગમાં એ સંગ મને વિઘ્નરૂપ છે. જેમ માર્ગમાં ચોર.—સૂત્રની ગાથા આ પ્રમાણે છે.

अगीयत्थकुसीलेहिं, संगं तिविहेण बोसिरे।
मुक्खमग्गसि मे विग्घं, मग्गम्मि तेनगो जहा.

જ્ઞાનીના વચનથી ઝેર પણ અમૃત બને છે. જ્ઞાનીના કહેવાથી વિષપાન કરનાર પણ તરી જાય છે. અને અજ્ઞાનીના વચને અમૃત ખાનાર પણ મરે છે. એટલે જ્ઞાન મેળવવા અને અને જ્ઞાનીના વચન અનુસરવા પ્રયત્ન કરવો એ માર્ગ છે, જ્ઞાન પક્ષની એ દઢતા છે. પ્રથમ જ્ઞાન અને પછી દયા. એ સૂત્ર વચન છે. पढमं नाणं तओ दया.

આગમમાં જણાવ્યું છે—કે

गीयत्थस्स वयणेणं, विसं हालाहलं पिबे।
अगीयत्थस्स वयणेणं, अमियं पि न घुणए ॥१॥

જ્ઞાની અને અજ્ઞાનીના વચનનો આ ભેદ વાસ્તવિક હોવા છતાં ઘણી વખત ભદ્ર જીવો જ્ઞાનીના વચનને અનુસરતા ખચકાય છે અને અજ્ઞાનીઓના મોહક વચનમાં ફસાઇ પડે છે ને દુઃખી થાય છે.

લે ભાગુ વૈદ્યોની ગમે તેવી દવા કરીને દુઃખી થનારા જીવો જગત્‌માં કયાં નથી!

અનુભવી અને જ્ઞાની વૈદ્યો ઘણી વખત વિષ ખવરાવીને વ્યાધિને દૂર કરે છે. એવું કયાં નથી બનતું!

જ્ઞાનીને આશરે મંદક્રિય આત્માઓ તરી ગયા છે અને અજ્ઞાનીને અનુસરતા તપ-સ્વીઓ પણ રખડી ગયા છે. આમ આ સંસારમાં બને છે.

વ્યવહારમાં કહેવાય છે કે-"જ્ઞાનીના ગમા, જેમ નાખે તેમ સમા" જ્ઞાન એ પ્રબળ છે. જ્ઞાન એ પ્રધાન છે. જ્ઞાન ને ચારિત્રથી હીન પ્રાણીને સંસારસમુદ્ર તરવો સહેલો નથી. દુર્લભ છે. પોતાને તરતા આવડતું ન હોય અને હોડકાનો આશ્રય કરવો ન હોય તેની સમુદ્રમાં જે સ્થિતિ થાય તે સ્થિતિ સંસારમાં જ્ઞાન વગરનો જીવ જ્ઞાનીની નિશ્રા ન સ્વીકારે ત્યારે તેની થાય છે.

સૂક્ષ્મક્રિયાવિધિનું અનુસરણ પ્રમાદાદિથી ન થઇ શકતું હોય છતાં જ્ઞાનયોગથી ઈચ્છા વિશુધ્ધ રહેતી હોય તો તે આત્મા ઈચ્છાયોગે આગળ વધે છે અને સંસારસાગરના પાર પામનાર બને છે.

कर्तुमिच्छोः श्रुतार्थस्य, ज्ञानिनोऽपि प्रमादिन:।
कालादिविकलो योग, इच्छायोगः स उच्यते ॥

લલિત વિસ્તરાદિ ગ્રન્થોનાં ઇચ્છાયોગનું વર્ણન ઉપર પ્રમાણે જણાવ્યું છે.

જ્ઞાનની મુખ્યતા માટે નીચેની એક વિચારણા પણ લક્ષ્યમાં લેવા જેવી છે: શ્રી આવશ્યક સૂત્રમાં કહ્યું છે કે–

'दंसणपक्खो सावय, चरित्तमट्ठे य मंदधम्मे य ।।
दंसणचरित्तपक्खो, समणे परलोगकंखिम्मि ।।१।।

શ્રાવકમાં ચારિત્ર નથી, છતાં તે મંદ ધર્મી છે. ધીરે ધીરે ધર્મમાં આગળ વધનારો છે. તેનું કારણ તે દર્શનનો પક્ષપાતી છે. જ્ઞાનનો ઉપાસક છે પરલોકના સાધક મુનિમાં તો ચારિત્ર અને જ્ઞાન બન્ને મુખ્ય જ છે.

આમ આવશ્યકમાં શ્રાવકને જ્ઞાન પ્રધાન વર્ણવીને ધર્મી જણાવ્યો છે. આવશ્યક સૂત્રમાં પ્રવચન દ્વારમાં આ પ્રરૂપણા છે.

જ્ઞાન એજ પરમ મોક્ષ છે. 'ज्ञानमेव परं मोक्षः' એ વચન પણ જ્ઞાનની પ્રધાનતા વ્યક્ત કરે છે.

આમ જ્ઞાન પૂર્વક આચરણને અનુસરનાર આત્મા આ લોકમાં સુખ–સંપત્તિ–બહુમાનને સુખયશને પામે છે, સર્વ સ્થળે પૂજાય છે.

નીતિશાસ્ત્રમાં પણ કહ્યું છે કે– વિશ્વમાં વિદ્વત્તા અને રાજાની સત્તા એ બન્ને સરખા નથી, કારણ કે સત્તાધીશ રાજા પોતાના દેશમાં જ પૂજાય છે અને વિદ્વાન તો સર્વત્ર–દેશ ને પરદેશ એમ બધે પૂજાય છે.

શ્લોક આ પ્રમાણે છે.

विद्वत्त्वं च नृपत्वं च, नैव तुल्यं कदाचन ।।
स्वदेशे पूज्यते राजा, विद्वान् सर्वत्र पूज्यते ।।

કાયામાં વળી- કરચોલી પડી જાય અને કેશમાં પળી–સફેદ વર્ણ આવે તો પણ અર્થાત્ વૃધ્ધાવસ્થા આવે તો પણ જ્ઞાન મેળવવા માટે ઉદ્યમ કરવો, કારણ કે જ્યાં ધનવાન પહોંચી શકતો નથી, ત્યાં જ્ઞાની પહોંચી જાય છે.

શ્લોક આ પ્રમાણે છે.

बलिपलितकायेऽपि, कर्तव्यः श्रुतसङ्ग्रहः
न तत्र धनिनो यान्ति, यत्र यान्ति बहुश्रुतः ।।

જ્ઞાનનું મહત્ત્વ સમજાવતી એક નીતિકથા સમજવા જેવી છે.

એક નગરમાં બે મિત્રો હતા. તેમાં એક કરોડો સોના મહોરોનો માલિક–ધનવાન્ હતો અને બીજો જ્ઞાની ધીમાન્ હતો. બન્નેની નગરમાં પ્રતિષ્ઠા સારી હતી. રાજા પણ તેમનું માન જાળવતો હતો. એક વખત બન્નેમાં વાદ થયો. એક કહે ધનથી ધાર્યું બધું થઇ શકે છે, બીજો કહે કે કેટલાક કાર્યો ધનથી નથી થતાં એ તો બુદ્ધિથી જ થાય છે. આ વાદ લાંબો ચાલ્યો. રાજાને પણ તેમાં રસ પડયો. રાજાએ વિચાર્યું કે આ બન્નેનો આ વાદ વિખવાદમાં ન પરિણમે માટે કાંઇક કરવું જોઈએ. રાજા પણ સમજુ હતો. તેણે બન્નેને બોલાવીને કહ્યું કે–જાવ હું તમને એક સ્થળે મોકલું છું ત્યાં તમે તમારી શક્તિથી કાર્ય કરજો. જેની શક્તિથી કાર્ય થશે તે શક્તિ મહાન્ મનાશે. ને તમારા વાદનો અંત આવશે. બન્ને કબૂલ થયાં. રાજાએ એ બન્નેને એક રુક્કો લખી આપીને પોતાના તાબાના એક રાજાને ત્યાં મોકલ્યા. તેઓ ત્યાં ગયા ને રાજાને રૂક્કો આપ્યો. રાજાએ તે વાંચ્યો અને તે બંન્નેને કેદખાનામાં પૂરી દીધા. અને કહ્યું કે–અમુક દિવસે તમોને શૂળીએ ચડાવવાના છે. બન્ને કેદખાનામાં રહ્યા. બુધ્ધિવંતે ધનવંતને કહ્યું કે હવે તમે તમારી શક્તિ અજમાવો અને આમાંથી છૂટકારો થાય એવું કરો. ધનવંતે રાજાને કહ્યું કે અમને છૂટા કરો તો તમને લાખ સોનામહોરો આપું.

રાજાએ કહ્યું કે મોટા રાજાના હુકમનું અપમાન કરીને લાખ સોનામહોરને લઈને હું શું કરૂં. ભલે મારૂં આ નાનું રાજ્ય હોય તો પણ તે રાજાની છાયામાં બધું છે. આમ ઘણું કરવા છતાં ધનવંતનું કાંઇપણ ચાલ્યું નહીં. એટલે છેવટે થાકીને તેણે બુદ્ધિવંતને કહ્યું કે ભાઇ! હવે તારી બુદ્ધિ અજમાવ ને છૂટકારો કરાવ. બુદ્ધિમાને રાજાને કહ્યું કે તમને ખબર છે કે–અમે કોણ છીએ? અને અમને રાજાએ અહિં શા માટે મોકલ્યા છે? રાજાએ કહ્યું કે–ના, મને એ કાંઇ ખબર નથી. ત્યારે બુદ્ધિમાને કહ્યું કે–અમે છીએ તો રાજાના પ્રિયપાત્ર, પણ એક વખત રાજાએ એક ભવિષ્યવેત્તાને અમારું ભવિષ્ય પૂછયું. ને તેણે કહ્યું કે–અમારું જ્યાં મરણ થશે તે રાજ્ય ઉજ્જડ થઇ જશે. રાજાને અમારા ઉપર ક્રોધ આવ્યો અને તમારે ત્યાં અમને મોકલી આપ્યા. એટલે અમારે તો ગમે ત્યાં મરવાનું છે, પણ તમારા હીત માટે અમે કહીએ છીએ કે આમ જો અમને અહિં શૂળી પર ચડાવશો તો તમારા રાજ્યનો નાશ થશે. પછી તો આપની જેવી ઈચ્છા.

રાજા ઢીલો પડી ગયો ને ધીમાનને પૂછવા લાગ્યો કે ત્યારે આમાંથી મારે ઉગરવાનો ઉપાય શો!

બુદ્ધિમાને કહ્યું કે–ઉપાય તો સહેલો છે. જો આપ અનુસરો તો કહું. રાજાએ હા પાડી, એટલે તેણે કહ્યું કે– આપ એ આપના મોટા રાજા સાહેબને વિનતિપત્ર લખીને અમને આપો ને તેમાં લખો કે– આપની કૃપાથી અહિં કોઇને ઘણા વર્ષથી શૂળી ચડાવવામાં આવી નથી. એટલે અહિં શૂળી માટે ખર્ચ કરવો પડે તેમ છે. આપના વિશાળ રાજ્યમાં તો એ કાર્ય માટે નવું કાંઈ કરવાનું નહિં. એટલે આ બન્નેને ત્યાં આપની પાસે મોકલ્યા છે. છતાં આપનો હુકમ જ હશે તો અમારે તેને અનુસરવામાં કોઈ વિલંબ નહિં રહે. બુદ્ધિમાનના કહેવા પ્રમાણે રાજાએ લખી આપ્યું ને બન્નેને છુટા કરી પાછા મોકલી આપ્યા.

આમ બુદ્ધિનો પ્રભાવ ધનના પ્રભાવ કરતાં વધી ગયો ને તે બન્નેનો વિવાદ ટળી ગયો. આમ જ્ઞાનની વિશિષ્ટતા દરેક ક્ષેત્રમાં છે. જ્ઞાની પરભવમાં પણ પરમસુખ મેળવે છે– (ચાલુ)

## —: પરદેશના ગ્રાહક બંધુઓને :—

પરદેશમાં વી. પી. થતું નથી તો લવાજમ પુરૂં થયે મનીઓર્ડર, ક્રોસ સિવાયનો પોસ્ટલ ઓર્ડર કે નીચેના કોઈ પણ સ્થળે લવાજમ ભરવા વિનંતિ છે.

| | | |
|---|---|---|
| **શ્રી દામોદર આશકરણ** | પોષ્ટ બોક્ષ નં. ૯૪૮ | **દારેસલામ** |
| **શ્રી તારાચંદ ડી. શાહ** | પોષ્ટ બોક્ષ નં. ૨૦૭૦ | **નૈરોબી** |
| **શ્રી મેઘજી ખીમજી ગુઢકા** | પોષ્ટ બોક્ષ નં. ૧૧૨૮ | **મોમ્બાસા** |
| **શ્રી મેઘજી ખીમજી ગુઢકા** | પોષ્ટ બોક્ષ નં. ૨૧૯ | **કીસુમુ** |
| **શ્રી મેઘજીભાઇ રૂપશી એન્ડ કું.** | પોષ્ટ બોક્ષ નં. ૭ | **ન્યેરી** |
| **શ્રી દેવશીભાઈ જીવરાજ** | પોષ્ટ બોક્ષ નં. ૯૮૭૪ | **નૈરોબી** |
| **શ્રી મૂલચંદ એલ. મહેતા** | પોષ્ટ બોક્ષ નં. ૧૨૭ | **મોગાડીસ્કીઓ** |
| **શ્રી લાધાભાઈ રાયમલ શાહ** | પોષ્ટ બોક્ષ નં. ૪૮ | **મ્બાલે** |

# ★ ચાલો મહાસાગરમાં ઝીલવાને– ★

**શ્રી મફતલાલ સંઘવી**

નમો અરિહંતાણં એટલે સર્વકલ્યાણમય ભાવનું ઉર્ધ્વીકરણ.

નમો સિધ્ધાણું એટલે સર્વકલ્યાણમય ભાવનું સ્થિરીકરણ.

નમો આયરિયાણું એટલે સર્વકલ્યાણમય ભાવનું પ્રસરણ.

નમો ઉવજ્ઝાયાણું એટલે સર્વકલ્યાણમય ભાવનું સિંચન.

નમો લોએ સવ્વસાહૂણું એટલે સર્વકલ્યાણમય ભાવનું શુધ્ધીકરણ.

નમો અરિહંતાણં એટલે તેને જપનારનું સર્વથા (સમ્યક્) રક્ષણ.

નમો સિધ્ધાણું એટલે તેને જપનારને સર્વથા (સમ્યક્) ધ્યાનની સુપ્રાપ્તિ.

નમો આયરિયાણું એટલે તેને જપનારમ આજ્ઞાપાલનની (આચાર ધર્મની) સર્વથા યોગ્યતાનું (સમ્યક્) પ્રગટીકરણ.

નમો ઉવજ્ઝાયાણું એટલે તેને જપનારમાં અધ્યયનને યોગ્ય બનવાની સર્વથા (સમ્યક્) યોગ્યતાનું પ્રગટીકરણ.

નમો લોએ સવ્વસાહૂણું એટલે તેને જપનારમાં સાધનાની યોગ્યતાનું સર્વથા (સમ્યક્) પ્રગટીકરણ.

નમો અરિહંતાણું એટલે મનનું શુદ્ધીકરણ.

નમો સિદ્ધાણું એટલે અંતઃકરણનું શુદ્ધીકરણ.

નમો આયરિયાણું એટલે બુધ્ધિનું શુદ્ધીકરણ.

નમો ઉવજ્ઝાયાણું એટલે અખંડ વિનય.

નમો લોએ સવ્વસાહૂણું એટલે પંચેન્દ્રિયજય.

સફેદ, રક્ત, પીળો, લીલો અને શ્યામ છે રંગ જેમનો તે શ્રી પંચ પરમેષ્ઠિ ભગવંતોના સતત જાપના યોગે અંતઃસૃષ્ટિમાં અપૂર્વ એકવાક્યતા સ્થપાય. અને તે પછી સાધક સ્વપરકલ્યાણની ભાવનાવાળાં ઉત્તમ કાર્યો સરળતાપૂર્વક પાર પાડી શકે.

શ્રી નમસ્કાર મહામંત્રની ચૂલિકાનાં જે પદ છે તે આત્માને તથા કરણોને ઉક્ત મહામંત્ર સાથે તદ્રુપતા સાધી આપવામાં પૂરતું બળ પૂરૂં પાડે છે તેમજ તત્ત્વનું સર્વ સમાધાન પૂરૂં પાડે છે.

અણમોલ છે ઉક્ત મહામંત્ર.

તેને જો તથાપ્રકારનો ભાવ અપાય તો જીવનમાં સર્વત્ર તેનું શાસન સ્થપાય. અને પછી તેને અણગમતું એવું કશું કે તેની આજ્ઞાવિરુદ્ધનું હોય એવું કોઇ કામ આપણે કરી જ ન શકીએ.

વિદ્યાર્થી જે રીતે અધ્યયનને, સિપાહી સેનાપતિની આજ્ઞાને, કલાકાર કલાને, સંગીતકાર સંગીતને ઉંચો ભાવ આપી પોતાની લઘુતાનો અત્યંત વિનમ્રતાપૂર્વક સ્વીકાર કરી જીવનમાં તેને સ્થાપવાનું સઘળું બળ મેળવી શકે છે. તેમ જે કોઇ ભવ્યાત્મા ઉક્ત પરમમંત્રને ચરણે પોતની જાતને પુષ્પ જેમ શાખાને, સરિતા જેમ સિંધુને સમર્પિત થાય છે તેવા જ ભાવ સાથે સમર્પી શકે છે, તેનું જીવન ત્રણેય લોકને આદરણીય બને છે.

કેમકે જેવું આલંબન તેવું ઉત્થાન.

જે જેટલા અંશે તે આલંબનમાં પોતાની જાતને ઓગાળી દઇ શકે, તે તેટલા અંશે ઉંચો આવે. મતલબ કે તેટલા અંશે તેના જીવનની મૌલિક વ્યાપકતા પ્રગટે, તેટલા અંશે તે અન્ય જીવાત્માઓને સ્વાત્મવત્ ઓળખી શકે. પરંતુ જે પુણ્યાત્મા ધ્યાનરૂપી અગ્નિના

# શંકા અને સમાધાન

સમાધાનકારઃ-

**પૂ૦ આચાર્યદેવ શ્રીમદ્ વિજયલબ્ધિસૂરીશ્વરજી મહારાજ-અમદાવાદ**

[ પ્રશ્નકારઃ- **ઇન્દ્રજીત મૂળજીભાઇ. લીંચ.** ]

શં૦ પૂ૦ આચાર્ય ભગવંત આદિ કાળધર્મ પામે અને તેમના મૃતદેહને જ્યાં અગ્નિસંસ્કાર કરવામાં આવે તે સ્થળે દેહરી કરવાના ઉપયોગમાં દેવદ્રવ્ય વાપરી શકાય ?

સ૦ ગુર્વાદિની દેહરી બનાવવા માટે દેવદ્રવ્યનો ઉપયોગ કરી શકાય જ નહિ અને જો વાપરે તો પાપના ભાગી થવાય છે.

[ પ્રશ્નકારઃ- **મહેન્દ્રકુમાર મનસુખલાલ શાહ. મોટીખાઉ.** ]

શં૦ જૈન શાસ્ત્રના ફરમાન મુજબ આજનો શ્રાવક સંપૂર્ણ ધર્મ પાળીને સંસારમાં જીવી શકે ખરો ?

સ૦ જૈનશાસ્ત્રની આજ્ઞા મુજબ આજનો શ્રાવક દેશવિરતિ ધર્મની આરાધના સુંદર પ્રકારની કરી શકે છે. પણ તેનું મનોબલ ખૂબજ મજબુત હોવું જોઇએ.

[ પ્રશ્નકારઃ- **રમણલાલ દેવચંદ શાહ મુ. ટાંકલ** ]

શં૦ કાયમ બિઆસણું કરનારને પહેલા કાલનું ઉકાળેલું પાણી બીજા કાલના અવસરે અગર કાચું પાણી વાપરવા માટે કોઇ સંયોગ ઉપસ્થિત થાય તો તે પાણી અચિત્ત બનાવવા શાનો ઉપયોગ કરી શકાય ?

સ૦ પહેલા કાલના પાણીમાં ચુનો, રાખ આદિ નાંખવાથી તે અમુક પહોર સુધી સચિત્ત થતું નથી. તેમજ કાચાપાણીમાં પણ ઉપરોક્ત વસ્તુઓ નાંખ્યા બાદ બે ઘડી પછી તે પાણી અચિત્ત થઇ જાય છે.

[ પ્રશ્નકારઃ- **મહેતા રામચંદ ભાયચંદ ભુટકીયા** ]

શં૦ જિનાલયની અંદર નાના બચ્ચાં-બાલકો લઘુશંકા અને વડીશંકા કરે અને તેમના વાલીઓને ખબર પડે છતાંય સ્વચ્છતાપૂર્વક સાફ ન કરે તો શું કરવું ?

સ૦ આવી ભયંકર આશાતના ન થાય માટે બાલકોના વડીલોએ ખૂબજ કાળજી રાખવી જોઇએ. અને કદાચ બની જાય તો ખૂબજ સ્વચ્છતાથી આશાતના ટાળવી જોઇએ. બચ્ચાંઓના વડીલો આ મુજબ વિવેક ન કરે તો સમતાપૂર્વક સમજાવવું. છતાંય ન માને તો તે આશાતના દૂર કરવા માટે શ્રાવકોએ યોગ્ય વિધિ કરી લેવી અને આશાતના દૂર કરવી.

શં૦ ચંદ્રશેખર રાજાએ તેની બેનથી સંભોગ કેમ કર્યો હશે ?

સ૦ તેવા પ્રકારનો અશુભોદય સમજવો.

[પ્રશ્નકારઃ-**છબીલદાસ પ્રતાપચંદ વોરા કુવાલા**]

શં૦ મનુષ્ય મટીને તિર્યંચ થાય તે કયા કર્મના ઉદયથી ?

સ૦ મનુષ્ય મટીને તિર્યંચગતિ નામકર્મ તથા તિર્યંચનું આયુષ્ય ઉદયમાં આવવાથી તિર્યંચ થઇ શકે છે.

---

**નિર્ધૂમ પ્રકાશમાં પોતાની જાતને સર્વથા લુપ્ત કરી દેવાની અવસ્થાએ પહોંચે છે; તેના શ્વાસ માત્રની સુગંધથી પણ સંસારની સઘળી દુર્ગંધ (વાસનાઓથી) દૂર નાસી જાય એટલે ઉત્કૃષ્ટ કારુણ્ય રસ તેના જીવનમાં ઉભરાવા માંડે છે.**

**એવું જીવન પામવા કાજે. ચાલો સહુ નમસ્કાર મહામંત્ર રૂપી મહાસાગરમાં ઝીલવાને.**

શં૦ મનુષ્ય તિર્યંચની ભાષા સમજે તે કયા કર્મના ક્ષયોપશમથી ?

સ૦ મતિજ્ઞાનના ક્ષયોપશમથી મનુષ્ય તિર્યંચની ભાષા સમજી સકે છે.

શં૦ તિર્યંચ કયા કર્મના ઉદયથી પ્રભુની વાણી પોતાની ભાષામાં સમજી શકે ?

સ૦ પ્રભુજીના અતિશયથી તિર્યંચો પ્રભુની-વાણી પોતાની ભાષામાં સમજી શકે છે.

શં૦ મહાવિદેહ ક્ષેત્રમાં પ્રતિક્રમણ કરવાની વિધિ અહિં જેવી છે કે ફેરફાર ?

સ૦ પહેલા અને છેલ્લા તીર્થંકરો સિવાય બાવીસ તીર્થંકરના શાસનની પ્રથા મુજબ પ્રતિક્રમણની વિધિ મહાવિદેહ ક્ષેત્રમાં હોય છે.

શં૦ તીર્થંકર ભગવાનને જન્મથી જ અતિશય હોય છે તે કયા કર્મના ઉદયથી ?

સ૦ તેઓશ્રીના તથાપ્રકારના વિશિષ્ટ પુણ્યથી જ અતિશય હોય છે.

શં૦ મનુષ્યને અવધિદર્શન પહેલું થાય કે અવધિજ્ઞાન ?

સ૦ પહેલાં અવધિદર્શન અને પછી અવધિજ્ઞાન થાય.

શં૦ વિકલેન્દ્રિય રસેન્દ્રિયથી આહાર લે કે સ્પર્શેન્દ્રિયથી ?

સ૦ વિકલેન્દ્રિય રસેન્દ્રિયથી આહાર લે છે.

[ પ્રશ્નકાર શાંતિલાલ હરગોવનદાસ શેલીયા ભાભર. ]

શં૦ વૈક્રિય શરીરવાલી દેવાંગનાઓની સાથે ઔદારિક શરીરવાલો મનુષ્ય વિષયસુખ ભોગવી શકે કે નહિ ?

વૈક્રિય શરીરવાલી દેવાંગનાઓની સાથે ઔદારિક શરીરવાલો મનુષ્ય વિષયસુખ ભોગવી શકે છે.

[પ્રશ્નકાર:-પનાલાલ કકલદાસ ભાભર.]

શં૦ એક સાથે ભરતક્ષેત્રનું અવધિજ્ઞાન થયું હોય તો તે ૬ ભેદમાંથી કયા ભેદમાં ઘટાવી શકાય ?

સ૦ અવધિજ્ઞાન એકી સાથે ઉત્પન્ન થતું નથી પણ ક્રમિક થાય છે.

શં૦ અનુગામી અને અનનુગામી અવધિજ્ઞાન તે પ્રતિપાતી અને અપ્રતિપાતી ભેદમાં આવી શકે ?

સ૦ અનુગામી અને અનનુગામી અવધિજ્ઞાન બેમાં આવી શકે છે.

શં૦ હીયમાન અવધિજ્ઞાન ઘટતું ઘટતું અમુકમાં સ્થિર થયું હોય તો પછી તે કયા ભેદમાં ગણાય ?

સ૦ તે હીયમાનમાં જ ગણાય.

શં૦ વર્ધમાન અવધિજ્ઞાન વધતું વધતું અમુક માપમાં સ્થિર થાય તો તે કયા ભેદમાં ગણાય ?

સ૦ તે વર્ધમાન અવધિજ્ઞાનમાં ગણાય.

શં૦ સમવસરણનાં ત્રણ ગઢની જાડાઇ અને ઉંચાઇ કેટલી ? બેસવાની જગ્યા કેટલી ? અને પગથિયાની પહોળાઈ કેટલી ? તે પગથિયા કેવા આકારે ગોઠવાયેલા હશે ? રાજા વગેરેના રથ પહેલા ગઢમાં શી રીતે જતા હશે ? તે પગથિયાની ઉંચાઈ લંબાઈ અને પહોળાઇ કેટલી ? તે સવિસ્તર જણાવશો.

સ૦ આ પ્રશ્નનો સંતોષકારક જવાબ કોઇ ગીતાર્થ સુવિહિત આચાર્ય આદિ પાસેથી મેળવી શકશો. કારણ કે લખાણથી સંતોષ થશે નહિ.

[ પ્રશ્નકાર:-કુવાલાવાલા શિક્ષક રજનીકાન્ત પ્રતાપચંદ-ધ્રાંગધ્રા ]

શં૦ શ્રી તીર્થંકર ભગવાનની દેશના બાદ શ્રી ગણધર ભગવાનની દેશનામાં કેવલજ્ઞાનીઓ બેસે કે નહિ ?

સ૦ શ્રી તીર્થંકર ભગવાનની દેશના બાદ શ્રી ગણધર ભગવંતની દેશનામાં કેવલ જ્ઞાનીઓ બેસે છે.

શં૦ કેવલજ્ઞાનીએ લાવેલ ગૌચરી અકેવલી વાપરે કે નહિ ?

સ૦ કેવલજ્ઞાનીએ લાવેલ ગૌચરી અકેવલી વાપરી શકે છે.

શં૦ શ્રી મહાવીર સ્વામીએ મરિચિના ભવમાં

બાંધેલ નીચગોત્ર કર્મ આટલા બધા ભવ પછી ઉદયમાં આવ્યું તો તે ગોત્રકર્મનો અબાધાકાલ કેટલો? વચ્ચેના ભવમાં પલ્યોપમ અને સાગરોપમોનો કાલ વ્યતીત થયો.

સ૦ ગોત્ર કર્મનો ઉત્કૃષ્ટ અબાધાકાલ બે હજાર વર્ષનો છે. ત્યારબાદ તે કર્મનો પ્રદેશોદય થાય છે. જ્યારે નીચગોત્રમાં ઉત્પન્ન થયા ત્યારે વિપાકોદય થયો એમ સમજવું. ગોત્રકર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ વીશ કોટાકોટિ સાગરોપમની હોવાથી પલ્યોપમ અને સાગરોપમોનો વચ્ચે જે કાલ વ્યતીત થયો તેમાં વાંધો નથી.

શં૦ સંપૂર્ણશ્રુતજ્ઞાનીને કેવલજ્ઞાની સરખો કહ્યો છે તો તેનો અવધિજ્ઞાન અને મનઃપર્યવજ્ઞાન પછી નંબર કેમ કહ્યો? અને તે બે કરતાં શ્રુતજ્ઞાનીની મહત્તા ઓછી કેમ?

સ૦ કેવલજ્ઞાની કેવલજ્ઞાનથી જેટલું જાણે અને જુએ એનાથી અનંતમા ભાગે સંપૂર્ણ શ્રુતજ્ઞાની જુએ અને જાણે. માત્ર વાણીથી જે દ્રવ્યનો પ્રકાશ કરી શકાય તે માટે બન્ને સરખા. જ્ઞાનથી સરખા નહિ. અવધિજ્ઞાન અને મનઃપર્યવજ્ઞાનનો જે વિષય છે તે શ્રુતજ્ઞાનનો નથી, તેથી તે બે જ્ઞાનથી પણ શ્રુતજ્ઞાન વધી શકે નહિ.

શં૦ કેવળજ્ઞાન રૂપી કે અરૂપી?

સ૦ કેવળજ્ઞાન અરૂપી છે.

[પ્રશ્નકાર:-**રોલિયા સીતાબેન મફતલાલ. ભાભર.**]

શં૦ અનંતા ઘણા કે અસંખ્યાતા ઘણા?

સ૦ અસંખ્યાતા કરતાં અનંતા અનંતગણા હોય છે.

[પ્રશ્નકાર:-**રોલિયા લીલાબેન કકલદાસ ભાભર.**]

શં૦ જીવ દરેક સમયે અનંત સ્કંધો ગ્રહણ કરે કે ઓછાવધતા ગ્રહણ કરે?

અનંતાના અનંતા ભેદો હોવાથી ઓછાવત્તા પણ થઇ શકે, પણ તે બધા અનંતા કહેવાય.

[પ્રશ્નકાર;-**હસુમતીબેન કેશવલાલ અજમેરા**].

શં૦ મોઢામાં મુખવાસ, પીપરમીંટ, ચોકલેટ આદિ વાપરી હોય-ખાધું હોય અને પછી ૧૫-૩૦ મિનિટ બાદ કોઈ ધાર્મિક પુસ્તકો વાંચવા હોય અથવા ગુરુમહારાજ પાસે જવું હોય તો મુખશુદ્ધિ કરવી પડે?

સ૦ મુખશુદ્ધિ જરૂર કરવી જોઈએ.

શં૦ શ્રીપાલરાજાના ભવમાં કોઢિયાપણું આવ્યું તો તે પહેલાંમાં કેટલામાં ભવમાં કર્મ બંધ થયો હતો?

સ૦ શ્રીપાળ રાજાના ભવથી ત્રીજા ભવે તે કર્મબંધ થયો હતો.

શં૦ આત્માની પરિણતિ ખરાબ ન હોવા છતાંય કોઇને કટુવચન કહેવાથી કર્મબંધ શા માટે પડે?

સ૦ આત્માની પરિણતિ વિશુધ્ધ હોય તો મીઠા વચન બોલય. કટુવચન, એ પરિણતિ અવિશુદ્ધ બતાવે છે.

શં૦ દેવ-ગુરુ અને ધર્મમાં ગુરુને વચ્ચે મૂકવાનું કારણ શું?

સ૦ દેવ અને ધર્મની પીછાણ ગુરુ કરાવે છે જેથી તે મધ્ય મણિની જેમ મધ્યમાં છે.

શં૦ મુનિની પરિણતિ ખરાબ ન હતી છતાંય અવધિજ્ઞાન કેમ ચાલ્યું ગયું? અને અવધિજ્ઞાન આવ્યા પછી ચાલ્યા જવાના કેટલા પ્રકાર?

સ૦ મુનિના હાસ્ય મોહનીય કર્મના ઉદયથી અવધિજ્ઞાન ચાલ્યું ગયું. તે આવ્યા બાદ, જે વિશુદ્ધિથી તે મેળવ્યું હતું તે વિશુદ્ધિ જ્યારે ખસી જાય છે ત્યારે તેવા જ્ઞાનથી પતિત થવાય છે અને તે વિશુદ્ધિ ખસવાના નિમિત્તો અનેકો હોય છે.

શં૦ જ્ઞાનપંચમી તપ કરતા હોઇએ તે દરેક વખતે અર્થાત્ ભા. શુ. ૪ અને પાંચમે છઠ્ઠ કરીયે તો તે જ્ઞાનપંચમી તપ પાંચ વર્ષ કરવાનો કે ઉપર પાંચ મહિના કરવા પડે?

સ૦ જ્ઞાનપંચમીની આરાધના પાંચ વર્ષ અને પાંચ માસ કરવાની હોય છે.

[પ્રશ્નકાર:- **શિક્ષક વખતચંદ ભાયચંદ મહેતા પાદરલી** (મારવાડ)]

શં૦ કોઈપણ વ્યક્તિને ચૌદશના દિવસે સૂર્યા-

સ્ત થયા બાદ પકખી પ્રતિક્રમણ કરવું હોય અને અતિચાર આવડતા ન હોય તો તેના બદલે કયું સૂત્ર બોલી શકાય?

સ૦ અતિચારને બદલે વંદિત્તા સૂત્ર બોલવાનો રિવાજ છે.

શં૦ કોઇ પણ માણુસ સમ્યક્ પ્રકારે વિધિ સેવતો હોય અને જિનેશ્વરની આજ્ઞા માનતો ન હોય તો તે મોક્ષમાં જઇ શકે કે કેમ?

તે મોક્ષમાં જઇ શકે નહિ.

શં૦ 'નમો લોએ સવ્વ સાહૂણં' એ પદની અંદર સવ્વ શબ્દ વાપર્યો છે, તો બીજા પદોની અંદર તે પદનો ઉપયોગ શા માટે ન કર્યો?

સ૦ સવ્વ પદથી સામાયિક ચારિત્ર, છેદોપસ્થાપનીય ચારિત્ર, પરિહારવિશુદ્ધિ ચારિત્ર આદિ અનેક ભેદોનો સમાવેશ કરાયો છે. જ્યારે બીજા પદોમાં સમાવેશ કરવાનો ન હોવાથી સવ્વ શબ્દ નથી.

[ પ્રશ્નકારઃ- શ્રી રાજેશ. ]

શં૦ ચોમાસાની ચૌદશ પહેલા શેકેલી યા તળેલી બદામ ચોમાસામાં ઉપયોગ કરી શકાય કે નહિ?

સ૦ ઉપરોક્ત તૈયાર થયેલ બદામ ચોમાસામાં ઉપયોગ કરી શકાય છે.

શં૦ દીવાલી દરેક ભગવાનની (નિર્વાણની) અલગ હોય કે નહિ? જો ન હોય તો 'આદીશ્વર પૂજતાં દીવાલી,' પાર્શ્વપ્રભુની પૂજામાં 'દીવાલી કરતા દેવ' વગેરે વાકયો કેવી રીતે ઘટે?

સ૦ દીવાલી પર્વની શરૂઆત પ્રભુ શ્રી મહાવીર ભગવંતના નિર્વાણદિનથી ચાલુ થઇ છે. 'આદીશ્વર પૂજતાં દીવાલી' અહિં દીવાલી શબ્દ આનંદવાચી સમજવો અને 'દીવાલી કરતા દેવ' અહિં દીવાલી એટલે દીપકની શ્રેણિ સમજવી.

શં૦ ક્ષીણમોહીને નિદ્રાદિકનો ઉદય કેવી રીતે સંભવે?

સ૦ ક્ષીણમોહીને નિદ્રાદિકનો પ્રદેશોદય જાણવો.

શં૦ શ્રીકૃષ્ણના પાંચ ભવ ક્ષાયિકની અપેક્ષાએ કે ક્ષયોપશમની?

સ૦ ક્ષાયિક સમકિતની અપેક્ષાએ મતાન્તરે શ્રીકૃષ્ણના પાંચ ભવ જાણવા.

[ પ્રશ્નકારઃ- મુનિ શ્રી હિરણ્યપ્રભવિજયજી મ. પુના લશ્કર ]

શં૦ ઋષભદેવ અને મહાવીર સ્વામી ભગવાનના સાધુઓને પાંચ મહાવ્રત છે, તો તેમના વખતમાં થયેલા કેવલી ભગવંત સાધુઓને પાંચ મહાવ્રત ખરા?

સ૦ તેઓને પાંચ મહાવ્રત હોય છે.

શં૦ કેવલી ભગવંત થયેલા સાધુઓ આવશ્યક ક્રિયાઓ કરે ખરા?

સ૦ તેઓને આવશ્યક ક્રિયાઓ કરવાની હોતી નથી.


## ✱ શ્રી શત્રુંજય મહાતીર્થોદ્ધાર વર્ણન ✱

**[ગુજરાતી ભાષાંતર સાથે. ૪૮૦ પેજ છતાં મૂલ્યઃ ૨-૮-૦]**

સં૦ ૧૩૬૯ માં અલ્લાઉદ્દીન ખીલજીના સૈન્યે શ્રી શત્રુંજયનો ભંગ કર્યો તે અવસરે તેના સુબા અલપખાન પાસેથી ફરમાન મેળવી પાટણના શ્રાવક સમરસિંહે મહાતીર્થનો ઉધ્ધાર કરાવ્યો તેની ઐતિહાસિક કડિબધ્ધ હકીકતો છે. બીજા ઉધ્ધારોનું પણ ટુંક વર્ણન છે. મૂળ સંસ્કૃત ગ્રંથ પણ સાથે છે. સંસ્કૃતના અભ્યાસીઓ માટે ઉત્તમ ગ્રંથ છે. ગણતરીની નકલો અમને પ્રાપ્ત થઇ છે. તુરત મંગાવોઃ-

**સોમચંદ ડી. શાહ—પાલીતાણા [ સૌરાષ્ટ્ર ]**

# આનું નામ માનવતા —શ્રી વિજય

અલી સવિતા ? તું તો રાજરમણી હોય તેમ દિન–પ્રતિદિન કેટલી બેદરકાર બનતી જાય છે ? તેં શું કરવા ધાર્યું છે ? શું પડોશમાંથી અમને પરદેશ મોકલવા ઈચ્છે છે ? હવે તો તારા છોકરાની ઉધ્ધતાઇ સહન થાય તેમ નથી. રોજ બે રોજ મારો છોકરો કેટલો માર ખાય ?

આજે કુમુદચંદ્ર ગુસ્સામાં આવી ગયો હતો. તેનો માતૃમુખો ધીરૂ શેરીમાં બીજાના છોકરાઓ સાથે રમતો અને વાત વાતમાં રડીને રોજ ઘરભેગો થતો. ભોગ જોગે આજે સવિતાના વિનોદની સાથે રમતા તે પડી ગયો અને વિનોદે મને ધક્કો મારી પાડી નાખ્યો, એમ રડતો–રડતો ઘેર ગયો.

'છીંડે ચઢયો ચોર' એ ન્યાયે બહાર વિનોદને જોઈને કુમુદનો પિત્તો ઉછળી પડયો અને 'પખાલીના દોષે પાડાને ડામ' એ ન્યાયે તેણે સવિતાને ઉધડી લીધી.

સવિતા કુલીન અને સુશીલ સ્ત્રી હતી. પરપુરુષની સાથે અને તેમાં પણ ઝગડો થાય તેવા શબ્દો નજ બોલાય, એમ તે સમજતી. તેથી મૌન રહી.

પણ એથી તો ઉલટું ભૂખ્યો સિંહ ત્રાટકે તેમ કુમુદચંદ્ર ધુંવાપુંવા થઈ ગયો અને ગુસ્સે થયેલો કુંભાર ગધેડાના કાન મચડે તેમ જવાબ ન મળવાથી પોતાના ધીરૂને કૂટવા માંડયો. નાલાયક ! ના કહેવા છતાં શા માટે એ પાપણીના છોકરા ભેગો રમવા જાય છે ?

ગુસ્સે થયેલો બાપ ધીરૂનો કૂટો કરી નાખશે એમ સમજી ધીરૂની બાએ ધીરૂને પોતાની પાસે ખેંચી લીધો.

પણ એ તો બળતામાં તેલ હોમવા જેવું થયું. કુમુદને તો સવિતાને ખંખેરવી હતી, તે તક ચાલી જતી જોઇને તેણે વચ્ચે આવેલી ધીરૂની બા ઉપર વચનબાણોનો મારો શરૂ કર્યો.

સવિતાથી એ ન ખમાયું અને છોકરાની વઢવાડ મોટાની વઢવાડ થઇ જાય, તે ઠીક નહિ. એમ સમજી બહાર આવી. કુમુદભાઈ ! આ શું કરો છો ? છોકરાં તો છોકરાં, એ તો લડે અને રડે, એથી કંઇ મોટાંથી છોકરા ન થવાય !

જોઇ તને, તું મોટી પંડિતા છે તે જાણું છું, મારે તારો ઉપદેશ નથી સાંભળવો, સંભળાવજે તારા ધણીને. મારા છોકરાને તારો વિનોદ શા માટે મારે ? કુમુદ બોલ્યો.

સવિતા વિનયથી બોલી: ઉપદેશ તો જ્ઞાનીઓ આપે, આપણું કામ નહિ. પણ આમ હું તમારી સાથે બોલું તો તમારી શોભા વધશે ? અને એ રીતે આપણો પડોશ સારો બનશે ?

---

થોડું પણ કરી બતાવવું એ વધારે કીંમતી છે.

માટે જ કહ્યું છે કે–

કથની કથે સૌ કોઈ,
રહેણી અતિ દુર્લભ હોય.

★

## અવસરે કામ લાગે તેજ વસ્તુ કામની

पुस्तकस्था तु या विद्या
परहस्तं गतं धनम्, ।
कार्यकाले समुत्पन्ने,
न सा विद्या न तद् धनम् ॥

પુસ્તકમાં રહેલી વિદ્યા અને પારકાના હાથમાં રહેલું ધન કામ આવી પડે તે સમયે કામ લાગતું નથી. માટે તે વિદ્યા એ વિદ્યા નથી અને તે ધન એ ધન નથી.

★

તમારી સાથે હું પણ જેમ-તેમ બોલવા માંડું તો પરિણામ શું આવે? પુરુષને સ્ત્રી ઉપર ગુસ્સો કરવો તે કંઈ પુરુષાર્થ નથી. એ તો એક નબળાઈ છે, નિર્દોષ ધીરૂનાં બાને શા માટે અપમાનિત કરો છો? પછી બીજા તેઓનું માન કેમ જાળવશે? છોકરાંની લડાઇ તો ક્ષણિક હોય, થોડી વારમાં તે ભેગાં થશે અને રમશે. બાળકો છે, પડી પણ જાય અને અજ્ઞાન હોવાથી કોઇ કોઇને મારે પણ ખરાં. પણ એથી કંઇ 'ડાંગે માર્યાં પાણી જુદાં ન થાય.' તેઓની લડાઇનાં વેર ન બંધાય. આવાં નિમિત્તો પકડીને મોટાં લડે તો વેર બંધાય અને એમાંથી વિનાશ સરજાય. હાડકાં પણ કુમળાં તુર્ત સંધાઇ જાય છે, વૃદ્ધનાં સંધાતાં નથી. તમારા જેવા પાંચમાં પૂછાતા-પંકાતા આમ અકળાઇ જાય તો સામાન્ય માનવીને શું કહેવું? શાંત ચિત્તે કહેવા યોગ્ય કહીને સવિતા અટકી ગઇ.

પણ આમ રોજ તારો વિનોદ મારા છોકરાને મારે અને તું કંઇ કહે નહિ તે કેમ ચાલે? કંઈ મારો છોકરો તારા છોકરાનું રમવાનું રમકડું નથી. સમજી ને? સવિતાના વિનયથી કુમુદની ગરમી ઓછી તો થઇ ગઇ. પણ જાણે પોતે અપમાનિત થયો હોય અને તેનો બદલો લેવો હોય તેમ તે પુનઃ બોલ્યો.

કુમુદભાઈ! શું હું મારા છોકરાને મારૂં તો તેથી તમારા ધીરૂનો માર મટી જશે? એમ કરવાથી તો છોકરાં આપણાથી ગભરાએલાં રહેશે અને ભયથી તેમનો વિકાસ અટકી જશે. સંકટમાં પણ ધૈર્ય રાખે તેવું વાતાવરણ આપણે બાળકોને આપવું જોઇએ. તમે મને બોલો, હું તમને બોલું, તમે ધીરૂને મારો, હું વિનોદને મારૂં, પણ એથી થશે શું? આપણા એ નાટકની અસર બાળકો ઉપર કેવી પડશે અને એ શું શીખશે? છોકરાંને સદાચારી-શાણાં બનાવવા માટે તો મા-બાપ થવા પૂર્વે સંયમ કેળવવું પડે છે, મન-વચન-કાયાનો સંયમ ન કેળવાય ત્યાં સુધી અપુત્રીયા રહેવું સારૂં, પણ મા-બાપની પદવી પામીને અસંયમી થવું તે તો છોકરાંઓના જીવતાં પ્રાણ લેવા જેવું મહાપાપ છે. મા-બાપના વર્તનની છાયા બાળકો ઉપર એવી ઘેરી પડે છે કે ભાગ્યે જ ભૂંસાય. મારે તો બધાંને સગા માડીજાયા ભાઇ જેવાં બનાવવાં છે, તે કંઈ ક્લેશ કરવાથી ય ન થાય અને માર મારવાથી ય ન થાય. એમ બોલતી સવિતા કુમુદના ધીરૂને વહાલથી તેડીને પોતાના ઘરમાં પેસી ગઇ.

કુમુદ તો જોતો જ રહ્યો, બોલવા માટે શબ્દો શોધવા લાગ્યો પણ જડયા જ નહિ, અને—

સવિતાએ તો કુમુદના જોતાં જોતાં જ ડબો ઉઘાડી સેવ અને લાડુ વિનોદના હાથે ધીરૂને અપાવ્યા અને બન્નેને ભેગા બેસાડી જમાડયા. થોડી વારમાં તો હસાડતી રમાડતી કેડે બેસાડીને ધીરૂને શેરીનાં છોકરાં ભેગો રમવા મુકી દીધો.

આ બધું શાન્ત ચિત્તે જોઈ રહેલા એક ભાઇના મુખમાંથી સહજ બોલાઇ ગયું **આનું નામ મા-નવતા!!**

---

## અમૃત બિન્દુ

આત્મવિશ્વાસ વિનાનો માનવી આત્મકૃપાથી વંચિત રહે છે.

ઇષ્ટદેવનું નામસ્મરણ નિરાશાનો અંધકાર દૂર કરી ઉત્સાહનો પ્રકાશ રેલાવે છે.

પોતાનાં વખાણ સાંભળવા માટે તેમજ અન્યની નિંદા સાંભળવા માટે જેના કાન કુંભ જેવા મોટા છે તેનું નામ કુંભકર્ણ છે.

ક્રોધ અને કામનો કદાચ અંત આવે છે, પરંતુ લોભનો અંત આવવો અતિકઠિન છે.

# અનુભવની એરણ પર

શ્રી કાન્તિલાલ કેશવલાલ શાહ.

કુદરતની લીલા કેવી અપરંપાર છે તે નીચેના બે જાત અનુભવના દાખલાઓથી સમજી શકાશે. આ બન્ને દાખલાઓનો હેતુ ફક્ત એટલો જ છે કે કોઈપણ મનુષ્ય સાચા અને શુદ્ધ ધ્યેયથી નિયમિત ઇશ્વરની ભક્તિ કરે છે તેનું એક યા બીજી રીતે રક્ષણ થાય છે.

જન્મ થયાને ફક્ત ત્રીસજ દિવસ થયા હતા અને પિતા ગુજરી ગયા. નસીબયોગે એક વડીલબંધુ છે, માતાએ અસહ્ય દુઃખો સહન કરી બાલ્યાવસ્થામાં ઉછેર્યો. પહેલેથી જ જેના હૃદયમાં ધર્મના સંસ્કાર હોય અને ધર્મનું વાતાવરણ હોય તેવી માતાનું સિંચન પણ ધર્મમય જ હોઈ શકે. મેટ્રિક સુધી અભ્યાસ કર્યો. સંજોગોવસાત્ આગળ ભણવાનો વિચાર હોવા છતાં ભણવાનું છોડી નોકરીએ લાગી ગયો.

નાનપણમાંથી જ ધર્મના સંસ્કાર પામેલ. તેથી તેમાં નિયમિતતા જળવાઇ રહી અને કુદરતી અનુભવો બનતા ગયા જેથી તેમાં અડગ શ્રદ્ધા લાગી. જે નીચેના લખાણથી આપણને સમજાશે.

એક વખત પ્રભાતમાં નિયમપૂર્વક દેહરાસરમાં ભગવાનની 'પૂજા' કરવા ગયેલો, પૂજા કરતાં કરતાં હૃદયમાં એવો ભાવ ઉત્પન્ન થયો કે, સૌરાષ્ટ્રમાં આવેલા મોટાતીર્થ પાલીતાણા તો ઘણી વાર જઇ આવ્યો છું. પરંતુ માઉન્ટ-આબુ જવાતું નથી. આ વખતે કોઓપરેટીવ સંઘમાં હું નોકરી કરતો હતો. પ્રભુના દરબારમાંથી પૂજા કરી ઘરે આવ્યો. ચા વગેરે પીને ટાઈમ મુજબ હું ઓફિસે ગયો, ત્યારે પોસ્ટમાં બનાસકાંઠામાંથી ગવારની પરમીટ આવી. તેથી બપોરે મારે જવાનું થયું. મારા હૃદયને આનંદ થયો, કુદરતે મારી ભાવના પુરી કરવા માટે જ આ ગોઠવ્યું હશે! કુદરત કસોટી પણ પુરી કરે છે. હું પરમીટ લઇ પાલણપુર ગયો. ત્યાંથી પરમીટ પર સહી સીક્કા કરાવી ડીસા થઇ મોટર લઈ ગવારની ડીલીવરી લેવા દિઓદર ગયો. આવતા રસ્તામાં બાર ઈંચ વરસાદ પડેલો અને ગાડી પાણીમાં ઉતરી ગઈ. ખટારાને ત્યાંને ત્યાં મૂકી મજુરોને સોંપી મનમાં પ્રભુનું નામ સ્મરણ કરતો પચાસ માઇલ ચાલી ડ્રાઇવર સાથે ડીસા આવ્યો. મારી જીંદગીનું આ પહેલવહેલું સાહસ હતું, પણ કુદરતે એટલી શક્તિ આપી કે આટલી મુશીબતોમાંથી પસાર થઇ ત્રીજે દિવસે ડીસા આવ્યો; પણ મારા હૃદયમાં પ્રભુ સિવાય કોઇનું રટણ હતું નહિ.... ડીસા આવ્યા બાદ બીજી ગાડીઓ મોકલી અને માલ બધો ખેંચી લાવી ડીસા સ્ટેશનેથી બોરીયદ રવાના કર્યો. વિગતવાર પત્ર લખી રસીદ ઓફિસે મોકલી આપી અને જણાવ્યું કે હું માઉન્ટ આબુ જવાનો છું માટે બે દિવસ પછી આવીશ. ત્યાંથી સીધો માઉન્ટ આબુ ગયો.

મારા હૃદયમાં આનંદનો પાર ન રહ્યો. લગભગ ચાર વાગે માઉન્ટ આબુ પહોંચી ગયો. તે દિવસે કુદરતી દશ્યો બધાં જ જોયાં. કુદરતની રમણીયતા તાદશ્ય ત્યાં માલુમ પડે છે. બીજે દિવસે સવારમાં મારા નિયમ મુજબ પ્રભુભક્તિ કરી દેલવાડા ગયો. નસીબયોગે પર્યુષણ પર્વનો પ્રથમ દિવસ હતો. આવા ટાઇમે ખાસ કોઇ જાય નહિ. તેથી પ્રભુભક્તિ–પૂજા બહુ શાંતચિત્તે અને એકાંતપણે કરી. મારા હૃદયને ખરેખર આનંદની સીમા રહી નહિ અને ત્યાંથી પાછો માઉન્ટ આબુ આવી સાંજના ઘરે આવવા રવાના થઇ ગયો. આ સાહસે મારા જીવનમાં

ઘણોજ રંગ જગાડયો અને દિન-પ્રતિદિન પ્રભુ-ભક્તિમાં લીન થતો ગયો.

થોડો ટાઇમ પસાર થયા બાદ સંવત ૨૦૧૨ના માગશર માસમાં મારે આફ્રિકા જવાનું થયું. મારા મામા ત્યાં રહે છે. તેમણે છ માસની વીઝીટીંગ પરમીટ મોકલેલી. ખરે ખર ધર્મના સંસ્કાર ન હોત તો આફ્રિકાના વાતાવરણુના રંગથી થોડો ઘણો પણુ રંગાઈને આવત. હવે ત્યાંની કોઇ પણુ વસ્તુ વિષે વધુ નહિ લખતા એક મોટામાં મોટું સાહસ જે અનુભવ્યું તે લખી જણાવું છું.

હું ધર્મના સંસ્કાર અને પ્રભુની નિયમિત ભક્તિને લીધે ત્યાં સારી રીતે રહી શકયો હતો. એક વખત જ્યારે આપણા ઉપરાષ્ટ્રપતિ ડૉ. રાધાકૃષ્ણુન નૈરોબી આવવાના હતા. ત્યારે અમે લગભગ પંદરથી વીસ માણુસો ત્રણુ ચાર ગાડીઓ લઇને ત્યાં ગયા. અમારા ગામથી લગભગ સાડા-ત્રણુસો માઈલ થાય. જતાં તો સારી રીતે પહોંચી ગયા. પરંતુ આવતા જાણે દુઃખનો ડુંગર તૂટી પડવાનો હોય તેમ નીકળતાં શરૂઆતથી ખરાબ પગરણુ મંડાયાં, ચાલીસેક માઇલ આવ્યા હોઈશું અને એક ગામ આવ્યું. ત્યાં મારા મામાના સંબંધી રહે છે, તેમને મલવા ગયા. પાંચ દશ મિનિટ બેઠા. તેમણે જમવા માટે આગ્રહ કર્યો પણુ ના પાડી. અમે કાર્યક્રમ મુજબ મોટરમાં ગોઠવાઈ ગયા અને ગાડી ચલાવી. મારા હૃદયમાં વિચારો ઉત્પન્ન થવા લાગ્યા. મામાએ જમવાની ના પાડી છે પણુ હવે ઘેર જયારે પ્હોંચીયે ત્યારે સાચા ! એટલે મામાને મેં સૂચન કર્યું કે હવે મને તમે બોલાવશો નહિ અને હું તો ફ્કત ઇશ્વરના નામનું રટણુ ઘર આવતા સુધી કર્યા કરીશ. ત્રીસ-ચાલીશ માઇલ ગયા હોઈશું અને એક ટાયર બર્સ્ટ થઇ ગયું હતું તે બદલીને નાખી દીધું. આગળ ચાલ્યા. બીજા પચાસેક માઇલ ગયા હોઈશું અને પાછલી એક્ષલમાં એક નટ તૂટીને પડયો. અને મોટો અવાજ આવવા લાગ્યો. ગાડી ઉભી રાખી. ડ્રાઇવરે આખું એક્ષલ ખોલી નાખ્યું અને ત્રણુથી ચાર કલાકની મહેનતે નટ કાઢી પાછું હતું તે પ્રમાણે ચાલુ કર્યું, હું તો ફ્કત પ્રભુના નામ-સ્મરણુમાં લીન હતો કે કુદરત આવી આફ્તોમાંથી પાર ઉતારી ઘરે પહોંચાડે. લગભગ રાતના દશ વાગ્યા હશે. ઘોર જંગલ, અંધારી રાત ફ્કત અમારી ત્રણુ મોટરો હતી, આગળ આવ્યા ત્યારે વરસાદને લઇને ખૂબજ કીચડ થઇ ગયેલો અને એક ભારખાનું એક બાજુએ ઉછળી પડેલું એક તેની નીચે નાની ટુરીંગ ફ્સાઇ ગયેલી. આ દશ્ય જોઇ હૃદયમાં વિચારોનું મનોમંથન થવા લાગયું કે, હે પ્રભુ ! હજી કેટલીક કસોટી બાકી છે. અમારી કાર-(મોટર) રસ્તા ઉપર ઊભી રાખી અમો બધા ગાડીવાળા ત્યાં ગય અને ધક્કા મારી પેલા ખટારામાંથી પેલી નાની ટુરીંગને કાઢી. હવે અમારો વારો આવ્યો. અમારી ગાડી બરાબર તે ખટારા આગળ આવી અને પસાર થવાની તૈયારી હતી તેવામાં ગીયરબોકસનું એક ચક્કર તૂટી ગયું અને નીચે તદ્દન કાદવ, જેથી ગાડી બીલકુલ ખસે નહિ અને અમો મોતના પંજામાં ફ્સાયા. ડ્રાઈવર ત્યાંનો નેટીવ હતો પરંતુ બહુ હોંશિયાર હતો. ગાડીની નીચે પડી આખું ગીયરબોકસ ખોલી નાંખ્યું. સ્પેરમાં બીજું ચક્કર હતું તે નાંખી દીધું અને લગભગ રાતના સાડા ત્રણુ વાગે અમારી ગાડી પસાર થઇ. તૈયાર જમણુને ના પાડી અમે નીકળ્યા તે કેવી દશામાં મૂકાયા તે સહેલાઈથી સમજી શકાશે. ચાર વાગ્યાના સુમારે એક ગામ આવ્યું. ત્યાંના સ્ટેશન

માસ્તરને ઘેર ગયા. કરમસદના વતની હતા. ઓળખાણ નીકળ્યું. ભલા માણુસ હતા. ચા અને ચવાણાનું ભોજન પ્રાપ્ત થયું, એટલું તો મીઠું લાગે કે પાંચ પકવાન જમ્યા....

બીજા દિવસનું પ્રભાત ઉગ્યું. અમે બધા નાહીને ચા પાણી પી ગાડીમાં બેસી રવાના થવા નીકળ્યા. આગળ ચાર પાંચ માઇલ દૂર ગયા અને રોડની ઉપર પુષ્કળ પાણી હોવાથી ડ્રાઇવરે બાજુ પર ગાડી લીધી તેવીજ એક નાના ખાડામાં બે વીલે અદ્ધર થઈ ગઇ. આગળ જેવો ભારખાનાને એકસીડન્ટ થયો હતો, તેવી રીતે આગળ ગાડી ફસાઈ ગઇ ! નસીબદાર એટલા બધા કે ખાડો નાનો હતો, બાકી થોડાક વધારે દૂર જઈ આવું બન્યું હોત તો એક એવો મોટો ખાડો હતો, કે મોટરકાર અને અને અમે બધા મહિં પડયા હોત અને છ મહિના વીતી જાત તો પણ કોઇને ખબર પડત નહિ. હું તો મારા સ્મરણોમાં લીન હતો. અમે બધા ગાડીમાંથી નીચે ઉતર્યા. ડ્રાઈવરે અથાગ મહેનત કરી, પણ ગાડી નીકળે નહિ કુદરત જાણે અમારા માટે મુશીબતોમાંથી ઉગારવા માટે એક એક વસ્તુ સહાયરૂપ બનતી હોય તેમ પાંચ મિનિટ થઇ હશે અને સામેથી એક ખાલી ભારખાનું આવ્યું. તેમાં ડ્રાયવર બહુ સારો હતો. તે દ્રશ્ય જોઇ બહુ આશ્ચર્યચકિત થઇ ગયો. તેણે અમને હિંમત આપી: 'તમો ગભરાશો નહિ. હું તેનો રસ્તો કરી દઉં છું.' પછી તેની પાસેથી એક મોટું દોરડું હતું તે કાઢી એક છેડો ટેક્ષીને બાંધી દીધો અને એક તેના ખટારાને બાંધ્યો, અને ફર્સ્ટ ગીયરમાં નાખી એકદમ ગાડીને રેસ્ટ કરી અમારી નાની-ટેક્ષીને ઉછાળીને બહાર કાઢી. ખરેખર હું તો આ અનુભવથી અજાયબ થઇ ગયો.

ડ્રાઇવરને પચાસ શીલીંગ આપવા માંડયા પણ ન લીધા. પૈસા લેવા માટે મેં આ કામ નથી કર્યું. છેવટે પાંચ શીલીંગ ચા-પાણીના મજુરો માટે લઇ ચાલતો થયો.

ખરેખર એ ભારખાનાવાળો આવ્યો ન હોત તો અમારે કેટલો ટાઇમ બગડત તે કોણ જાણે ! પણ પ્રભુની કેવી અજોડ ભક્તિનો બદલો આવ્યો તે જાણી શકાય છે. અમે છૂટકારાનો દમ ખેંચ્યો. ગાડીમાં બેસી આગળ ચાલ્યા. વીસેક માઇલ આવ્યા હોઇશું અને ગાડીમાં પેટ્રોલ ખલાસ થઇ ગયું. પાછા વીલે મોઢે નિરાશ થઇ બેઠા. સામેથી એક ગાડી આવી. પેટ્રોલના પૈસા આપી તેમની પાસેથી ચાર ગેલન પેટ્રોલ લીધું.... અને નૈરોબીથી નીકળીને અમારે ઘરે બુસોલ્વે બરાબર આડત્રીસ કલાકે પહોંચ્યા જે જતાં હમો ફક્ત સોળ કલાકે વિના તકલીફે પહોંચી ગયા હતા.

મારા હૃદયમાં ખૂબ આનંદ થયો. પ્રભુ તારી સાચા હૃદયથી ભક્તિ કરનારની તું સાથે જ છે. સુખ અને દુઃખ આપણા કર્મમાં પુન્યના ઉપાર્જન મુજબ હોય છે. બાકી હું તો ચોક્કસ માનું છું કે સાચા હૃદયથી અને નિયમિતતા અને શ્રધ્ધાપૂર્વક પ્રભુભક્તિ કરનારનું શાસનદેવ ચોવીસે કલાક રક્ષણ કરે છે ! હે પ્રભુ ! અંતરથી પ્રાર્થના કરૂં છું કે તારી અહોનીશ શ્રધ્ધાપૂર્વક ભક્તિ કરવાને સમર્થ થાઉં એજ અભ્યર્થના............

*

'કલ્યાણ' માસિક, વાર્ષિક લવાજમ રૂા. ૫-૫૦

# અ મી ઝ ર ણાં

## પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજયરામચંદ્રસૂરીશ્વરજી મહારાજ

વાંચેલા ભણેલા અને સાંભળેલા શાસ્ત્રોને આત્મામાં ઉતારવાની કળા તેનું જ નામ અધ્યાત્મ.

જાતને રાજી કરવા ધર્મ કરતાં આવડે તોજ દંભ નીકળી જાય.

થોડું કરીને ઘણું દેખાડવાની વૃત્તિવાળો તે જ દંભી.

સુખી માણસોએ અવસરે દુઃખ આવે ત્યારે દુર્ધ્યાન ન થાય તેટલા માટે દુઃખ વેઠવાની ટેવ પાડવી જોઇએ.

દરેક જીવોના હિતની ચિંતા આત્માને પ્રફુલ્લ બનાવનારી છે.

થોડા કામ ખાતર ઘણો કાળ બગાડે તે મૂર્ખ કહેવાય.

દેવ, ગુરુ અને ધર્મ પાસેથી પૈસા મેળવવાનો અથવા સંસારસુખ મેળવવાનો વિચાર કરવો એના જેવું દુનિયામાં એકે પાપ નથી.

જેને આત્માને રાજી કરવા ધર્મ કરવાની ઈચ્છા હોય તેની આંખ સામે આ લોક નહિ અને પરલોક જ હોય, અને તેને બધા આત્મા પોતાની જેવાજ હોય.

મોહને જે શત્રુ માને તે સૌહાર્દવાળો. તેવા સૌહાર્દવાળામાં દંભ ન હોય.

સંસારને અને સંસારના સુખને સારું મનાવે તે મિથ્યાત્વ મોહ.

સંસાર અને સંસારસુખની પાછળ પાગલ બનાવે તે કષાયમોહ.

સંસાર અને સંસારસુખની માન્યતામાં ઢીલા પડનારને ધક્કો મારે તે નોકષાયમોહ.

મોહે આપણને એવા ગાંડા બનાવ્યા છે કે જેથી સુખ કે સુખનાં સાધનો આગમ, દેવ, ગુરુ અને ધર્મની કિંમત જ કરવા દેતા નથી.

અતિશય ભયંકર મોહની જાળરૂપી વનને સળગાવી નાંખવા માટે અધ્યાત્મભાવ અગ્નિ સમાન છે.

કોઇના પણ પ્રત્યે જે ઉપકાર કરવો તે ઉપકાર કોઇના માટે નહિ, પણ આત્માના ઉપકાર માટે જ કરવો જોઇએ.

દાતાર ભિક્ષુકોને પોતાના પુણ્યના દરવાજા માને.

જે નિર્ભાગ્યોએ ત્રણ લોકના નાથ શ્રી જિનેશ્વરદેવોના મુખદર્શન કર્યા નથી, તેવા જીવોને માટે પારકાના મુખ જોઇને જીવવા સર્જાયેલું છે.

વીતરાગના માર્ગે ચાલતો હોય અને મુનિપણામાં રહ્યો હોય તેને અને મોક્ષમાં ગયેલાને જ પારકું મોઢું જોયા વગર પાલવે, બાકી બીજા બધાને તો કોઈનું ને કોઈનું મોઢું જોવું જ પડે.

જે વસ્તુ પામવાની ઇચ્છા હોય તે વસ્તુ યાદ આવ્યા વગર રહેજ નહિ.

મોહના રાજ્યમાં ત્રણ ઉપદ્રવ હોય. ૧ ધર્મ સારા ભાવે થાય નહિ ૨ પાપની લૂંટ જોરદાર ચાલુ હોય ૩ આર્ત્તરૌદ્ર વગેરે અશુભ ધ્યાનોથી આત્મા એટલો બધો મૂંઝાય કે કહેવાની વાતજ નહિ.

અધ્યાત્મ ભાવના સૌરાજ્યમાં બેઠેલાને પુણ્યનો ભોગવટો પણ ઉપદ્રવરૂપ, પાપનું કારણ અને ધર્મમાં અંતરાયભૂત લાગે છે.

પુણ્યના ભોગવટામાં આનંદ માનવો તે પાપને આમંત્રણ છે.

વ્યાખ્યાન એટલા માટે સાંભળવાનું છે કે

આપણા આત્મા પરથી મોહરાજ્ય ખસી જાય, અને દેવ-ગુરુ-ધર્મનું રાજ્ય જામી જાય.

જીવને સારામાં સારી ધર્મસામગ્રી મળે પણ તેનો જો ખપ તેને ન હોય તો તેને માટે ધર્મસામગ્રી નકામી નિવડે.

જ્યારે દુઃખ આવે ત્યારે યાદ કરવું જોઈએ કે અરિહંતની આરાધના ઓછી કરી તેનું આ ફળ છે અને સુખ આવે ત્યારે યાદ કરવું જોઈએ કે અરિહંતની આરાધનાનું જ ફળ છે.

જિનેશ્વર દેવને જેમણે પૂજ્યા નથી, સ્તવ્યા નથી અને જોયા નથી તેમના હાથ, તેમની વાણી અને નેત્રો નકામા છે.

સંસારના રાગી જીવો ગમે તેવા વિરાગના સ્થાનમાં મૂકાય તો પણ સંસારને જ ઇચ્છવાના.

ધર્મલાભમાં મનુષ્યપણાનું સુખ, દેવલોકનું સુખ અને મોક્ષના સુખને પણ આપવાની શક્તિ છે.

અતિ દુર્લભ મનુષ્યભવને જો ન ગુમાવવો હોય તો ધર્મકથા જ કરવી અને વિકથા બિલકુલ કરવી નહિ.

આત્માનું અને પરનું હિત કરનારી કથા તે ધર્મકથા અને સ્વ-પરનું અહિત કરનારી જેટલી કથા તે બધી વિકથા છે.

અધ્યાત્મજ્ઞાનના બોધરૂપ યોધ્ધાની જેના ઉપર કૃપા હોય તેવા પંડિતોને પણ કામરૂપી નિર્દય ચંડાલ પીડા કરે છે, તો મૂર્ખાઓને પીડા કરે તેમાં શું નવાઇ ?

કામ એટલે વેદના ઉદયથી થતી દશા.

જેને આંખ, કાન અને સ્પર્શનેદ્રિય ઉપર કાબુ ન હોય તેને વિટંબણાનો કોઇ પાર નથી.

'જેને ધર્મભાવના ન જાગતી હોય તેણે ભાવના જાગ્રત કરવા ફરજીયાત ધર્મ કરવો જોઇએ,' એમ જ્ઞાનીઓ કહે છે. જો મરજીયાત થતો હોય તો, તો તેના ફળનો પાર નથી પણ તેવી રીતે ન થતો હોય તો તેવી દશા લાવવા માટે ફરજીયાત ધર્મ કરવાની આજ્ઞા છે.

દેવભક્તિમાં આવશ્યક ખર્ચ નહિ કરનારાઓએ તો પોતાની ગૃહસ્થાઇનું અને ખાનદાનીનું લીલામ જ કર્યું છે.

વિષયનો જેટલો વિકાર ઘટે તેટલો આત્મવિકાસ થયા વિના રહે નહિ.

જેને જિનભક્તિ, ગુરુભક્તિ, ધર્મશ્રવણ અને દાનાદિ પ્રવૃત્તિઓમાં રસ નહિ, તે ખરી રીતે વિરતિને પામી શકતો જ નથી.

સજ્જન માણસમાં બે ગુણ હોય છે. દોષ જોવા તો પોતાના, અને ગુણ જોવા તો પારકાના. કદાચ બીજાના દોષ દેખાઈ જાય તો પચાવે, તેના ઉધ્ધારનો પ્રયત્ન કરે, સુધરે તો સારૂં, નહિ તો ઉપેક્ષા કરે અને દેખેલા દોષને એવો છુપાવે કે કદી બહાર આવે નહિ.

તીર્થંકરો સિધ્ધયોગીઓ છે અને મોક્ષની ઇચ્છાવાળા આપણે બધા સાધકયોગી છીએ.

સંસારી જીવોને રાજી રાખવા માટે રાગાદિ કરવા તે રખડવાની ક્રિયા છે.

પુણ્યથી મળતી પણ સંસારની ચીજ અવિરતિ નામનો પાપોદય હોય તોજ લઇ શકે.

★

## એક અભિપ્રાય

હાલમાં 'કલ્યાણ'માં જે વિષયો આવે છે તે એટલા તો સુંદર અને અભ્યાસપૂર્ણ લખાએલા હોય છે, કે જેથી 'કલ્યાણ' જૈનો માટે એક અગત્યનું સાહિત્ય થઇ પડયું છે, અને તેથી 'કલ્યાણ' જૈન પત્રોમાં સર્વોપરી સ્થાન લે છે, હું તે માટે મુબારકબાદી આપું છું.

**–શ્રી સાકરચંદ માણેકચંદ ઘડીઆળી**

# એક શરમની વાત

ગાયોના વંશ તથા તેની ઓલાદ સુધારવાના નામે સરકાર તરફથી અકુદરતી ગર્ભાધાનની યોજના ચાલુ કરવામાં આવી છે. ઉત્તર પ્રદેશની સરકાર તરફથી ગયા વરસમાં દહેરાદુન જીલ્લામાં પછતાદુન મંડળમાં અનેક જગો પર આવા પ્રકારના કેન્દ્રો ખોલવામાં આવ્યા છે. જ્યાં ગાયોને કૃત્રિમ રીતે ગર્ભાધાન કરાવવામાં આવે છે. આ ગર્ભાધાન કરાવવાની રીત ઘણીજ હલકી, દયાહીન, ઘાતકી, અકુદરતી અને બળાત્કારવાળી છે.

જે ગાયોને ગર્ભાધાન કરાવવાનું હોય છે તેને લાકડીઓથી ફાંસાની જેમ સખ્ત રીતે બાંધવામાં આવે છે, કે જેથી તે જરા પણ હાલી શકે નહિ. ત્યારબાદ આ મુંગું, નિ:સહાય, તથા દુ:ખથી કંપિત, જેની જીભ બહાર નીકળી આવે છે તેવી દુ:ખી ગાયોની (જનની દ્વારા) યોનીને એક ખાસ યંત્રથી ખોલીને એક લાંબી નળીથી ગર્ભાધાનમાં બળપૂર્વક વીર્ય દાખલ કરવામાં આવે છે. એથી ત્રણ મહીના બાદ ગર્ભ રહ્યો છે કે કેમ તે જાણવા માટે ગાયની ગુદામાં હાથ નાખીને છાણ કાઢવામાં આવે છે. અને આવી રીતે ઘણાજ નિર્દયતાવાળા પ્રયોગો કરવામાં આવે છે અને જ્યાં સુધી વાછરડું ન જન્મે ત્યાં સુધી આ કાર્યક્રમ ચાલુ રહે છે.

આવી રીતે દરેક પ્રયોગ વખતે બીચારી ગરીબડી, નિર્દોષ, નિરપરાધ, અબોલ જીવને ઘણીજ વેદના થાય છે, કે જેના દુ:ખદ અનુભવ પ્રત્યક્ષ જોતાંજ થાય. આ વખતે ગાય માતાનું આખું શરીર દુ:ખથી કેવું તરફડી ઉઠે છે, તેમજ તેની જીભ અને આંખોથી ચોધાર આંસું ટપકતાં માનવતાની નિર્દયતાપર ફીટકાર વરસાવે છે.

આટલું અસહ્ય દુ:ખ આપતા છતાં અને આવા પાશવી અખતરાઓ ગાયમાતા પર કરવા છતાં સેંકડે ૪૦ થી ૭૦ ટકા ગાયોને ગર્ભ રહેતો નથી. અને ઘણી વખત ગાયના ગર્ભસ્થાનમાં આવી ક્રિયાઓ કરવાથી લોહીના જેવા ભયંકર રોગો ઉત્પન્ન થાય છે કે જેથી કેટલીક ગાયોની જીંદગી બરબાદ થઇ જાય છે. જે ગાયમાતા ખેડુતોના હાથપગ છે તેના તરફ આટલી બધી ક્રુરતા?

કદાચ કોઇ ગર્ભાધાન સફળ થાય તો જે વાછરડું ઉત્પન્ન થાય છે તેને કાંધનો ભાગ ઉપસેલો હોતો નથી. જે ન હોવાના કારણે (કસાઇખાના સિવાય) કોઈ ઉપયોગમાં આવતું નથી.

પછવાદુન મંડળ, જીલ્લા દહેરાદુનમાં સ્થપાયેલ કેન્દ્રમાં આ કૃત્રિમ નિર્દય ગર્ભાધાન ગાયોના પર કરાવવા આવ્યા તેનો વિરોધ તેની જનતાએ સખ્ત રીતે કરવાથી કુદરતી ગર્ભાધાનનો માર્ગ લીધો. પરંતુ અનાચાર, અન્યાય અને બલાત્કાર પર સ્થપાએલી સરકાર આવું અપમાન કેમ સહન કરી શકે?

આથી સરકારે જનતાને આ અકુદરતી ગર્ભાધાનની યોજના પર આધાર રાખવા માટે દહેરાદુન જીલ્લામાં આવેલા સરકારી તેમજ પંચાયતના સાંઢોને પકડાવી કોઇ અજાણ્યા સ્થળે (કદાચ કસાઇખાનામાં) મોકલી દીધા. કે જેથી સાંઢની મુશ્કેલીથી આ સરકારી યોજનાને જનતા સ્વીકારે.

એક વાર ગાંધીજી કલકત્તામાં ગયા હતા ત્યારે ગાયોનું મશીનથી દૂધ કાઢવામાં આવતું જોઈને દૂધ પીવાનું છોડી દીધેલું અને આવી રીત બંધ કરવા માટે ગાંધીજીએ ઘણોજ વિરોધ

કરેલો પરંતુ એ ગાંધીજીની અહિંસક સરકાર અને લોકશાહીની કહેવાતી સરકારના રાજ્યમાં આવા હિંસક ઘાતકી અત્યાચાર એ શરમની વાત છે.

આ અકુદરતી ગર્ભાધાનની નિર્દય યોજનાની તરફ પ્રજાનો તિરસ્કાર તથા સાંઢો ન હોવાના કારણે જ્યારે ગાયને કુદરતી ગર્ભાધાન કરાવવાનો વખત આવે છે ત્યારે ગર્ભાધાન વગર રહેવા પામે છે.

કયાં એ પૂજ્ય ગાંધીજીના અહિંસક દયાભાવો ? બીચારા ખેડુતોના હાથપગ સમા બળદો તથા ગાયોના અભાવે શી હાલત થશે તેનો વિચાર કરતાં કંપારી છુટે છે. જે ગાય આવી રીતે કૃત્રિમ ગર્ભાધાન નિમિત્તે રોગીષ્ઠ થાય છે તેઓને કસાઈની છરીનો શીકાર બનવાનું જ રહે છે. આવી રીતે શ્રી નહેરૂજીની સરકાર પંચવર્ષીય યોજના પુરી કરીને જ સંતોષ માનશે ?

શું ઉત્તર પ્રદેશ તેમજ હિંદુસ્તાનની ગોભક્ત સંસ્થાઓ તથા જનતા કે જે ગાયોને માતા તરીકે પૂજે છે તે આવા અત્યાચાર અને બલાત્કાર સહન કરશે ? હિન્દુઓની ગાયો તરફ પવિત્ર ભાવના એક કૃત્રિમ ગર્ભાધાન કરાવવાની યોજનાને નામે હણાઈ રહી છે. અહિંસામાં માનનારા એવા ગાંધીજીના ભક્તોના હૃદયમાં શું જરાપણ દયાનો છાંટો કે માનવતા નથી રહી ? હમારા બુધ્ધિશાળી ધાર્મિક પ્રધાનોને આ યોજનાની અકુદરતી નિર્દયતા તથા હાનીનું શું જ્ઞાન નથી ?

આવું જો ન ઇચ્છતા હો તો તાકીદે આવાં દયાહીન અનૈતિક પાપાચારોની આવી યોજનાઓ તથા કસાઈખાનાઓ બંધ કરાવી આ યોજનાનાં નાણાં પાંજરાપોળો તથા સારા સાંઢોના ઉછેરમાં વાપરવા જોઈએ પરંતુ જો આ કોંગ્રેસ સરકાર પોતાના હેતુને બર લાવવા માટે આ યોજનાનો ત્યાગ ન કરવા ઇચ્છે તો બળજબરીથી જે સાંઢો હોય તે દૂર કરીને પ્રજાને પોતાના ઢોરો પર અત્યાચારની ફરજ પાડે તેવા પ્રયાસો બંધ કરવા જોઈએ.

હિંદુસ્તાનની તમામ ગોભક્ત સંસ્થાઓ તેમ જ જનતાની નૈતિક ફરજ છે કે ભારતની ગો-માતા પર આવા ઘોર પાપી અખતરા કરવા સામે બુલંદ રીતે વિરોધ દરેક ઠેકાણેથી ઉઠાવવો જોઈએ.

અનુવાદકઃ- **ઉત્તમચંદ રાયચંદ શાહ**
[“જૈનમિત્ર”ના અંક ૪૫ માંથી આભાર સાથે.]

## કર્મગ્રંથના અભ્યાસકો માટે ઉપયોગી

**કર્મસ્તવ** અને **બંધસ્વામિત્વ** [ ૨-૩ કર્મગ્રંથ ] સવિવેચન. વિવેચક પં. **ભગવાનદાસ હરખચંદ.** વિવેચન તદ્દન સ્પષ્ટ અને સરલ ભાષામાં સવિસ્તરપણે કરવામાં આવ્યું છે. અનેક ઉપયોગી યંત્રો છે. પ્રસ્તાવનામાં પણ ઘણા ઉપયોગી-જાણવા જેવા વિષયો ચર્ચવામાં આવેલ આવેલ છે. ૧૪ ગુણસ્થાનકોનું સ્પષ્ટપણે સમજાય તેવું સુંદર વિવેચન છે. તૃતીય કર્મગ્રંથના અભ્યાસકોના બોધ માટે ઉદયસ્વામિત્વ, ઉદીરણાસ્વામિત્વ તથા સત્તાસ્વામિત્વ નવીન જ આપવામાં આવેલ છે. ક્રા. સોળપેજી પૃષ્ઠ ૨૪૦, છતાં મૂલ્ય : ૧-૪-૦ પોસ્ટેજ અલગ.

લખો :— **સોમચંદ ડી. શાહ—પાલીતાણા** (સૌરાષ્ટ્ર)

# आत्मा परमात्मा का प्रतिबिंब है

श्री मंगलचन्द्र एस. सिंघी –सिरोही.

पूर्व परिचय: स्पष्ट है कि आत्मा एक अदृश्य शक्ति है और इस शक्ति पर अनेक विद्वानोने अपने अनेक मत प्रगट किये है। आत्मा अरूपी (निराकार) अमर अछेद्य व अभेद्य है। शास्त्रकारों ने भी परमात्मा का स्वरूप अरूपी, अमर, अछेद्य व अभेद्य बताया है,। स्पष्ट है, आत्मा परमात्मा का प्रतिबिम्ब है।

जब हम यह कहते है कि आत्मा परमात्मा का प्रतिबिम्ब है तो एक प्रश्न उपस्थित हो जाता है कि क्या प्रत्येक प्राणी की आत्मा परमात्मा है अथवा नहीं ? प्रत्येक प्राणी की आत्मा को परमात्मा का स्थान नहीं दीया जा सकता। क्युं की जैसा कि आगे लिखा गया है परमात्मा आत्मा का शुद्ध स्वरूप है और शुद्ध का अर्थ वास्तविक मुक्ति से है, ततः यह निश्चित रूप से नही कहा जा सकता कि प्रत्येक जीव की आत्मा शुद्ध ही हो और फिर जहां आत्मा और परमात्मा का सम्बन्ध है, आत्मा जन्म से मुक्त होने पर ही परमात्म पद (Place of god.) ग्रहण कर सकती है. अतः इस लोक में भ्रमण करने वाली प्रत्येक जीवात्मा को परमात्मा का प्रतिबिम्ब नहीं कहा जा सकता।

जैन दर्शन के कर्मवाद के अनुसार भी यह पूर्ण सत्य है कि आत्मा जन्म–जन्मान्तर से मुक्त होने पर ही सिद्ध रूप (god) ग्रहण करती है। आत्मा के शरीर धारण करनेका कारण यह है कि उसे अभी कर्म भोगना शेष है, सर्व कर्मों के नाश हो जाने पर ही वह इसको सदा के लिये मुक्त हो जाती है, जिसे हम इश्वर कहते है। आत्मा परमात्मा का प्रतिबिम्ब है यह उसी क्षेत्र में सत्य होता है जहां आत्मा अरिहन्त अवस्था में होती है दूसरे किसी क्षेत्र में नहीं, अरिहन्त पद तक पहुंचने के पश्चात् ही आत्मा, ईश्वर, सिद्ध, परमात्मा का स्थान ग्रहण कर सकती है। अतः प्रत्येक जीवात्मा को परमात्मा का प्रतिबिम्ब बता देना, प्रत्येक पीली धातु का स्वर्ण बता देने के तुल्य होगा। "All the glitter is gold" (instead of all thy glitter is not gold) यह कथन कहां तक युक्तिसंगत है पाठक स्वयं अनुमान लगा सकते है।

"आत्मा एक खाली कमरे का भांति है जिसे कर्म शरीर द्वारा सजाता है कर्म को जैसा वातावरण मिलेगा वही आत्मा का रूप होगा।" कर्म वातावरण में रहकर बनते है. ओर शरीर वातावरण में भ्रमण करता है अतः हम भी कह सकते है कि आत्मा का रूप वातावरण के अनुसार होता है। प्रमाण के लिये दे। तुरंत जन्में हुए बालको को लो, एक बालक को शिक्षित एवम् स्वस्थ वातावरण में रखकर पालो व दूसरे को अशिक्षित व गन्दे वातावरण में पालन पोषण करो। उनके कुछ बडे होने पर आप देखेंगें कि सामान्यतः बालक रहे हुए वातावरण के अनुसार कार्य करते है। अनेक विद्वानो ने अनेक प्रयोगो के द्वारा प्रमाणित किया कि प्राणी का चरित्र वातावरण के अनुसार बनता है। कहने का आशय यह है कि कर्म वातावरण में

बनते हैं और कर्मानुसार आत्मा का निर्माण होता है। और क्यों कि प्रत्येक मनुष्य का वातावरण भिन्न होता है अतः उनके कर्म भी भिन्न होंगे व कर्म के भिन्न होने पर आत्मा का भिन्न होना भी स्वतः स्पष्ट है। जिन प्राणियो को शुद्ध वातावरण में रहने का अवसर मिलता है उनकी आत्मा भी उज्ज्वल अवश्य होगी, परन्तु जिन प्राणियो का शरीर गन्दे तथा अश्लील वातावरण में रहता है उनके कर्म सुन्दर आदर्श कभी नहीं बन सकते, तो भला उन लोगो की आत्मा जिस पर गन्दा आवरण चढ गया है उसे परमात्मा का स्वरूप कैसा बताया जा सकता है? उसे दुरात्मा का स्वरूप ही बताया जा सकता है। दुरात्मा स्वयम् तो दुःखदायी कार्य करती है औ दूसरो को दुःखी करने की चेष्टा करती है।

कुछ लोगो की धारणा है कि मनुष्य ही परमात्माका पद ग्रहण कर सकता है और कोइ नहीं, क्योंकि (जीव) आत्मा केवल जानवरों में ही होती है वनस्पति में नहीं। मेरे अनुमान से ऐसा वही लोग कहते हैं जिनका एकपक्षीय ही अध्ययन है। अगर हम आत्मा के गुणों को ध्यान में रखकर वनस्पति का अध्ययन करें तो स्पष्ट हो जाता है की जिस प्रकार मनुष्य पंचेन्द्रियों के द्वारा स्वाद, शब्द, दृश्य, गन्ध एवम् तापादि का अनुभव करता है उसी प्रकार वनस्पति एकेन्द्रय जीव होते हुए भी पंचेन्द्रिय के विषय को ज्ञान प्राप्त करते हुए जान पडते है। इन एकेन्द्रिय जीवों में बाह्य इन्द्रिये तो एक ही होती है परन्तु भावेन्द्रियो तो वे पांचों होती है जो मनुष्य आदि जीवों में होती है। वनस्पति विज्ञान के विशेषज्ञों (Batanists) ने तो यह प्रमाणित करके दिखा दिया की यद्यपि जानवर और वनस्पति वर्ग को देखने से अत्यंत भिन्नता दिखती है परन्तु फिर भी इन दोनों में वे गुण समान रूप से पाये जाते है जिनके होने पर आत्मा का होना निश्चित किया जाता है। उदाहरण के लिये जाग्रत दशा, राग-प्रेम, हर्ष, शोक, लोभ, लज्जा, भय, माया, मैथुन, आहार, जन्म, वृद्धि, मृत्यु, रोग, औघ, संज्ञा आदि का अनुभव इन्हें भी मनुष्य एवम् अन्य जानवरों की भांति होती हैं। बाल्य, यौवन, वृद्धावस्था ये तीनो अवस्थाए भी इन जीवों में मनुष्य की भांति होती है। जिस प्रकार हमारी आयु निश्चित होती है। उसी प्रकार वनस्पतिकाय जीवों की भी आयु निश्चित होती है जिसके समाप्त हो जाने पर जिस प्रकार मनुष्य आदि जीव मर जाते हैं ये भी समाप्त हो जाते हैं।

गत जन्म के कारण वनस्पतिकाय जीवों मे कुशलता इस प्रकार होती है जिस प्रकार पक्षियों में सुघरी नामका पक्षी घौसला बनाने में कुशल होता है, तोता मैना, कोयल आदि जिस प्रकार मधुर शब्द बोलने में कुशल होते हैं, भ्रमर मीट्टी का घर बनाने में कुशल होता है वैसा कोई नहीं होता। वनस्पति जीवों में दूसरे एकेन्द्रिय जीवों का अपेक्षा विषय ग्रहण करने की शक्ति धारण करने में आश्चर्यजनक कुशलता रखते हैं।

(१) शब्द ग्रहण करने की शक्तिः- कंदल और कुंडल आदि बनस्पतियां मेघ गर्जन से पल्लवित होती है।

(२) रूप ग्रहण करने की शक्तिः- लताएँ,

घैले आदि उन्हें सहारा देने वाले भीत स्तम्भ आदि के आश्रय को वेष्टित करते हुए आगे बढती है।

(३) रस ग्रहण करने की शक्ति:- उरव चुकन्दर आदि भूमीसे मीठा रस चूसने में कुशल होती है। प्रत्येक पैड-पौध का रस एक विशेष स्वाद का होता है जो वे भूमीसे ग्रहण करते है।

(४) स्पर्श ग्रहण करने की शक्ति:- लज्जा-वन्ती के पैड से स्पष्ट होता है।

एक पुरुष जब उनकी पत्तियों को स्पर्श करता है तो वे स्वत: उसी समय संकुचित होने लगती है जब कि नारी के स्पर्श करने पर वे ज्यों की त्यों रहती है। यह उसके स्पर्श ज्ञानका प्रत्यक्ष प्रमाण है।

(५) सुगन्ध ग्रहण करने की शक्ति:- उख आदि वनस्पतियां धूप आदि की सुगन्ध से वृद्धि पाती है।

(६) निद्रा और जाग्रत अवस्था:-

पुआंड का वृक्ष, चन्द्र विकासी, सूर्य विकासी, कुमुद, कुमुदनी, अभारी के फूल विशेष समय में संकुचित होते है और विशेष समय में विकसित हो जाते है। अधिकांश पुष्प सूर्योदय होने पर विकसित होते है तो कुछ चन्द्रोदय होने पर। वनस्पतियों के विषय में यह भी सुना जाता है कि कुछ पैडे-पौधे रात्रि में झुक जाते है व दिन उगने पर पुन: उठ जाते हैं जो वनस्पति में निद्रा और जाग्रत होने का बताता है।

(७) राग और प्रेम - नारी के झांझर की झंकार से कटहल, अशोक, बकुल आदि वृक्ष फलते है।

(८) हर्ष:- ताड खजूर आदि वनस्पतियां मरुभूमी में भी फले फुले दिखाइ देती है। कुछ २ वनस्पतियां अकाल में भी उगी रहती है।

(९) लोभ:- श्वेत आक, पलाश बिली वृक्ष आदि के जडे भूमी में रहे हुये धन की निधियों पर फलती रहती है।

(१०) भय:- यह भी लज्जावन्ति के पौधे से स्पष्ट होता है।

प्रो० जगदीशचन्द्र वसु ने यह प्रयोग द्वारा प्रमाणित कर के बता दिया है कि जिस प्रकार मानवादि में भय के कारण कम्पन पैदा होती है उसी प्रकार पैड पौधों में भी भय के कारण कम्पन होता है। वे भी हमारी भांति सुख दु:ख का अनुभव करते हैं यद्यपि व्यक्त नहीं कर सकते।

(११) लज्जा:- पुरुष के स्पर्श से लज्जावन्ती की पत्तियों में जो संकुचन होता है वह लज्जा का प्रत्यक्ष द्योतक है।

(१२) मैथुन:- प्रत्येक वनस्पति विज्ञान का विद्यार्थी यह जानता है कि नर पुष्प का पराग मादा पर पडने पर ही उसमें फल उत्पन्न होता है। इसीलिये मादा वृक्ष के समीप नर वृक्ष लगाये जाते है दृष्टान्त के लिये पपीते का वृक्ष लो। जिन वनस्पतियो में नर और मादा वृक्ष नहीं होते उनके हर एक पुष्प में नर और मादा के दोनो अंग होते हैं जिससे सेचन क्रिया (Pollination.) बराबर होती रहती है। कुछ जलके पुष्प में से नर फूलका पराग उपर से पानी में गिरते ही मादा फूल जल से बहार निकल कर नर फूलका पराग

चूसकर, पुनः अन्दर चली जाती है यह मैथुन का स्पष्ट उदाहरण है। कहते है की युवा स्त्री के द्वारा आलिंगन करने से, हाव-भाव दिखलाने से या कटाक्ष से कइ वृक्ष फलते-फूलते हैं।

(१३) मानः- रोद्रवन्ती नामक वनस्पति से प्रत्येक समय पानी की बुंदे झरती रहती हैं क्युंकि इस वनस्पति से स्वर्ण सिद्ध होना बताया जाता है, अतः जो बुंबे झरती है इनसे एेसा लगता है कि बुंदे यह कह रहे है कि मैरे होते हुए भी जगत में निर्धन लोगो की संभावना कैसे हो सकती है।

(१४) मायाः- कई लताएँ अपने फलो को अपने पत्तो से ढककर रखती है। इस से उसमें माया, परिग्रह होने का पता चलता है।

(१५ क्रोधः- कोकनद का वृक्ष हुंकार की जो ध्वनि (Sound) करता है उससे अैसा लगता है कि वह किसी पर अपना क्रोध उगल रहा हो।

(१६) अहारः- प्रत्येक वनस्पति को हमारी और जानवरों की भांति भोजन, पानी प्रकाश, वायु आदि की आवश्यकता होती है।

कुछ अैसे पैड पौधों का भी पता चला है जो मनुष्य, जलचर आदि के मांस रक्त या कीट पतंगों का आहार करती हैं। जिस प्रकार मांसाहारी (Corniborus) जानवरों को मांस न प्राप्त होने पर वेदना होती है, यहां तक कि कभी न मिलने के क्षुधा से तडफते हुए प्राण त्याग देते है उसी प्रकार वे (मांसाहारी) पैड पौधे भी मांस आदि के अहार के न मिलने से सूख कर समाप्त हो जाती है।

(१७) जन्मः- बोने से वनस्पति पैदा होनी है, वर्षा ऋतु में अनेक प्रकार की वनस्पति उग जाती है।

(१८) वृद्धिः- जन्म के बाद हर एक वनस्पति बडी होती है।

(१९) मृत्युः- आयुष्य के पूर्ण होने पर वे भी समाप्त (मृत्यु) हो जाती है।

(२०) रोगः- जिस प्रकार मनुष्य आदि प्राणियों को अनेक रोग हो जाते हैं और दवाइ के उपचार से प्रायः ठीक भी हो जाते उसी प्रकार वनस्पतियों में भी अनेक रोग उत्पन्न हो जाते है जो रसायनिक पदार्थो के द्वारा समाप्त हो जाते है।

(२१) अेाघः- बेले चाहे किसी भीं स्थान पर क्यों उगी हो परन्तु चढने के लिये वृक्ष, बाढ (Afence) आदि की अेार स्वतः मुड जाती है तथा उन पर चडकर लिपट जाती है।

प्रत्येक पैडे-पौधे की शाखायें, पत्ते इत्यादि सूर्य की अेार ही बढते जाते है यह पैडे पौधो में अेाघ संज्ञा होनें का प्रत्यक्ष प्रमाण है।

मित्रो ! हमारे पास और कितने ही अैसे उदाहरण है जिनके आधार पर यह प्रमाणित होता है कि वनस्पति में ये सर्व क्रियायें आत्मा (चेतनत्व) के कारण ही होती है। इसे और स्पष्ट करने के लिये एक प्रयोग कर देखोः- कुछ बीज लो इनमें से कुछ बीजो को लेकर बो दो, शेष को तोड दो और उन्हें बो दो; इन्हें अंकुरित होने के लिये जिन २ तत्त्वों, पदार्थों की आवश्यकता होती है, दोनों को बराबर उचित मात्रा में देते रहो। कुछ दिनो के बाद

देखोगे कि कुछ बीज अंकुरित हो कर बराबर बढ रहे है। जब इन सबको बहार निकाल कर इनका निरीक्षण करो क्या देखते हो? जो बीज बिना तोडे फोडे बोये गये थे वे अंकुरित हो गये है, जब कि जिन बीजो को तोड कर भूमी में डाल गये थे उनसे अंकुर भी नही फूटा; इतना ही नही, वे बीज जिन्हे तोड कर भूमी में डाल गये थे वे सड कर पूर्णतया नष्ट हो गये है। क्यों? इसका क्या कारन है? इसका कारण यही है कि वह तत्त्व जो उस बीजको पैडे या पौधे के रुप में बदलने की शक्ति रखता है वह तोडने पर बीज से अलग हो गया; यही कारण है की बीज पूर्ववत् दशा में रहने के बदले सड कर समाप्त हो गया। जिस प्रकार मानव (प्राणी) के देह से आत्मा के अलग होने पर २-३ दिन में ही देह अनन्त जीव के उत्पन्न हो जाने से सडने लगती है। यह वही तत्त्व है जो प्राणि की जीवित देह में होता है, और वह आत्मा है।

जिस प्रकार प्राणियों (Animal) में अच्छी बुरी आत्माएँ होती है अच्छी आत्माऍ दूसरो को सुख देती है और बुरी आत्माएँ दुःख. उसी प्रकार वनस्पतियों में भी अच्छी बुरी आत्माएँ होती है। गुलाब अपनी सुगन्ध सेहत्राको सुगन्धित कर उस प्राणी को प्रसन्न करता है जो उसमें साँस लेता है. अनेक पैड पौधे अपने फलो द्वारा प्राणि को शक्ति प्रदान करते है तो बबुल जैसे वृक्ष दूसरो के वस्त्रों को फाडकर तन को भेदकर प्रसन्न होते है दूसरो को दुःखी देखकर स्वयम् हँसते है। कहते है जिस स्थान मोलश्री का वृक्ष होता है वहां दुःख कलह आदि का वातावरण बना रहता है, जहां अशोक वृक्ष होता है वहां मन को प्रसन्न करने वाला वातावरण फैला हुआ रहता है। कह नहीं सकता कि लोगों की यह धारणा कहां तक ठीक है पर अधिकांश उदाहरणों से काफी सत्यता प्रकट होती है। इस पर आप स्वयं सोच सकते हैं।

मित्रो! यह शत प्रति शत सत्य है कि पैड पौधों आदि वनस्पति में भी वह शक्ति एक निश्चित समय तक विद्यमान रहती है, जिस के कारण हम भी चलते फिरते है और वह है आत्मा। जब पैड पौधों में आत्मा का होना स्वतः सिद्ध है उनमें अच्छी बुरी आत्माएँ होने के प्रमाण मिलते है तब यह कहना कि मनुष्य की भाँति वनस्पति में परमात्मा का गुण नहीं है सर्वथा गलत है। उन्हे भी सब बातो का अनुभव होता है इसमें कोई सन्देह नहीं; उनकी गति भी कर्मानुसार होती है जो वनस्पतियां अच्छे कार्य करती हैं वे अच्छी गति की ओर अग्रसर होती जाती है, दुष्कर्मों के कारन वे भी दुर्गति की ओर चलती है इस में कोई भ्रम नहीं।

(आत्मा किस प्रकार परमात्मा का स्थान ग्रहण कर सकती है? दूसरे अंकमें)

---


## જુની ફાટેલી નોટો

અમોને જણાવતાં આનંદ થાય છે કે, અમો દહેરાસર, ઉપાશ્રય કે શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન સંસ્થાઓની **જુની ફાટેલી નોટો** તથા ઘસાઇ ગયેલા સિક્કા કમીશન વગર બદલી આપશું.

**કેશરીચંદ એમ. ઓશવાલ**

૫૨, વિઠ્ઠલવાડી મુંબઇ-૨

# શ્રી તારંગા તીર્થનો યાત્રા પ્રવાસ.

શ્રી જયંતિ શાહ

પોણાઅગીયાર વાગ્યે ઉપડતી તારંગા એક-સપ્રેસ ગુજરાતની ગોદમાં આગળ ને આગળ દોડી રહી હતી. સપાટ ધરતી હવે આડા ટેકરા-વાળી અને ડુંગરાળ બન્યે જતી હતી. વિસનગર વડનગર અને ખેરાળુ જેવા મોટા સ્ટેશનો વટાવી અમે ડુંગરાળ ધરતીમાં આવી ગયા હતા. જુદી જુદી જાતના ગામઠી પોશાક પહેરેલા ઉતારૂઓની વિચિત્રતા બંધ થઈ ગઈ હતી. અને કુદરતની વિચિત્રતા શરૂ થઇ હતી. ડુંગરોની હારમાળા અમારી ગાડી સાથે હારબંધ દોડી આવતી હતી. તેથી દોડતી ગાડી સાથે અમારા મન પણ ડુંગરોની હારમાળા જોવામાં પરોવાઇ ગયા હતાં. ધોમ ધખતા તાપમાં પણ ડુંગરોની હરીયાળી ઝાડીમાંથી આવતો મધુર ઠંડોપવન અમારા ગાલોને ચુમીને વિરુધ્ધ દિશાના ડુંગ-રોમાં છુપાઇ જતો. બળબળતા તાપમાં પણ ડુંગરોની હરીયાળી ઝાડી અમારી આંખોમાં અમીના સિંચન કરતી હતી.

આમ કુદરતના ખોળે ખેલતા–ખેલતા અમે ક્યારે તારંગાહીલ સ્ટેશનેપહોંચી ગયા તેનો તો અમને ખ્યાલજ રહ્યો નહિ. સ્ટેશન આવતાં અમે નીચે ઉતરી પડયા. ગાડી હવે અહીંથી આગળ જતી ન હતી. તારંગા સ્ટેશનથી તારંગા દૂર હોવાથી અમે તારંગા જવાની મોટરમાં બેસી ગયા. રસ્તો ડુંગરાળ, કઠીન અને કાચો હતો છતાં મોટર ઠીક ઠીક ગતિથી દોડતી હતી. ડુંગરોની નિરાળી દુનિયા હવે નવા નવા રંગ બદલતી હતી. કુદરતી સૌંદર્યમાં તો હવે કોઇ મણા જ ન હતી. છતાં ડુંગરોની ઢળકતી તળેટીમાં ઉગાડવામાં આવેલા મકાઇના ડોડા ઉપર સાંજનાં ધીમાં પણ તેજસ્વી સૂર્યના કિરણો પડતાં, ત્યારે મકાઈના કણે કણ સોનાની માફક ચમકી ઉઠતાં તે દેખાવ જોવાનો આનંદ અનેરો હતો. કેટલીક વખતે ઉંચા ઉંચા બે ડુંગરો વચ્ચેથી અમારી મોટર પસાર થતી, ત્યારે આખી મોટર ભૂગર્ભમાં સરી જતી હોય તેવો અંધકાર છવાઈ જતો. કેટલીક વખતે ડુંગર ઉપર લટકતી મોટી શીલા જોતાં અમે નવાઇમાં ગરકાવ થઈ જતાં. ડુંગરના બહુજ થોડા આધારે લટકતી એ શીલા કદાચ અમારી મોટરની ઉપર ગબડી પડે તો, અમારી અને અમારી મોટરની શું દશા થાય? એવી કલ્પના કરતાંજ અમે ધ્રુજી ઉઠતા. વળી કેટ-લીક વખતે રસ્તાની બન્ને બાજુએ આવેલી ઉંડી ખીણની કીનારી ઉપરથી મોટર પસાર થતી ત્યારે અમારા હૈયા આકાશમાં ચડી જતાં.

આખરે અમારી મોટર અટકી જેની અમે વર્ષોથી ઝંખના કરતાં હતાં, તેવા તારંગાનો દરવાજો અમારાથી થોડે દૂર ડુંગરના છેડા ઉપર ઉભો હતો. તારંગાના ફરતો કોઇ માન-વકૃતિથી બનેલો કોટ તો હતો નહિ, તેથી આ કોટ વગરનો દરવાજો જોઇ અમને આશ્ચર્ય તો થયું પરંતુ પાછળથી ખબર પડી કે, તારંગા ફરતો એક મહાન અડીખમ કુદરતનો ચણેલો કોટ છે. દરવાજા વગર તારંગામાં પ્રવેશવાની ઈચ્છા રાખનારે કાંતો ડુંગર અને ખીણમાં અથડાઇ–અથડાઇ ને પાછા ફરવું પડે છે. અને કાંતો દરવાજે આવી દરવાજાને વિનંતિ કરવી પડે છે. જૈન મંદિરની અઢળક સંપત્તિને લૂંટવાની ઇચ્છા રાખી આવનાર કેટલાય ડાકૂ–લૂંટારાને ડુંગરના પથ્થર નીચે ચગદાઈ, કે ખીણમાં પછડાઇ ખોખરા થઈ વિલે મોઢે પાછા ફરવું પડયું છે,

તારંગાના દરવાજામાં પેસતાંજ મોટું શહેર જોવાની ઇચ્છાવાળાએ તો અહિયા નિરાશ જ થવું પડે છે. કારણ કે દરવાજામાં પ્રવેશ્યા પછી પણ લગભગ પાંચેક માઇલના અંતર સુધી તો એના એ ડુંગર અને એના એ ઝરણાં, એ સિવાય નથી અહીંયા બજાર કે નથી કોઈ ચૌવટો. માત્ર પથ્થરોથી ભરેલા ઉંચા નીચા રસ્તા સિવાય અહીંયા કશુંજ નથી. આકાશ ભણી નજર કરતાં સિધ્ધશિલાના શિખર ઉપર આવેલી સફેદ દેહરી જેને કોટીશિલા કહે છે તે જોવા મળે છે. પાંચ માઈલનું અંતર કાપ્યા પછી કોઇ મોટા ડુંગરાના શિખર જેવા તારંગાજીના વિશાળ દેહરાસરના દર્શન થાય છે. તેની ચારે બાજુ ધર્મશાળાઓ આવેલી છે. ભોજનશાળાની પણ ઠીક સગવડ છે.

તારંગાજીના આ પવિત્ર જૈનતીર્થનો ઇતિહાસ ઘણો પ્રાચીન અને જાણવા જેવો છે. સંવત ૧૨૧૬માં ગુજરાતના મહારાજા કુમારપાળે જૈનધર્મ અંગીકાર કર્યો ત્યારથી માંડી સંવત ૧૨૩૦ સુધીના વચ્ચેના ગાળામાં આ દેવાલયો બાંધવામાં આવેલા, એવું સમજવામાં આવે છે. સંવત ૧૨૮૫માં લખાયેલા વસ્તુપાળના શીલાલેખમાં આ 'તારંગાક' પર્વતનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. તેથી આ તીર્થધામ વિશેષે કરીને પ્રાચીન છે. પ્રભાવક ચરિત્રના ગ્રંથકાર આચાર્ય શ્રી પ્રભાચંદ્રસૂરિએ આ પર્વતનો તારંગનાગ તરીકે ઉલ્લેખ કર્યો છે. ત્યાબાદ શ્રી સોમચંદ્રસૂરિજીના વિદ્વાન શિષ્ય શ્રી મુનિસુંદરસૂરિજીએ આ તીર્થધામનો ઉલ્લેખ તારણદુર્ગ તરીકે કરેલ છે.

—સામાન્ય લોકો આ પર્વતમાળાને તારણગઢ તરીકે ઓળખે છે. પરંતુ તારંગનાગનો ઉપયોગ સામાન્ય બનતાં આ તીર્થ ટૂંકાણમાં તારંગા તરીકે ઓળખાય છે. વાસ્તવિક રીતે જોઇએ તો તારણમાતાની મનોહર પર્વતમાળા ઉપરથી આ ડુંગરમાળા અને તીર્થનું નામ તારંગા પડયું છે.

તારંગાતીર્થનો ઇતિહાસ જેટલો રહસ્યમય છે, તેટલોજ આ તીર્થની સ્થાપનાનો ઇતિહાસ પુરાણો છે. ઇડરના મશહૂર અને ધનિક શેઠ વત્સરાજ સંઘવીનાં પુત્ર ગોવિંદ સંઘપતિએ જૈન તીર્થંકર શ્રી અજિતનાથ ભગવાનની મૂર્તિની પ્રતિષ્ઠા આ તીર્થમાં કરેલી. ગોવિંદ સંઘપતિ ઇડરના મહારાજા પુંજાજીના ખુબજ માનીતા હતા. તેથી તેમની પ્રેરણા અને મદદથી નવી મૂર્તિનું સ્થાપન કરવામાં ઘણી સરળતા પડી હતી. જુના જમાનામાં પણ ભગવાન અજિતનાથનું બિંબ તારંગામાં પૂજાતું હતું. પરંતુ પાછળથી મૂળ બિંબ ગુમ થયું હતું. જો કે વિક્રમની ચૌદમી સદીના ઉતરાર્ધમાં આ બિંબનું ઉત્થાન થયેલું, પરંતુ તેનો ઉલ્લેખ અહિંયા મળતો નથી.

ઈડરના શેઠ અંબાજી માતાના ભક્ત હતા. તેથી તેમણે અંબાજીમાતાની આરાધના કરી. મૂર્તિ માટે આરસ માગ્યો. માતાજી પ્રસન્ન થયાં અને આરાસુરની આજુબાજુમાંથી શેઠને આરસ પત્થર મળી આવ્યો. શેઠે તે આરસ પત્થર તારંગા લાવી મંગાવ્યો. અને તેની ભગવાન અજિતનાથની મૂર્તિ બનાવરાવી. ત્યારબાદ આચાર્ય શ્રી સોમસૂરિજી પાસે અંજનશલાકા કરાવી આ નવી મૂર્તિની સ્થાપના કરાવી. આ આ મૂર્તિની સ્થાપના વખતે લાખો માણસો અહીંયા આવેલાં. ગુજરાતના બાદશાહની ફોજના મુખ્ય અધિકારી તેમજ ગુણરાજ અને એકરાજ જેવા રાજ્યાધિકારી પણ એ વખતે અહીંયા રક્ષણ અર્થે આવેલા. ઈડરના મહારાજા પુંજાજીનું સૈન્ય પણ અહીંયા રક્ષણ અર્થે આવેલું તેમ સને ૧૪૭૯ના શીલાલેખ ઉપરથી જાણવા મળે છે.

આમ આ તીર્થના પ્રાચીન ઇતિહાસમાં ડોકીયું કરી અમે મંદિરમાં પ્રવેશ્યા. જેટલો તેનો પ્રાચીન ઇતિહાસ રહસ્યમય અને લાંબો છે તેટલીજ તેની શિલ્પકળા પ્રાચીન અને ભવ્ય છે. ભગવાન અજીતનાથનું આખું દેવાલય એક વિશાળ પત્થર જડેલા ચોકમાં આવેલું છે.—

ચોકની બરાબર મધ્યમાં ૧૪૨ ફૂટ ઉંચું, ૧૫૦ ફીટ લાંબુ, અને ૧૦૦ ફૂટ પહોળું દેવાલય આવેલ છે. આખું દેવાલય અષ્ટકોણ આકારે બનાવરાવવામાં આવેલું છે. તેનો મુખ્ય ઘુમટ આઠ અષ્ટકોણ સ્થંભો ઉપર બાંધવામાં આવેલો છે. ઘુમટની સુરક્ષિતતા રાખવા માટે બીજા ૧૬ સ્થંભો ઘણી જ કળાપૂર્વક ઉભા કરવામાં આવ્યા છે. મુખ્ય ઘુમ્મટને ટેકો આપતા અષ્ટકોણ સ્થંભો ઘણી જ કળાપૂર્વક ગોઠવવામાં આવ્યા છે. આ અષ્ટકોણ સ્થંભોનો ઘેરાવો ૮ ફૂટનો છે, અને તેની ઉંચાઇ ૧૫ ફૂટની છે. આવા ભવ્ય સ્થંભની રચના ખરેખર ખુબ જ આકર્ષક છે. આ ઉપરાંત આખા દેવાલયમાં અંદર અને બહારના થઇ લગભગ ૨૦૦ સ્થંભોની ગોઠવણી કરવામાં આવી છે. દરેક સ્થંભો ઉપર કોઈ ને કોઈ પ્રકારની કળા પાથરવામાં આવી છે. આટલા બધા સ્થંભોની મદદથી બાંધવામાં આવેલું આ દેવાલય પાછું ફક્ત સ્થંભોથી જ ભરપુર દેખાતું નથી, છતાં ભવ્ય અને આકર્ષક તો લાગ્યા વગર રહેતું નથી. ચોકના ઘુમટનો દેખાવ પણ ઘણો જ સુંદર છે. તેની છત ઉપર કરવામાં આવેલું આલેખન ખરેખર સુંદર છે.

આખા દેવાલયને ત્રણ માળ અથવા શ્રેણીમાં વહેંચી નાખવામાં આવ્યું છે. જો કે બીજી અને ત્રીજી શ્રેણીની રચના પ્રકાશના સાધન વગર જોઇ શકાય તેમ નથી, દેવાલયના ગર્ભદ્વારમાં આવેલી ભગવાન અજિતનાથની મૂર્તિ ઘણી જ વિશાળ અને ભવ્ય છે. પદ્માસન વાળીને બેઠેલી આ મૂર્તિના શિરને અડકવા માટે સાત પગથીયાવાળી સીડીની જરૂર પડે તેટલી તો ઉંચી છે, આખી મૂર્તિ આરસમાંથી બનાવરાવવામાં આવી છે. આ શિવાય ખંડો, કેડીઓ, પ્રવેશદ્વાર અને મંડપની રચનામાં શિલ્પીએ પોતાની દરેક કળા તન તોડીને વાપરી કાઢી છે, ગમે ત્યાં જુવો, દરેક પ્રકારના શિલ્પમાં વિવિધતા અને નવીનતાના દર્શન ડગલે ને પગલે થયા વગર રહેતાં નથી.



આખા મંદિરની રચના પત્થરમાંથી કરવામાં આવી છે. છતાં જ્યાં જ્યાં લાકડું વાપર્યું છે. ત્યાં ત્યાં ખેરનુ લાકડું જ વાપરવામાં આવ્યું છે. આવા પ્રકારનું સફેદ ખેરનું લાકડું વર્ષો સુધી સડતું નથી તેમ જ તેને ઉધાઇ પણ લાગતી નથી. આવું લાકડું મેળવવું પણ મુશ્કેલ અને મોંઘું હોય છે. લંડનમાં આવેલા ક્રાઈસ્ટના દેવળમાં, સિધ્ધપુરના રૂદ્રમાળમાં અને કેટલાક જૈન દેવાલયમાં આ લાકડાનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

ગમે તે રીતે જોઈએ તો પણ આખા મંદિરની સ્થાપત્યકળા ઘણી જ સુંદર છે. શિલ્પકારે જે કળા અને કારીગરી પત્થર ઉપર ઉતારી છે, તે ખરેખર અદ્‌ભુત છે. પત્થર ઉપર ઉતારેલું સાદું છતાં સુંદર આલેખન કળાની મહત્તા અનેક રીતે વધારી દે છે. અને તેને કારણેજ મંદિરની શોભા ચિરંજીવી બની જાય છે. મંદિરની આસપાસની દિવાલો ઉપર કોતરેલા ભારતીય કળાના સ્મરણચિહ્નો, નૃત્યના પ્રકાર અને ભાવ ખરેખર અદ્‌ભુત છે. ભારતીય કળાના સંસ્કાર નૃત્યની નકશી અહિંયા પત્થરે પત્થર ઉપર કોતરાઈ ગઇ છે. આપણી

પ્રાચીન કળાનો ભવ્ય વારસો આપણાં મનમાં અનેક પ્રકારના ભાવ ઉપજાવ્યા વગર રહેતો નથી.

આખા દેવાલયમાં ફરી ઉત્તરમાં આવેલા સિધ્ધશિલાના ડુંગર ઉપર ચઢવાનું શરૂ કર્યું. ચઢાણ જો કે અઘરુ હતું. છતાં ખરેખર નિર્ભય હતું સિધ્ધશિલા ઉપર આવેલા સિધ્ધ ભગવાનના પગલાંનાં દર્શન કરી અમે નીચે ઉતર્યા.

દક્ષિણમાં આવેલી કોટીશિલાના ડુંગર ઉપર ચઢવું અશકય હતું તેથી દુરથી દેવાલયના દર્શન કરી અમે મોક્ષની બારી અથવા ધર્મપાપની બારીવાળા પૂર્વના નાનકડા ડુંગર ઉપર ચઢવા લાગ્યા. ચઢાણ ઘણું ઓછું હતું વળી રસ્તો પણ સારો અને કેટલીક જગ્યાએ પગથીયાવાળો હતો.

ધર્મ-પાપની નાનકડી બારીમાંથી આખા શરીરને બહાર કાઢી અમે અમારા ધર્મ-પાપનું માપ કાઢયું. ત્યારબાદ થોડીવાર બેસી વિશાળ પટમાં વહેતી સાબરમતીનાં દર્શન કરી નીચે ઉતર્યા. સમય ઓછો હતો તેથી સીધા જ તારણ અને ધારણને રસ્તે પડયા. (બાકી)

★

## નમ્ર વિનંતિ

પાલીતાણા [સિધ્ધક્ષેત્ર] માં શ્રી વર્ધમાન તપની ઓળીનો પાયો નાખનાર ભાઈ-બ્હેનોને અમદાવાદ નિવાસી **શેઠ શ્રી જેચંદભાઈ કેવળદાસ**નાં માતુશ્રી **શ્રી ચંદનબેન** તરફથી સવા રૂા. ની પ્રભાવના નીચેના સ્થળેથી લઈ જવા નમ્ર વિનંતિ છે

આયંબિલ ભવન પાલીતાણા — સેક્રેટરી **પ્રેમજીભાઇ નાગરદાસ**

તા. ક:- પચાસ કે તે ઉપરાંત વર્ધમાનતપની ઓળી કરનારને તેઓ તરફથી 'શ્રી વર્ધમાન તપ માહાત્મ્ય' દળદાર પુસ્તક ભેટ મળશે.

★


## પ્રતિષ્ઠા કરવાનો અમૂલ્ય લાભ

વૈશાખ માસમાં પ્રતિષ્ઠા થશે

સિધ્ધપુર એ આપણું પ્રાચીન શહેર છે. જ્યાં ૨૯ જિનમંદિરો હોવાના પુરાવા મળેલ છે. હાલ ત્યાં વિશાળ બે મોટાં બે માળનાં સુંદર જિનમંદિરો છે, હજારોના ખર્ચે બન્ને જિનમંદિરોનો જીર્ણોધ્ધાર થયો છે. પ્રતિષ્ઠા વૈશાખ મહિનામાં થવા સંભવ છે. પૂ૦ આચાર્યદેવ શ્રીમદ્ વિજયરામચંદ્રસૂરીશ્વરજી મહારાજ પધારશે.

હવે પ્રતિમાજી નકરાથી આપવાનાં ફક્ત ૧૨ જ રહ્યાં છે.

**મૂળ ગભારામાં રૂા. ૪૦૧ નકરાના ૭ પ્રતિમાજી અને ઉપરના ગભારામાં રૂા. ૩૦૧, નકરાના પાંચ પ્રતિમાજી આપવાના છે.**

પ્રભુજી પધરાવવાની ભાવનાવાળા ભાઇ-બ્હેનોએ વહેલાસર નોંધાવી લેવા વિનંતિ છે.

તા. ક:- નકરાથી પ્રભુજી બેસાડનાર ભાગ્યશાળીનું નામ ગાદી નીચે લખવામાં આવશે.

**શ્રી જૈન શ્વે૦ મૂ૦ સંઘ** C/o દોલતરામ વેણીચંદ ગંજબજાર **સિધ્ધપુર**

# શાહી શાહી કે રોશનાઈ !

શ્રી ‘સુધા’

આ જંબૂદ્વીપના દક્ષિણ ભારતમાં અલકાને પણ શરમાવે ને સર્વશ્રેષ્ટ શિરોમણિ ધનાઢયોથી શોભતા ને બુધ્ધિમાનોથી વિરાજિત બનેલ, જ્યાં પૃથ્વીના સ્થાન અને આકાશની સાથે વાદ કરતી મહેલની ધ્વજાઓ ફરકી રહી છે, એવા લક્ષ્મીપુર નગરને વિષે પરાર્થમાં રસિક, ધર્મજ્ઞ, નીતિ કળાદિ પરાક્રમી સર્વજ્ઞ નરેશ શિરોમણિ એવો લક્ષ્મીકાન્ત રાજા રાજ્ય કરે છે. જેના અંતઃપુરની ઉપમાની તો સીમાજ નથી, કે અપ્સરાઓ પણ મૃત્યુલોકમાં આવતા લજ્જા પામે છે. એવા અંતઃપુરથી શોભતો રાજા એક વખત રાજસભાને વિષે બેઠો છે. તે વખતે ધર્મજ્ઞ એવા રાજાએ પ્રજાજનોના પ્રબોધ માટે કવિરાજાને પ્રશ્ન કર્યો; અરે કવિરાજ ! મારી સભામાં અનેક મંત્રીઓ ને કવિઓ છે, તો હવે મારા આ પ્રશ્નનો ‘ઉત્તર આપો ? ‘શાહી શાહી કે રોશનાઈ !’

ત્યારે કવિરાજ ઉત્તર આપે છે, ‘હે રાજન્ આપ કહો છો તે સત્ય છે. શાહી શાહી પણ છે ને રોશનાઈ પણ છે. આપણે જોઇ શકીએ છીએ જો નીતિ સહિત સુપુત્ર જે કાંઇ લખે તે જ રોશનાઇ છે બલ્કે અજવાળું છે. અને કુપુત્ર લખેલ ભૂંસી નાખે તેજ કાળું છે. કહેવત પણ છે કે ‘કરે કપુત સાહી ભૂંસી ધોળા ઉપર કાળું’ કવિરાજ આગળ વધીને કહે છે કે, સાહીનો સ્વભાવ કાળું કરવાનો ને રોશનાઇનો સ્વભાવ ઉજ્જવળ કરવાનો છે, છતાં પણ બન્ને સરખા ઉતરે તેમ છે. કાળા રંગની સાહીથીજ લખાયેલ પુસ્તક પણ નીતિ, પ્રામાણિકતા, ધર્મ, ત્યાગ આદિ તથા દેવ–ગુરુ–ધર્મ તત્ત્વ જણાવવા દ્વારા મનુષ્યો ઉપર કહો કે અનેક ભવ્ય આત્માઓ ઉપર કલ્યાણના સાધનરૂપ જ્ઞાનપ્રકાશનું કાર્ય કરે છે. તેજ રોશનાઇ હાલ ઝળકી રહી છે. આપણે નજરે જોઇએ છીએ–પૂર્વના મહાઆચાર્યોએ ફરમાવેલા તત્ત્વો જે આજે હજારો વર્ષ થયા છતાં શ્રુતજ્ઞાન રૂપે આ જગતમાં અખંડ જ્ઞાનરૂપી સૂર્યનો ઉદય ચાલુ જ છે. જેથી એ અપેક્ષાએ જ રોશનાઈ છે. તે સાહી નહી બલ્કે રોશનાઈ છે. જે આજે પણ શાસનપ્રભાવક આચાર્યદેવો શ્રુતજ્ઞાન દ્વારા ઠેર ઠેર જ્ઞાનપ્રકાશની રોશનાઇ પ્રગટાવે છે. તત્ત્વજ્ઞાનની રોશનાઇ ઝળકતી હશે તોજ કલ્યાણ હાથની હથેળીમાં રહે છે. કવિરાજ કહે છે કે, આજ કાલ કપુત પાકે છે જે સાહી ભૂંસી સફેદ પર કાળું કરે છે એમ નહી પણ મુખ કાળા કરે છે જે આજે જોવાય છે કે ( સારે કપુત કહી ભૂંસી મોઢા ઉપર કાળું ) જેથી હે રાજન્ ! આજ સાહી રોશનાઈની સરખામણી છે. ખરેખર સાહી સાહી નહી પણ રોશનાઈ બનીને મિથ્યાત્વ રૂપી અજ્ઞાન અંધકાર દૂર કરીને ભવ્યજીવોને અજર અમર શાશ્વત પદ અપાવે છે. આજે પણ કલ્યાણ માસિકનું સાહિત્ય પંદર–પંદર વર્ષોથી ભારતના ભવ્યજીવોને તે જ્ઞાનનો પ્રકાશ આપે છે તે રીતે સદા આપતું રહો !

---


**ફક્ત વાપરનાર માટે**

સુવર્ણ યુક્ત ચન્દ્રોદયની ગોળી તોલા ૧ ના રૂા. વીશ પોસ્ટેજ અલગ. પૂ. સાધુ-સાધ્વી મહારાજને બે આની ભાર ભક્તિ નિમિત્તે ફ્રી મોકલવામાં આવશે.

**શેઠ જયંતિલાલ સુખલાલ**

કાપડ બજાર **સાણંદ**

(અનુસંધાન ૬૪૬ પેજનું ચાલુ)

**અઠ્ઠાઈ મહોત્સવ :** લાંઘણુજ મુનિરાજ શ્રી સુબોધવિજયજી મહારાજના સદુપદેશથી સંઘવી ખોડીદાસ છગનલાલ તરફથી વિશસ્થાનક તપની પૂર્ણાહુતિ નિમિત્તે અઠ્ઠાઇ મહોત્સવ ઉજવવામાં આવ્યો હતો. પૂજા, આંગી, ભાવના, નવકારશી વગેરે સારા પ્રમાણમાં થયું હતું.

**જ્ઞાનભંડાર :** અમલનેર પૂ૦ આ૦ શ્રી વિજયયશોદેવસૂરિજી મહારાજના સદુપદેશથી પ્રાચીન ગ્રંથભંડારને વ્યવસ્થિત બનાવી નવા ઘણા આગમ ગ્રંથોનો સંગ્રહ કરવામાં આવેલ. જ્ઞાનમંદિરનું ઉદ્‌ઘાટન મુંબઈ નિવાસી શેઠ શ્રી ગોવીંદજી જેવત ખોનાના વરદ હસ્તે થયું હતું. ૪૫ આગમની ભવ્ય રચના કરવામાં આવી હતી. પાંચ દિવસનો મહોત્સવ ઉજવવામાં આવ્યો હતો.

**સિદ્ધચક્રજી મહાપૂજન :** પંન્યાસજી રામવિજયજી મહારાજની નિશ્રામાં આસો વદિ ૬ ના રોજ મોતીશા જૈન દહેરાસરના વિશાળ મંડપમાં શ્રી સિદ્ધચક્ર યંત્રોદ્ધારનું મહાપૂજન ઘણા ઉત્સાહપૂર્વક થયું હતું, પૂ૦ આ૦ શ્રી વિજયામૃતસૂરિજી મ૦ પૂ૦ આ૦ શ્રી ધર્મસૂરિજી મ૦ તથા પૂ૦ આ૦ શ્રી વિજયકસ્તુરસૂરિજી મહારાજ આદિ પધાર્યા હતા.

**કાલધર્મ પામ્યા :** પૂ૦ પં૦ શ્રી મોતીવિજયજી ગણિવરશ્રીના શિષ્યરત્ન પૂ૦ પંન્યાસજી શ્રી સુમતિવિજયજી ગણિવર ૭૮ વર્ષની વયે પાલીતાણા–આરીસાભુવનમાં કારતક વદ ૧૧ ના કાળધર્મ પામ્યા છે. તેઓશ્રી સરળ સ્વભાવી, ભદ્રક પ્રકૃતિના હતા. ઘણા સમયથી તેઓ વા' ની પીડાથી બીમાર હતા. તેઓશ્રીના શિષ્યરત્ન મુનિરાજ શ્રી મતિવિજયજી મ૦ શ્રીએ તેમની સુંદર પ્રકારે વૈયાવચ્ચ કરી હતી. તેઓશ્રીનો દીક્ષા પર્યાય ૪૭ વર્ષ હતો. તેઓશ્રીનો પુણ્યાત્મા પરમશાંતિ પામો.

**ધાર્મિક પરીક્ષાઓ :** મહેસાણા જૈન શ્રેયસ્કર મંડળ તરફથી પરીક્ષક શ્રી રામચંદ ડી. શાહે ઓકટોબર મહિનામાં ઊંઝા, માંડલ. દસાડા, આદરીઆણા, ધામા, ઝીંઝુવાડા, પાટડી, સુરેન્દ્રનગર, જોરાવરનગર, સાયલા. લખતર, વિરમગામ, રામપુરા, રાંતેજ, શંખલપુર, ઝોટાણા, એરવા વગેરે ગામોની પાઠશાળામાં ભણતાં બાલક–બાલિકાઓની ધાર્મિક પરીક્ષા લીધી હતી. પરીક્ષકે દરેક જગ્યાએ યોગ્ય માર્ગદર્શન આપી પાઠશાળાઓને વધુ વિકસિત કરવા માટે ભલામણ કરી હતી.

**માલવાડા :** મુનિરાજ શ્રી કૈલાસપ્રભવિજયજી મહારાજની નિશ્રામાં નવલાખ નવકારમંત્રની આરાધના સકલ સંઘે ભેગા થઇને કરી હતી. ચોમાસામાં શ્રી વર્ધમાન તપના સો ઉપરાંત પાયા નખાયા હતા તેઓનાં પારણાં શ્રી શીવલાલ પેથાજીને ત્યાં થયેલ અને રૂા એક તથા શ્રીફળની પ્રભાવના કરી હતી. ૧૩ દિવસનો મહોત્સવ થયો હતો, પૂજા, આંગી, ભાવના, પ્રભાવના, વગેરેમાં જનતાએ સારો લાભ લીધો હતો.

**પ્રાચીન પ્રતિમાઓ :** વાવથી ૧૨ માઇલ દૂર આવેલ ભોરોલ તીર્થના દહેરાસરના ચોકમાં દરવાજો અને મંડપનું ખોદકામ કરતાં ચોકનાં ખુણામાં એક ફુટ નીચે રેતીમાં સુરક્ષિત પાષાણની ૩૨ પ્રતિમાઓ અને બે કાઉસ્સગીયા સં૦ ૨૦૧૪ ભાદરવા વદિ ૬ ના રોજ નીકળ્યા હતા. પૂ૦ મુનિરાજ શ્રી ભુવનવિજયજી મહારાજ આદિ ચાતુર્માસ હતા. આ પ્રતિમાઓમાં મોટા ભાગની ૧૩૫૫ માં પીંગળગચ્છના આચાર્યના હાથે પીપળપુર પટન નામે નગરમાં પ્રતિષ્ઠા કર્યાનો લેખ છે. ભોરોલ આજુબાજુ કેટલાક અવશેષોના લેખોથી તેની નજીકમાં ઘણા વખત અગાઉ 'પીપળપુર પટન' નામે મોટું નગર હોવાનું માનવામાં આવતું હતું તે આ પ્રતિમાજીના લેખ ઉપરથી વધુ સાબીત થાય છે, યાત્રાળુઓ માટે ધર્મશાળા અને ભોજનશાળાની સગવડતા છે ભાભર સ્ટેશનથી રોજ બે વખત મોટર બસ આવ જાવ થઇને જાય છે.

**ઈનામી મેળાવડો :** સુરેન્દ્રનગર જૈન પાઠશાળાની ધાર્મિક પરીક્ષા જૈન શ્રેયસ્કર મંડળના પરીક્ષક શ્રી રામચંદ્રભાઇ ડી. શાહે લીધી હતી, જેનો ઇનામી સમારંભ તા. ૨૬–૧૦–૫૮ ના રોજ પૂ૦ મુનિરાજ મંગળવિજયજી મહારાજની અધ્યક્ષતામાં યોજવામાં આવ્યો હતો. મંગલાચરણ સંવાદ, ગરબા, રાસ વગેરે થયા બાદ શ્રી ચંપકલાલભાઇ માસ્તરે પાઠ-

શાળાનો આવક-જાવકનો હિસાબ રજુ કર્યો હતો. ત્યાર બાદ શ્રીયુત બાપાલાલભાઇએ પાઠશાળામાં આ વર્ષે પડેલ ૧૨૦૦ રૂા. ના તોટાને જુદી-જુદી વ્યક્તિઓ પાસેથી ભરાવી જાહેરાત કરી હતી. આગળ ચાલતાં તેઓએ જણાવ્યું હતું કે પાઠશાળામાં હાલ ૪૮૫ અભ્યાસકો લાભ લે છે. તે સંઘને માટે ગૌરવરૂપ છે, શ્રીયુત કેશવલાલ ત્રિકમલાલ વેરા તરફથી મૂકાએલ છ હજારની રકમના વ્યાજમાંથી રૂા. ૪૦૦, તેમના હાથે વહેંચાયા હતા. શ્રી નાથાલાલ મોહનલાલ પત્થરવાળા તરફથી પેંડાની પ્રભાવના થયેલ.

**પ્રથમ નંબરે:** શ્રી જૈન તત્ત્વજ્ઞાન વિદ્યાપીઠ પુના તરફથી લેવાતી ધાર્મિક પરીક્ષામાં શ્રી વર્ધમાન જૈન બોર્ડીંગ અને વિદ્યાલય કટારીઆના વિદ્યાર્થી શ્રી રસીકલાલ ખીમજી ધાર્મિક પરિચયની પરીક્ષામાં ભારતભરના કેન્દ્રોમાં પ્રથમ નંબરે આવેલ છે, પુના વિદ્યાપીઠ તરફથી સુવર્ણચંદ્રક ભેટ મળેલ છે અને જૈન બોર્ડીંગ તરફથી રૂા. ૨૫, પ્રોત્સાહન રૂપે અપાયા હતા.

**પ્રભુજીની પધરામણી:** નાથપુરામાં દશ-બાર ઘરો જૈનોનાં છે, ઘર દહેરાસરમાં શ્રી મલ્લિનાથ ભગવાનને ખુબ ધામધુમથી બિરાજમાન કર્યા હતા. જૈન ભાઇઓમાં ઉત્સાહ અને લાગણી વિશેષ હતાં.

**નવસો આયંબીલ:** પંન્યાસજી ભદ્રંકરવિજયજી મહારાજના શિષ્યરત્ન મુનિરાજ શ્રી ચંદ્રયશવિજયજી મહારાજશ્રીએ સં. ૨૦૧૫ કાર્તિક વદિ ૨ સુધીમાં ૯૦૦ આયંબિલની અખંડ પણે આરાધના કરી છે. ૧૦૦૮ આયંબિલ સતત ચાલુ રાખવાની ભાવના છે.

**યાત્રા પ્રવાસ:** શ્રી ચંદ્રપ્રભુ જૈન ભક્તિ મંડળ મુંબઇ તરફથી કચ્છ-ભદ્રેશ્વર તથા મહાગુજરાતના ૪૫ તીર્થોની એક ટુર ગોઠવાઇ છે. મુંબઇથી માગશર શુદિ ૧૦ ના રોજ સ્ટીમર મારફત યાત્રા પ્રવાસ શરૂ થશે. પ્રથમ માંડવી, સુથરી, જખૌ, કોઠારા, નલીયા, ભુજ, મુંદ્રા, ભદ્રેશ્વર, અંજાર, ગાંધીધામ, ભીલડીયાજી, શંખેશ્વર, પાટણ, તારંગા, પાનસર, ભોયણી, શેરીસા, અમદાવાદ વગેરે થઇ ટ્રેઇન મારફત મુંબઇ માગશર વદિ ૧૦ ના રોજ પાછા ફરશે. યાત્રાએ જવા ઇચ્છનારે વધુ પત્ર વ્યવહાર શ્રી ચંદ્રપ્રભુ જૈન દહેરાસર સેન્ડહર્સ્ટ રોડ મુંબઇ એ સીરનામે કરવો.

**દેશી દવાઓ ભેટ:** ખાત્રી વાળી નીચેની દવાઓ ફક્ત પૂ૦ સાધુ-સાધ્વીજી મહારાજને ઉપયોગ માટે શ્રાવક મારફતે આપવાની છે. દવાઓના નામ સહસ્રપુટી અભ્રક ભસ્મ, સુવર્ણભસ્મ, મૌક્તિકભસ્મ, મૌક્તિક પિષ્ટિ, સુવર્ણમાક્ષિક ભસ્મ, પ્રવાલ ભસ્મ દવા વૈદ્ય તથા શ્રાવકના સીરનામે મંગાવવી જૈન મેડીકલ સ્ટોર અડોની (આન્ધ્ર)

**ઉપધાન તપ:** ગોલ (ઉમ્મેદાબાદ) ખાતે મુનિરાજ શ્રી સુજ્ઞાનવિજયજી મહારજની નિશ્રામાં શ્રી હરખચંદ સમરથમલ એન્ડ કું. તરફથી ઉપધાન તપની આરાધના કાર્તિક વદિ ૨ થી શરૂ થઇ છે.

**ચમત્કાર:** સાવરકુંડલા શ્રી વસુમતિબેન દલીચંદ દોશીને આસો વદિ ૬ ની રાત્રીએ એક સ્વપ્ન આવ્યું, જેમાં પૂ૦ સુબુદ્ધિવિજયજી મહારાજને જોયા. પૂ૦ મહારાજશ્રીએ ધર્મલાભ આપી ત્રણ આયંબિલ કરવા જણાવ્યું. સવારે ઉઠીને જોતા હથેળીમાં તેમજ પથારી ફરતાં કંકુના અને ચોખાના સાથીઆ જોયા. આ સમાચાર ગામમાં ફેલાતા જનતાએ આ ચમત્કારિક ઘટના નિહાળી હતી. આમ ત્રણ દિવસ લગી ચાલ્યું હતું.

**પ્રતિમાજી નીકળ્યાં:** જાવાલથી આઠ માઇલ દુર અન્દોર ગામના એક સુતાર ભાઇના મકાનનો પાયો ખોદતા પ્રાચીન સાત પ્રતિમાજી ૨૩ થી ૩૫ ઇંચના નિકળ્યા છે.

**ધાર્મિક પરીક્ષા:** સિધ્ધક્ષેત્ર જૈન શ્રાવિકાશ્રમની બહેનોની ધાર્મિક પરીક્ષા સાધ્વી શ્રી લાવણ્યશ્રીજી મ૦ લીધી હતી. પરિણામ સંતોષજનક હતું.

એક ઇનામી મેળાવડે યોજી મુંબઇ એજ્યુકેશન બોર્ડ તથા પુના વિદ્યાપીઠની પરીક્ષાના પરિણામ જાહેર કરી ઇનામો શેઠ શ્રી ખુશાલભાઈ ખેંગારભાઇનાં ધર્મપત્ની શ્રી ઝવેરબેનના હાથે વહેંચાયાં હતા.

શેઠ શ્રી જીવતલાલભાઇ પ્રતાપશીભાઈ કાર્તિક શુદિ ૧ ના શ્રાવિકાશ્રમની મૂલાકાતે પધાર્યા હતા અને તેમના પ્રમુખસ્થાને એક મેળાવડો યોજવામાં આવ્યો હતો. સંસ્થાની કાર્યવાહિની રૂપરેખા શ્રી મનસુખલાલ જીવાભાઇએ રજુ કરી હતી. પ્રાસંગિક વિવેચનો થયાં હતાં.

**વ્યાયામના પ્રયોગ :** તા. ૫-૧૨-૫૮ ના રોજ શેઠ શ્રી રતિલાલ દલસુખભાઈને પ્રમુખસ્થાને શ્રી સિદ્ધક્ષેત્ર જૈન બાલાશ્રમનો એક મેળાવડો યોજવામાં આવ્યો હતો, વિદ્યાર્થીઓએ વ્યાયામના આકર્ષક પ્રયોગો કર્યા હતા. સંસ્થાના સુપ્રીટેન્ડેન્ટ શ્રી મગનલાલભાઈએ, શ્રી ફુલચંદભાઈએ તથા શ્રી શામજીભાઇ માસ્તરે પ્રાસંગિક વિવેચન કર્યાં હતાં. પ્રમુખ શ્રી તરફથી સંસ્થાને રૂા. ૩૦૧, ની રકમ જાહેર થઇ હતી.

**કોલેજ અંગે વિરોધ :** મુંબઈ ભાયખાલા જૈન દહેરાસરને લગતી જે જગ્યા ખાલી પડી છે તે જગ્યાએ કોલેજ ઉભી કરવાનો વિચાર ચાલે છે અને તેમાં ટ્રસ્ટનાં નાણાંનો ઉપયોગ કરવા અંગે જનતાનો વિરોધ છે. દહેરાસર-ઉપાશ્રય અને આજુબાજુ જૈનો વસતા હોય ત્યાં કોલેજ ગીચ વસ્તીમાં ઉભી કરવી એ વ્યાજબી નથી, જતે દિવસે દહેરાસર અને ઉપાશ્રયની જગ્યા પણ કોલેજના ઉપયોગમાં લઈ જવાનો ભય ઉભો રહે છે. આ અંગે ટ્રસ્ટી સાહેબોને વિચારણા કરવાની ભલામણ છે.

**ધર્મશાળાનું ઉદ્‌ઘાટન :** કુમ્ભોજ તીર્થ એ કોલ્હાપુર નજીક આવેલ છે. દક્ષિણ મહારાષ્ટ્રનો 'શત્રુંજય' એ ઉપનામથી સુપ્રસિદ્ધ થયેલ છે. ધર્મશાળાની ખુબજ આવશ્યકતા હતી. ધર્મશાળાનું ઉદ્‌ઘાટન અમદાવાદ નિવાસી શેઠ શ્રી રતિલાલ નાથાલાલના શુભહસ્તે માગશર શુદિ ૫ ના રોજ થયું છે. ઉદ્‌ઘાટન સમારોહનો મેળાવડો શ્રીયુત દેવચંદભાઇ છગનલાલના પ્રમુખપણા નીચે યોજવામાં આવ્યો હતો.

**ઉપધાન તપ :** શ્રી કુંભોજ તીર્થમાં પૂ૦ મુનિરાજ શ્રી મુક્તિવિજયજી મહારાજશ્રીની નિશ્રામાં ઉપધાન તપની શુભ આરાધના શરૂ થઇ છે.

**પૂજ્ય શ્રી પંન્યાસજી મહારાજ શ્રી પ્રવીણવિજયજી મ૦ તથા પૂજ્ય પંન્યાસજી મહારાજ શ્રી મહિમાવિજયજી મ૦ ના સદુપદેશથી તેમજ પૂજ્ય સાધ્વીજી શ્રી લાવણ્યશ્રીજી તથા પૂજ્ય સાધ્વીજી શ્રી સુભદ્રાશ્રીજીની શુભપ્રેરણાથી નાની બાલિકાઓએ વર્ધમાન તપના પાયા નાખ્યા તેઓનું તથા નવપદજીની ઓળીની આરાધના કરનારાઓનું ગ્રુપ.**



**વર્ધમાન તપના પાયા**

**ડાબેથી પહેલાં,** હીનાબેન છોટાલાલ. ઉં. વ. ૧૧ (૨) રસીલાબેન વીરચંદભાઇ ઉં વ. ૧૦

**વચ્ચે :-** પ્રેમીલાબેન ચંદુલાલ ઉં. વ. ૧૦

**જમણેથી પહેલાં**-ચંદ્રાબેન જેઠાલાલ ઉં. વ. ૧૧ (૨) ધર્મિષ્ઠાબેન બુલાખીદાસ ઉં. વ. ૧૧

**પાછળ ઉભેલાં**-(૧) કોકીલાબેન ભીખાલાલ ઉં વ. ૧૪ (૨) મૃદુલાબેન સાંકલચંદ ઉં. વ. ૧૪ (૩) કોકીલાબેન મણીલાલ ઉં. વ. ૧૪ (૪) પુષ્પા- બેન છોટાલાલ ઊ. વ. ૧૪ (૫) હંસાબેન ખેમચંદ ઉં વ. ૧૨ (૬) નિર્મળાબેન સોમાલાલ ઉં. વ. ૧૪ (૭) કોકીલાબેન સોમાલાલ ઉં. વ. ૧૨

**આયંબિલની ઓળી :-**

(૧) ચંદ્રાબેન ડાહ્યાલાલ ઉં. વ. ૧૧
(૨) નયનાબેન મનુભાઈ ઊં. વ. ૭

# "જ્ઞાન-વિજ્ઞાનની તેજછાયા"

સં૦ શ્રી કિરણ

## શ્રી નમસ્કાર મહામંત્રનું વિજ્ઞાન

"કલ્યાણ"માં પ્રસિદ્ધ થતી આ લેખમાળાએ "કલ્યાણ"ના વિશાળ વાચક વર્ગમાં આકર્ષણ પ્રાપ્ત કર્યું છે.

આ લેખમાળાના લેખક શ્રી કિરણ જૈનદર્શન પ્રત્યે અનન્ય નિષ્ઠા ધરાવનાર શાંત વિચારક છે. શ્રી નવકાર મંત્ર વિષેનું તેમનું ચિંતન ખુબજ સચોટ તથા શ્રી નવકાર મંત્રના મહિમાને જીવંત કરનારું બન્યું છે.

શ્રી કિરણે શ્રી જૈન સાહિત્યસભા મુંબઇના કાર્યવાહકોની વિનંતિને માન આપી "શ્રી નવકાર મહામંત્રનું વિજ્ઞાન" એ વિષય ઉપર પોતાની આગવી, અનોખી અને આધુનિક રસપ્રદ શૈલીએ ચિંતનશીલ લખાણ તૈયાર કર્યું છે. જે સભા તરફથી થોડા વખતમાં જ પુસ્તક રૂપે પ્રગટ થશે. આ પુસ્તકમાં શ્રી નવકાર મંત્ર વિષેની તાત્ત્વિક છતાં રસભરી, સાત્ત્વિક છતાં હળવી અને ધર્મશ્રદ્ધાભાવિત છતાં વૈજ્ઞાનિક દૃષ્ટિપૂર્વકની વિચારણાઓ રજુ કરી છે.

અહિં આ પુસ્તકમાંથી "પ્રવેશ" અને "પ્રથમપત્ર" પ્રગટ કરીએ છીએ.

### પ્રવેશ

આ વિજ્ઞાન અણુ બોમ્બનું નથી.

અધ્યાત્મ બોમ્બનું છે.

આ વિજ્ઞાનમાં હિંસા નથી.

સર્વ હિતકારિણી સૂક્ષ્મ અહિંસા છે.

આ વિજ્ઞાન ગઇ કાલ past નું, આજ present નું કે આવતી કાલ future નું નથી. આ વિજ્ઞાન શાશ્વત Eternal છે.

અહિં Pure science દ્રવ્યાનુયોગ ભર્યો છે. અણુ અને વિશ્વ Atom & cosmos ના રહસ્યોને ઝાંખા પાડે એવી સૂક્ષ્મ વિચારણાઓ આ વિજ્ઞાનમાં છે. અહિં Higher Mathematics ગણિતાનુયોગ પ્રકાશે છે. અહિંસા અને સ્યાદ્વાદના સમન્વયનું ગણિત પરિપૂર્ણપણે ભરેલું છે. જે શોધશે તેને આ ચાવીઓ formulas અવશ્ય જડશે.

અહિં technology ચરણ-કરણાનુયોગ સાંગોપાંગ દર્શાવાયો છે. શુધ્ધ આત્મ સ્વરૂપના પ્રાગટયની પધ્ધતિઓ process આ વિજ્ઞાનમાં છે.

અહિં History કથાનુયોગ સજીવ બને છે. આ વિજ્ઞાનને અનુસરી મહાપુરુષો "મહાન" બન્યા છે, આજે પણ બની શકે છે, ભાવિમાં પણ બનશે.

આવું શ્રી નમસ્કર મહામંત્રનું વિજ્ઞાન છે. આ સામાન્ય વિજ્ઞાન science નથી, મહા વિજ્ઞાન super science છે. તેથી આ મહામંત્ર શ્રી જૈનશાસનનો પ્રાણ છે.

શ્રી જૈનશાસનનો રાજમાર્ગ મોક્ષની સાધના પૂર્ણપણે દર્શાવે છે. આ શાસનમાં શ્રી નવકાર મહામંત્રનું મહત્વ ઘણું છે. જેઓ આ મહામંત્રને પામ્યા છે તેમને ધન્ય છે, પામવાની જેમની મથામણ છે તેમને પણ ધન્ય છે.

જેમને આ મહાવિજ્ઞાનનો પરિચય નથી તેમને સામાન્ય પરિચય કરાવવાનો અહિં પ્રયત્ન છે.

આ પ્રયત્નમાં જ્યાં સહેજ પણ સફળતા મળે ત્યાં યત્કિંચિત્ યશ પણ મારો નથી.

અહિં વેરવિખેર રીતે જે કંઇ રજુ થયું છે, તે પૂજ્ય શાસ્ત્રકાર મહાપુરુષોના વચનામૃત, અનુભવીઓનો અનુભવપ્રકાશ, આરાધકોની આરાધના વગેરેના આધારે છે. આ કાર્યમાં અભ્યાસ નોંધો, ચર્ચાપ્રસંગો, પત્રવિનિમય અને જિજ્ઞાસુઓની પ્રશ્નપરંપરા સહાયક બન્યા છે.

આ લેખનનાં જ્યાં સદ્‌વિચારનો પ્રકાશ દેખાય તે અન્યને આભારી છે. તે સર્વ પ્રત્યે હું કૃતજ્ઞતાભાવ દર્શાવું છું. જ્યાં જે કંઇ ખામી હોય તે મારી ઉણપ તથા અજ્ઞાનતાને લીધે છે. સિદ્ધાંતથી વિરૂદ્ધ જે કંઈ લખાયું હોય તે માટે હું મિચ્છામિ દુક્કડં દઉં છું.

લેખન તો માત્ર સમજણ આપી શકે, યુક્તિ આપી શકે. આ સમજણ આપણી પોતાની થયા વિના આત્મશુદ્ધિ, આત્મવિકાસ શકય નથી.

કમલને લખાયેલા આ પત્રો એકાદ સહૃદયી વાંચકમાં વિચારનું નવું દ્વાર ઉઘાડે તો ય બસ !

## પ્રથમ પત્ર

પ્રશ્ન એટલે–

સરસ્વતીના રત્નભંડારની ચાવી.

પ્રિય કમલ,

તારો પત્ર મલ્યો છે.

શ્રી નવકાર મહામંત્ર સંબંધી જાણવાની તને જે જિજ્ઞાસા થઇ છે તેથી આનંદ થયો.

તારા પ્રશ્નો સુંદર છે. પરંતુ તેના પ્રત્યુત્તરો હું શું આપું ? તે માટે મારો અધિકાર શું ?

અધિકાર ? હા ! કમલ, શ્રી નમસ્કાર મહામંત્ર માટે કંઇ પણ લખવું એ "અધિકાર" માંગે છે, યોગ્યતા માંગે છે. તે માટે ન મારામાં કંઈ યોગ્યતા છે, ન મારો અધિકાર.

તો પછી હું આ પ્રત્યુત્તર તને શા માટે લખું છું ?

શું તારા આગ્રહને વશ થાઉં છું ? ના ! ના ! હું તારી જિજ્ઞાસાને વશ થાઉં છું.

કમલ ! હું જેને અત્યંત ચાહું છું તેને માટે કોઈ પૂછે, તેનામાં રસ લે કે તેની વાત પણ કોઇ કાઢે ત્યારે મારૂં હૈયું આનંદથી નાચી રહે છે.

મને જે પ્રિય છે, તેની પ્રત્યે ભાવ દર્શાવનાર સર્વ પણ મને પ્રિય છે.

શ્રી પંચ નમસ્કાર મને અત્યંત પ્રિય છે, તારા આગ્રહને વશ થઇને નહિ પણ શ્રી નમસ્કાર માટેના તારા રસને લીધે આ પ્રત્યુત્તર હું લખું છું.

ભલે તારી જિજ્ઞાસા સંતોષવા હું સફળ ન થાઉં, પરંતુ આ પત્રલેખનથી શ્રી નવકાર પ્રત્યે તારી ભક્તિ અંશ માત્ર પણ વધશે તો હું આ પ્રયત્ન સાર્થક ગણીશ.

કમલ ! શ્રી નવકાર માટે હું શું લખું ?

આ નવકાર સંસારમાં શ્રેષ્ઠ વસ્તુ છે. સંસારથી પરની શ્રેષ્ઠ વસ્તુ અપાવનાર છે.

## જિનશાસનનો સાર

जिणसासणस्स सारो
चउदसपुव्वाण जो समुध्धारो।

जस्स मणे नवकारो
संसारो तस्स किं कुणइ ॥

શ્રી જૈનશાસનનો સાર તથા ચૌદ પૂર્વનો સમુદ્ધાર એવો નવકાર જેના મનમાં વસ્યો છે, તેને સંસાર શું કરી શકે!

શા માટે શ્રી નમસ્કાર મહામંત્રને શ્રી જૈન શાસનનો સાર (Digest) કહ્યો?

આવું મહાન શ્રી જૈનશાસન અને જો તેનો સાર શ્રી નવકાર હોય તો પછી નવકારની મહત્તા કેટલી!

કેવા વિશાળ છે ચૌદ પૂર્વ! જ્ઞાન અને વિજ્ઞાનના સર્વ સૂક્ષ્મ વિચાર–બીજો ચૌદ પૂર્વમાં ભર્યા છે. ચૌદ પૂર્વની સૂક્ષ્મતા અને ગંભીરતા માનવ બુદ્ધિની પહોંચથી પરે છે. Knowledge which is geyond grasp of human intelligence. ચૌદ પૂર્વ જાણવા માટે માનવબુદ્ધિ નહિ ચાલે, દિવ્યબુદ્ધિ જોઇશે.

જો શ્રી નવકાર ચૌદ પૂર્વનો સમુધ્ધાર છે તો તેનું મહત્ત્વ કેટલું?

શું નવકાર આટલો ભવ્ય, આટલો ગંભીર, આટલો વિશાળ છે?

અહિં શ્રી શાસ્ત્રકાર મહાપુરૂષ ભારપૂર્વક with complete confidence કહે છે કે જેનાં હૃદયમાં આ પંચ નમસ્કાર વસ્યો તેને સંસાર શું કરી શકે?

શું શ્રી નવકાર સંસારના સર્વ દુઃખોની મહા ઔષધિ છે?

શું શ્રી નવકાર પ્રાચીન રસસિદ્ધોનો સિદ્ધરસ છે?

શું શ્રી નવકાર એવો દિવ્ય પ્રકાશ છે, જે વડે સંસારનો ગાઢ અંધકાર પાર પામી શકાય?

શું છે આ નવકાર?

એનું એવું મહત્ત્વ શું છે?

શાથી છે?

શા માટે છે?

મંત્રશક્તિ શું? અર્વાચીન અશ્રાવ્ય ધ્વનિ વિજ્ઞાન (supersonics avetrasonics) કરતા કેટલું અધિક બળ તેમાં રહેલું છે?

સ્વર શક્તિ એટલે શું? તેની અસરો કેવી છે?

નવકાર શું છે? આ મંત્ર શાથી શ્રી નમસ્કાર મહામંત્ર કહેવાય છે?

જેમને નમસ્કાર કરવામાં આવે છે તે શ્રી પંચપરમેષ્ઠિનું સ્વરૂપ કેવું છે? શ્રી પંચપરમેષ્ઠિને નમસ્કાર કરવાથી લાભ કઇ રીતે થાય?

આગળના પાંચ પદો સાથે પાછલના ચાર પદોનો શું સંબંધ છે? પાછલના ચાર પદો જેને "ચૂલિકા" કહે છે, તેનું મહત્ત્વ શું છે?

શ્રી નવકારને સર્વ મંગલોમાં પ્રથમ મંગલ કેમ કહ્યું?

કર્મક્ષયની સાધનામાં શ્રી નવકાર શી રીતે સહાયક થાય છે?

ગુણ અને ગુણીની અનુમોદનાનું બળ કેટલું છે?

આરાધનાનું મહત્ત્વ શાથી છે!

કમલ! શ્રી નમસ્કાર મહામંત્રને સ્પર્શતા વિચાર વિજ્ઞાનના કેટલાક મુદ્દાઓની આછી રૂપરેખા દોરવાનો આ પત્રોમાં પ્રયત્ન છે.

કદાચ! મારા પત્રો તને ગણિતના પાઠ્ય

પુસ્તક Text Book જેવા લાગશે. ક્યાંક પ્રશ્નો છે, ક્યાંક ઉત્તરો છે. સાધનાના હિસાબની રીત તારે ગણવાની રહેશે.

સ્નેહાધીન
કિરણ.

## પ્રશ્નોત્તરી

(ઉપરનું લેખન જ્યારે મિત્રો સાથે વાંચ્યું ત્યારે થયેલી અંગત ચર્ચા કદાચ કોઈ સહૃદય વાંચકને ઉપયોગી થાય એ આશાએ અહિં રજુ કરી કરી છે.)

પ્ર૦ અણુબોમ્બનું વિજ્ઞાન એટલે શું?

ઉ૦ પદાર્થ વિજ્ઞાન physics અને રસાયણ વિજ્ઞાન chemistry માં વિશેષ સંશોધન થતા અણુમાં રહેલી શક્તિ સંબંધી એક નવું વિજ્ઞાન science, વિજ્ઞાનની એક નવી શાખા રચાઈ છે. જેને અણુ વિજ્ઞાન Nuclear physics કહે છે.

આ અણુવિજ્ઞાનમાંથી અણુબોમ્બ Atom Bomb નો જન્મ થયો છે હાઇડ્રોજન બોમ્બ, કોબોલ્ટ બોમ્બ વગેરે વધુ વિનાશક સાધનો આ શાખા દ્વારા શોધાઈ રહ્યા છે.

અણુવિજ્ઞાનની આછી રૂપરેખા પણ અહિં આપવી અસ્થાને છે. તેની ચર્ચા આપણે ક્યારેક કરીશું.

પ્ર૦ "આ વિજ્ઞાન અણુબોમ્બનું નથી" એમ કહી લેખક શું કહે છે. !

ઉ૦ 'વિજ્ઞાન" શબ્દથી આપણે બધા પરિચિત નથી. વિજ્ઞાન એટલે અર્વાચીન જડવાદી વિજ્ઞાન એવો ભાવ ન આવે માટે આ સ્પષ્ટતા છે.

અણુબોમ્બનું વિજ્ઞાન જડ શક્તિ Material Power નું વિજ્ઞાન છે, જ્યારે શ્રી નમસ્કાર મહામંત્રનું વિજ્ઞાન આધ્યાત્મિક શક્તિ Spiritual power નું વિજ્ઞાન છે.

અણુબોમ્બનું વિજ્ઞાન સંહારક બન્યું છે. જ્યારે આધ્યાત્મિક શક્તિનું વિજ્ઞાન સર્જનાત્મક તથા સંરક્ષક છે.

અણુ બોમ્બનું વિજ્ઞાન સ્થુલ Gross છે. જ્યારે અધ્યાત્મ બોમ્બનું વિજ્ઞાન સૂક્ષ્મ Subtle છે.

પ્ર૦ "અધ્યાત્મ બોમ્બ" એટલે શું?

ઉ૦ જેમ અણુ atom પુદ્ગલના એક કણમાં પ્રચંડ શક્તિ ભરેલી છે, તેમ પ્રત્યેક જીવાત્મામાં—જીવમાત્રમાં અચિંત્ય શક્તિ સ્રોત ભરેલો છે.

જેમ ચોક્કસ પ્રક્રિયા Process દ્વારા અણુની શક્તિને પ્રગટ કરી શકાય છે તેમ ચોક્કસ પ્રક્રિયા દ્વારા આધ્યાત્મિક શક્તિને ફોરવી શકાય છે.

આત્મશક્તિ ફોરવવાનું Sublimation of soul નું એક વ્યવસ્થિત વિજ્ઞાન છે.

જેમ અણુબોમ્બની અસર અન્ય પદાર્થો પર હોય છે, તેમ વ્યક્તિની આત્મશુધ્ધિની અસર તેના પોતાના જીવનમાં તથા અન્ય જીવો, પદાર્થો તથા વાતાવરણ પર પડે છે.

એક અણુ બોમ્બ નજીકમાં રહેલા અમુક વિસ્તાર સુધી અસર કરે છે, ત્યારે આત્મશુધ્ધિવંત એક મહાનુભાવના અસ્તિત્વની અસરનો વિસ્તાર દેશ તથા કાલમાં ઘણો છે.

શ્રી નમસ્કાર મહામંત્રનું વિજ્ઞાન જેઓ જાણે છે તેઓ અધ્યાત્મ શક્તિના પ્રચંડ શક્તિ પુવારા પ્રગટાવે છે.

અણુ-બોમ્બ સંહારક છે. પદાર્થોને તોડે છે, જીવોને હણે છે. શ્રી નમસ્કાર મહામંત્રનો આધ્યાત્મિક બોમ્બ તમારા સર્વ કર્મોને હણી નાખશે, નિર્દયતાથી હણી નાખશે. સર્વ પાપ-કર્મોનો જડમૂળથી નાશ કરશે.

પ્ર૦ અહિં હિંસા-અહિંસાની ચર્ચા શા માટે છે?

ઉ૦ અણુબોમ્બમાં સંશોધન Research ની શરૂઆતથી માંડી અંત સુધી હિંસા રહેલી છે. આધુનિક વિજ્ઞાન હિંસાના પાયા ઉપર ઉભું છે.

શ્રી નમસ્કાર મહામંત્રના વિજ્ઞાનમાં હિંસા ક્યાંય આવતી નથી, અહિંસા છે.

આ અહિંસા માત્ર passive નિષ્ક્રિય નથી. સર્વ હિતકારિણી છે. સમગ્ર Totality ના હિતને સ્પર્શે છે.

આ અહિંસા માત્ર સ્થુલ ક્રિયાઓના બાહ્ય ભેદો પુરતી મર્યાદિત નથી, મન-વચન-કાયાના સૂક્ષ્મ, સૂક્ષ્મતર ભાવોને સ્પર્શે છે.

પ્ર૦ અહિંસાનું આટલું બધું મહત્ત્વ શાથી છે?

ઉ૦ અહિંસાનું નૈતિક Moral તથા ધાર્મિક Religious મહત્ત્વ આપણે સમજ્યા છીએ.

વિચારકો જાણે છે કે અહિંસાનું જબ્બર આધ્યાત્મિક મહત્ત્વ Spiritual significance છે. સૂક્ષ્મ વિચાર દ્વારા જ્યારે આ રહસ્ય અનુભવાય છે ત્યારે સ્પષ્ટ સમજાય છે કે સર્વ શ્રેષ્ઠ વિકાસ, આત્માનું સંપૂર્ણ શુધ્ધિત્વ માત્ર અહિંસાના પાયા ઉપર શક્ય છે.

પ્ર૦ ગઇકાલ, આજ અને આવતી કાલના વિજ્ઞાનો તથા શાશ્વત વિજ્ઞાન વચ્ચે શું તફાવત છે?

આવો તફાવત શાથી છે?

ઉ૦ જે વિજ્ઞાનો Sciences પરિમિત દેશકાલને સ્પર્શે તે કાં તો આજના, ગઇ કાલના કે આવતી કાલના હોય છે.

જે સર્વ દેશ-કાલને સ્પર્શે છે તે શાશ્વત વિજ્ઞાન Eternal Science હોય છે.

શ્રી નમસ્કાર મહામંત્રનું વિજ્ઞાન Eternal શાશ્વત છે. આ મહામંત્ર હતો, છે, અને રહેશે. આ શાશ્વતપણાને લીધે શ્રી નમસ્કાર મહામંત્રની તાકાત અકલ્પનીય છે.

પ્ર૦ "શ્રી નવકાર મંત્રનું વિજ્ઞાન શાશ્વત છે." એટલે શું?

ઉ૦ આ મહામંત્રના શરણથી ભૂતકાળમાં અનેક જીવો શાશ્વત પદને પામ્યા છે, વર્તમાનમાં પામે છે તથા ભાવિમાં પામશે.

સંપૂર્ણ આત્મશુધ્ધિ એ કલ્પના નથી, હકીકત Fact છે.

આત્માને કર્મમલોથી કઇ રીતે મુક્ત કરવો તેનું વ્યવસ્થિત વિજ્ઞાન છે.

અધ્યાત્મ શક્તિને પ્રગટાવવાની આ આખી ય પ્રક્રિયા Process કંઇ તરંગમાત્ર નથી, સંપૂર્ણ પ્રયોગાત્મક છે.

આ પ્રયોગો એવી રીતે દર્શાવાયા છે કે માર્ગે જનારને સિધ્ધિ અવશ્ય સાંપડે.

પ્ર૦ શ્રી નવકાર મંત્રમાં તો માત્ર પંચ પરમેષ્ઠિને નમસ્કાર છે. શ્રી નવકારને કઇ રીતે મંત્ર કહેવાય?

ઉ૦ દેવતાની સ્તુતિ વિશિષ્ટ મંત્રરૂપ છે. પૂજ્ય શ્રી હરિભદ્રસૂરિજી મહારાજ કહે છે કે

जपः सन्मंत्रविषयः,
स चोक्तो देवतास्तवः ।
दृष्टः पापापहारोऽस्मा-
द्विषापहरणं यथा ॥

જેમ તથાપ્રકારના મંત્રોથી વિષાપહાર થાય છે, તેમ દેવતાની સ્તુતિરૂપ સન્મંત્રોથી પાપનો અપહાર થાય છે.

શ્રી નવકારમંત્ર દેવો પણ જેમની સ્તુતિ કરે છે એવા શ્રી પંચપરમેષ્ઠિ ભગવંતની સ્તુતિરૂપ છે. સર્વ ક્ષેત્ર અને સર્વ કાળના સર્વ શ્રેષ્ઠ મહાસત્ત્વોને નમસ્કાર રૂપ હોવાથી શ્રી નવકારમંત્ર મહામંત્ર છે. ( ક્રમશઃ )

*

# મા રી પ્રા પ્તિ

(અંગત ડાયરીના છૂટા પાના)

આજે મને ઘણો મોટો વારસો મળ્યો છે. આ વારસો એક એવી વ્યક્તિનું મૃત્યુ થવાથી મને મળ્યો છે, કે જેના મૃત્યુનો મને લગીરેય ખેદ નથી.

આ વ્યક્તિની આકૃતિ અને નામ બીલકુલ મારા જેવા હતા.

કેટલાય વર્ષો સુધી અનેક રોગોથી પીડાઈને છેવટે આ વ્યક્તિ મૃત્યુ પામી અને તેના મૃત્યુ પામવાથી મને ઘણો મોટો વારસો મળ્યો છે.

આ વારસો કુબેરની સંપત્તિ કરતા ઘણો અધિક છે આવો જબ્બર વારસો આપી જનારના મૃત્યુનો મને સ્હેજ પણ રંજ નથી.

સ્વાર્થ, ભય, ક્રોધ, હિનતા અને સર્વ દૂષણોથી ભરેલી આ વ્યક્તિ અસલમાં હું પોતે જ હતો.

–મારો બહિરાત્મા હતો જે આજે મૃત્યુ પામ્યો છે અને તેના મૃત્યુથી વિશ્વની શ્રેષ્ઠ સમૃધ્ધિનો અક્ષય ભંડાર મને પ્રાપ્ત થયો છે.

*

(સાહિત્યનો નોબલ પુરસ્કાર મેળવનાર સુપ્રસિધ્ધ લેખક શ્રી અર્નેસ્ટ હેમિંગ્વેના શબ્દોમાં........)

ત્યારે મારી ઉંમર શું હતી તે મને બરાબર યાદ નથી પણ ત્યારે હું સ્કુલમાં ભણતો હતો.

એક વાર સ્કુલમાં વાર્તા લેખનની હરિફાઇ થઇ. વાર્તા લખવા માટે એક મહિનાનો સમય આપવામાં આવ્યો. પૂરો એક મહિનો ! અને ઇનામ રૂપે સર્વ પ્રથમ આવનારને સુવર્ણ પ્યાલો Golden cup આપવાનો હતો.

મારી સ્કુલમા હું સર્વથી હોંશિયાર વિદ્યાર્થી ગણાતો. સર્વને એવો વિશ્વાસ હતો કે ઇનામ તો મને મળશે.

હું પોતે પણ જાણતો હતો કે ઇનામ મારા સિવાય કોઇને નહિ મળે.

પરંતુ વાર્તાલેખનનું કાર્ય બે દિવસમાં થઇ શકે તેને માટે એક મહિનાનો સમય ગાળવો મને તો સાવ મૂર્ખતા લાગી અને એટલે સ્વાભાવિકપણે જ્યારે છેલ્લા બે દિવસ બાકી રહ્યા એટલે મેં વાર્તા જેમ તેમ લખી નાખી અને આપી દીધી.

હરિફાઈનું પરિણામ જ્યારે જાહેર થયું ત્યારે મારો ઉલ્લાસ ઓસરી ગયો, મારી આશાઓ તૂટી ગઇ, ઇનામ એક અન્ય વિદ્યાર્થીને મળ્યું હતું.

નિરાશ થઈને ભાંગેલા હૈયે હું ઘેરે આવ્યો અને મારા ઓરડામાં પેસી ગયો. શરમને લીધે હું મોઢું પણ કોને બતાવું !

મારો આઘાત મારી મોટી બહેન પામી ગઈ. મારી પાછલ મારા ઓરડામાં આવી અને સહજ સ્વાભાવિક સ્વરમાં તે બોલી.

"તને ઈનામ ન મળ્યું એટલું જ ને?"

હું ધ્રુસકે ધ્રુસકે રડી પડયો.

મારી નજીક આવીને મોટી બહેન બોલી.

"હું તો પહેલાથી જાણતી હતી મહિના-ભરનું કામ તું બે દિવસમાં પતાવે પછી શું થાય! પછી દોડાદોડ કરીને ધાંધલમાં કામ પુરું કરવાની તો તારી કુટેવ છે જ.

હવે રડે શું વળે? તારા આ પરાજયનું જો સાચે જ તને દુઃખ લાગતું હોય તો તું આજે તારા ઉત્કર્ષનું પહેલું પગથિયું માની લે અને આવી ભૂલ જીવનમાં ફરીથી કયારેય ન કરીશ"

મોટી બહેનના આ શબ્દો આજેય મારા આદર્શ રૂપ બની રહ્યા છે.

(શ્રી અર્નેસ્ટ હેમિંગ્વે)

હું જયારે શ્રી હેમિંગ્વેના આ પ્રસંગ પર વિચાર કરું છું, ત્યારે જીવનવિકાસના કેટલાક મહત્ત્વના સત્યો પર પ્રકાશ પડે છે.

કેટલાય સત્કાર્યો આપણે મુલતવી રાખીએ છીએ. આજે જે થઈ શકે એવું છે તે ન કરતા "હજી ઘણો સમય છે, કયારેક કરીશું" એમ આપણે કહીએ છીએ.



વાર્તાલેખનની હરિફાઈ માટે એક મહિનો મળ્યો હતો. સિધ્ધિગતિની પ્રાપ્તિ માટે આપણને આ જીવન મળ્યું છે.

વાર્તાલેખનની હરિફાઇમાં પ્રથમ આવનારને સુવર્ણનો કપ મળવાનો હતો, આત્મ-શુધ્ધિના પૂર્ણ પ્રયત્ન કરનાર પ્રત્યેકને સિધ્ધિ-ગતિનું અનંત સુખ મળવાનું છે.

"ધર્મ કરવા માટે તો સમય ઘણો છે, જીવનના પાછલા વર્ષોમાં ધર્મ કરીશું" આમ કહીને આપણે ધર્મની ઉપેક્ષા કરીએ છીએ.

શ્રી અર્નેસ્ટ હેમિંગ્વેના આ પ્રસંગમાંથી આપણે ઘણું શીખી શકીએ.

જેને જીવનની સુંદર રચના કરવી છે તે વ્યક્તિ દરેક પાત્ર, પદાર્થ અને પ્રસંગમાંથી બોધપાઠ ગ્રહણ કરશે.

शास्त्रीय अने कलात्मक दृष्टिओ तैयार थाय छे

सुपनां

चांदी तथा जरमन पतराथी के सीलवर ओइलपेइन्टथी तैयार करी आपवामां आवे छे. चांदीना रथ तथा इन्द्रध्वजा वगेरे बनावनार

मीस्त्री

वृजलाल रामनाथ

पालीताणा (सौराष्ट्र)

## ★ કહેવા જેવું ★

'સમાચાર સાર' માં સમાચારો ખુબ જ ટૂંકમાં લેવાય છે. બહુજ લાંબા સમાચારો મોકલવાથી અમને મુશ્કેલી રહે છે. માટે જેમ બને તેમ ટૂંકમાં જ સમાચારો મોકલવા નમ્ર વિનંતિ છે.

જેઓના લવાજમ પુરાં થાય છે તેઓને પત્રથી ખબર આપવામાં આવે છે, છતાં હા' કે ના' નો જવાબ આવતો નથી ત્યારે અમે છેવટે વી. પી. કરીએ છીએ. કેટલાક ગ્રાહક બંધુઓ તે વી. પી. ને પાછાં પરત કરે છે તેથી અમારા સમયનો અને પોસ્ટેજનો નાહક ખર્ચ થાય છે.

'કલ્યાણ' ની ફાઈલો હવે જુજ છે તો જેઓને જરૂર હોય તેઓએ વહેલાસર મંગાવી લેવી. ફાઈલ બાઈન્ડીંગ કરેલી છે. મૂલ્ય ૫-૫૦ પોસ્ટેજ અલગ.

ગ્રાહક નંબર મનીઓર્ડર કે પત્રવ્યવહાર કરતી વખતે અવશ્ય લખવો.

દશ નવા ગ્રાહકો બનાવી આપનારને એક વર્ષ 'કલ્યાણ ફ્રી મોકલીશું'.

ટાઈટલ પેજ પર છાપવા માટે ફોટાઓ તેમ જ બ્લોકો સારા હોય તે જ મોકલવા મહેરબાની કરશો.

લેખો સારા અક્ષરે કાગળની એક જ બાજુએ લખીને મોકલવા. 'લેખ કેમ લેવાયો નથી' તેનું કારણ અપાતું નથી. લેખો પરત થતા નથી.

જવાબ માટે રીપ્લાઇ કાર્ડ લખવું જરૂરી છે.

રૂા. ૨૦૧, શેઠ શ્રી કલ્યાણભાઈ છગનલાલ મુંબઇ પૂ૦ પંન્યાસજી કનકવિજયજી ગણિવરના શિષ્યરત્ન મુનિરાજશ્રી પૂર્ણભદ્રવિજયજી મહારાજની શુભપ્રેરણાથી.

★



**શ્રી ઉષાબેન પન્નાલાલ શાહ**

**સુરેન્દ્રનગર ઉંમર વર્ષ ૭**

ગુજરાતી બીજી ચોપડી. ધાર્મિક અભ્યાસ બે પ્રતિક્રમણ પૂર્ણ, સ્નાતસ્યા ચાલુ. અનુષ્ઠાન દરરોજ પ્રતિક્રમણ, પૂજા, સામાયિક, ગુરુવંદનાદિ ક્રિયા કરે છે, નવકારશી, માબાપને પગે લાગે છે, સભામાં લઘુશાંતિ-વંદિત્તુ વગેરે સૂત્રો જરાપણ અચકાયા વિના બોલે છે. કંઠ મધુર છે.

સુરેન્દ્રનગરના શેઠ અમીચંદ ઝીણાભાઇ વાસણવાળાના ચિ૦ હિંમતલાલ અમીચંદની સુપુત્રી શ્રી સરસ્વતી બેનના તે સુપુત્રી છે.

★

## બહાર પડેલાં નવાં પ્રકાશનો

**સ્વાધ્યાય સુધા સંદોહ**
પંચસંગ્રહ ભા. ૧-૨
તથા ઉપદેશમાળા મૂળ
મૂલ્ય
૦-૧૨-૦

**બાર પર્વની કથા**
જ્ઞાનપંચમી, દીવાળી તથા
મૌન એકાદશી
હોળી વગેરે બાર કથાઓ
મૂલ્ય
૨-૦-૦

**ઉંચો ગઢ ગિરનાર**
ભા. ૧-૨
લેખક:
શ્રી મોહનલાલ ચુ. ધામી
મૂલ્ય
૧૨-૮-૦

**શત્રુંજય માહાત્મ્ય**
પૂ. આ. શ્રી ધનેશ્વરસૂરિ
મહારાજ વિરચિત
સંસ્કૃતનું ગુજરાતી
ભાષાંતર
૧૦-૦-૦

**પરમેષ્ઠિ નમસ્કાર**
લેખક
પંન્યાસજી ભદ્રંકરવિજયજી મ.
મહારાજ
પડતર કિંમતે
૧-૪-૦

**સાધનાની પગદંડીએ**
લેખક
શ્રી વજ્રપાણિ
પડતરથી અડધી કિંમતે
પોષ્ટેજ સહિત
૦-૧૧-૦

**કથા રત્ન મંજુષા**
સંપાદક:
મુનિરાજશ્રી મહિમાવિજયજી
મહારાજ
રસપ્રદ કથાઓ
૩-૦-૦

**ભારતનાં પ્રસિદ્ધ તીર્થો**
લે૦ પંન્યાસજી કનકવિજયજી મ.
હિંદુસ્થાનમાં આવેલા
જૈન તીર્થોનો સળંગ
ઇતિહાસ
મૂલ્ય : ૧-૮-૦

**જીવનની દિશા**
લેખક:
મુનિરાજશ્રી મુક્તિવિજયજી મ.
જીવનને ઉપયોગી મળતું
માર્ગદર્શન
૧-૮-૦

**વેરના વમળમાં**
સંવાદો, પાર્શ્વનાથચરિત્ર
મંત્રો વગેરેનો સંગ્રહ
આજે જ મંગાવો
મૂલ્ય
૨-૦-૦

**મલયા સુંદરી**
આ એક રસપ્રદ કથા છે.
નવી આવૃત્તિ બહાર
પડી ચૂકી છે.
મૂલ્ય
૪-૦-૦

**સૂચિપત્ર**
વિશેષ પુસ્તકો માટે
અમારૂં સૂચિપત્ર
મંગાવો!
વ્યાજબી ભાવે દરેક
પુસ્તકો મોકલીશું.

**સોમચંદ ડી. શાહ** જીવનનિવાસ સામે **પાલીતાણા** (સૌરાષ્ટ્ર)



:: મુદ્રક : કાંતિલાલ ડી. શાહ :: કલ્યાણ પ્રીન્ટીંગ પ્રેસ :: પાલીતાણા (સૌરાષ્ટ્ર)
:: પ્રકાશક :: કલ્યાણ પ્રકાશન મંદિર—પાલીતાણા. ::